અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

15 DECEMBER-2025 MONDAY | Vol. : 17 | Issue : 164 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  સીરિયામાં અમેરિકી સૈનિકો પર ISISનો હુમલો : 3નાં મોત

4  સ્વાર્થ વગર તો ઈશ્વર સાથે પણ કોઈ સંબંધ નથી રાખતું, એકવીસ રૂપિયાના પ્રસાદમાં આખી દુનિયાની લાલચ રાખે છે....

6  એ મૌન ભરોસાએ બધું બદલી નાંખ્યું : સારા અર્જૂને મુકેશ છાબરાનો આભાર માન્યો

7 

SBIએ FDના વ્યાજ દરમાં ઘટાડો કર્યો : 'અમૃત વૃષ્ટિ' સ્કીમમાં હવે 6.45% વ્યાજ મળશે, અહીં જુઓ નવા વ્યાજદર

### ભારતીય જનતા પાર્ટીએ નવા રાષ્ટ્રીય અધ્યક્ષની જાહેરાત કરી

# નીતિન નવીન ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ તરીકે નિયુક્ત

## જેપી નડ્ડા બાદ તેઓ પાર્ટીની જવાબદારીઓ સંભાળશે : પૂર્વ ધારાસભ્ય નવીન કિશોર પ્રસાદ સિંહાના પુત્ર છે નીતિન નવીન : પીએમ મોદીએ અભિનંદન પાઠવ્યા

**નવી દિલ્હી, તા.14**

ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના રાષ્ટ્રીય મહાસચિવે બિહારના મંત્રી નીતિન નવીન સિંહાને ભાજપના કાર્યકારી પ્રમુખ તરીકે નિયુક્તની સૂચના જાહેર કરી છે. ભારતીય જનતા પાર્ટીએ તેના નવા રાષ્ટ્રીય અધ્યક્ષની જાહેરાત કરી છે. બિહાર સરકારના મંત્રી નીતિન નવીનને પાર્ટીના નવા કાર્યકારી પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જેપી નડ્ડાના બાદ તેઓ હવે પાર્ટીની જવાબદારીઓ સંભાળશે.

ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ દ્વારા જારી કરાયેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે, 'ભારતીય જનતા પાર્ટીના સંસદીય બોર્ડે બિહાર સરકારના મંત્રી નીતિન નવીનને ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા છે. ઉપરોક્ત નિમણૂક તાત્કાલિક અમલમાં આવશે.'



સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે બિહારના કેબિનેટ મંત્રી નીતિન નવીનને ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત થવા બદલ અભિનંદન પાઠવ્યા. ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં તેમણે કહ્યું, 'બિહારના યુવા અને ઉર્જાવાન નેતા નીતિન નવીનને ભાજપના કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત થવા બદલ હાર્દિક અભિનંદન. તે મહેનતુ અને મહાન કલ્પનાશીલ વ્યક્તિ છે.

તેમણે કહ્યું, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રેરણાદાયી નેતૃત્વ હેઠળ, તેઓ ચોક્કસપણે ભાજપને સફળતાની નવી ઊંચાઈઓ પર લઈ જવામાં સફળ થશે. હું તેમને સફળ કાર્યકાળ માટે શુભકામનાઓ પાઠવું છું.'

બિહાર ભાજપ પ્રદેશ પ્રમુખ દિલીપ જયસ્વાલે બિહારના માર્ગ બાંધકામ મંત્રી નીતિન નવીનને ભાજપના કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્તિ બદલ અભિનંદન પાઠવ્યા. તેમણે કહ્યું, 'આજે ભારતીય જનતા પાર્ટી માટે ઐતિહાસિક દિવસ છે કે બિહારના કોઈ વ્યક્તિને રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ આપણા અને બધા બિહાર માટે આનંદની વાત છે, અને સમગ્ર બિહાર રાજ્ય અને બિહાર ભાજપ વતી, હું તેમને ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્તિ બદલ અભિનંદન આપું છું.'

તેમણે વધુમાં કહ્યું, 'આજે બિહાર તરફથી આટલી મોટી સંપત્તિ પ્રાપ્ત કરવા બદલ હું ભારતીય જનતા પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વને પણ અભિનંદન આપું છું.' બિહાર સરકારમાં પીડબ્લ્યુડી મંત્રી, નીતિન નવીન, કાયસ્થ સમુદાયમાંથી આવે છે. આ વખતે, તેઓ બિહારના બાંકીપુર મતવિસ્તારમાંથી પાંચમી વખત ધારાસભ્ય બન્યા છે. તેમણે ૨૦૦૬ માં પેટાચૂંટણી લડી અને જીતી. તેમના પિતાના મૃત્યુ પછી, તેમણે રાજકીય વારસો સંભાળ્યો છે. ત્યારબાદ તેઓ ૨૦૧૦, ૨૦૧૫ અને ૨૦૨૦ માં જીત્યા છે, અને હવે ફરીથી ૨૦૨૫ માં. ૯ ફેબ્રુઆરી, ૨૦૨૧ ના રોજ નીતિશ કુમાર સરકારના મંત્રીમંડળ વિસ્તરણ દરમિયાન તેમને પ્રથમ વખત માર્ગ બાંધકામ મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનિય છે કે, હાર સરકારના મંત્રી નીતિન નવીનને ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. રાષ્ટ્રીય મહાસચિવ અરુણ સિંહે રવિવારે ભાજપ સંસદીય બોર્ડના આ નિર્ણયની જાહેરાત કરી. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પછી, પાર્ટી પ્રમુખ જે.પી. નડ્ડાને આરોગ્ય મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ત્યારથી, નવા રાષ્ટ્રીય અધ્યક્ષની શોધ ચાલી રહી હતી. નડ્ડાને ૨૦૨૦ માં પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેનો તેમનો કાર્યકાળ જૂન ૨૦૨૪ માં સમાપ્ત થયો હતો. ત્યારથી તેઓ એક્શટેંશન પર હતા

પીએમ મોદીએ પણ નીતિન નવીનને અભિનંદન પાઠવ્યા. તેમણે એક પોસ્ટમાં લખ્યું, 'નીતિન નવીન એક મહેનતુ કાર્યકર છે. તેઓ સમૃદ્ધ સંગઠનાત્મક અનુભવ ધરાવતા એક યુવાન અને મહેનતુ નેતા છે. તેમણે બિહારમાં અનેક ટર્મ સુધી ધારાસભ્ય અને મંત્રી તરીકે અસરકારક રીતે સેવા આપી છે. ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ બનવા બદલ તેમને હાર્દિક અભિનંદન.'

## ભાગવતે કહ્યું-આપણે જ્યાં રહીએ તે હિન્દુ ઘર જેવું દેખાય : દિવાલો પર વિવેકાનંદની તસવીર હોય કે માઈકલ જેક્સનની, તે નક્કી કરવું પડશે....

**નવી દિલ્હી, તા.14**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના પ્રમુખ મોહન ભાગવતે શનિવારે જણાવ્યું હતું કે હિન્દુઓએ એકજૂટ થઈને દેશને આગળ લઈ જવો પડશે. આ માટે તેવું જ આચરણ કરવું પડશે. આપણે જ્યાં રહીએ છીએ તે હિન્દુ ઘરની જેમ સજાવેલું હોવું જોઈએ. આપણે એ નક્કી કરવું પડશે કે ઘરની દીવાલો પર સ્વામી વિવેકાનંદની તસવીર હોય કે માઈકલ જેક્સનની.

ભાગવતે આ વાતો અંદમાનના શ્રીવિજયપુરમમાં આવેલા નેતાજી સ્ટેડિયમમાં વિરાટ હિન્દુ સંમેલન સમિતિ દ્વારા આયોજિત એક જનસભાને સંબોધન કરતા કહી હતી. તેમણે કહ્યું કે હિન્દુ એકતા માટે એકરૂપતાને જરૂરી માનતા નથી. બાકીની દુનિયા આનાથી વિપરીત વિચારે છે.

જો હિન્દુઓ જાગશે તો દુનિયા જાગશે. દુનિયા માને છે કે ભારત જ રસ્તો બતાવશે. સમસ્યાઓ પર સમય બગાડવાને બદલે આપણે ઉકેલો શોધવા જોઈએ. કોઈપણ કાર્ય પૂર્ણ કરવા માટે શક્તિની જરૂર હોય છે અને શક્તિ ફક્ત એકતાથી જ આવે છે.

દુનિયા સત્યને નહીં, શક્તિને જુએ છે. જેની પાસે શક્તિ છે તેની જ વાત માનવામાં આવે છે. એક મજબૂત સમાજ બનાવવા અને રાષ્ટ્રીય લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે એકતા આવશ્યક છે. આ સાથે જ ભાગવતે ટકરાવથી બચવાની પણ



સલાહ આપી.

ભગવાન કૃષ્ણ અને જંગલમાં રહેતા એક રાક્ષસ વિશે મહાભારતની એક વાર્તા સંભળાવતા કહ્યું કે અર્જુન અને સાત્યકિએ રાક્ષસ સાથે લડવાનો પ્રયાસ કર્યો, પરંતુ દરેક પ્રહારથી તે વધુ મોટો થતો ગયો. કૃષ્ણએ હસ્તક્ષેપ કર્યો, ટકરાવથી બચાવ્યા અને લડાઈ વિના તેને વશ કરવા માટે સમજદારીનો ઉપયોગ કર્યો. બોધપાઠ એ છે કે દરેક સમસ્યા માટે બળની જરૂર હોતી નથી. ઉકેલ પરિસ્થિતિને સમજવા પર આધાર રાખે છે.

આપણે પરિવાર સાથે ફરવા જઈએ છીએ. હું કહેવા માંગુ છું કે તમે પેરિસ, સિંગાપોર જાઓ. દુનિયા ફરવામાં કોઈ વાંધો નથી, પરંતુ ક્યારેક શ્રી વિજયપુરમ પણ જાઓ, ત્યાં સેલ્યુલર જેલ જુઓ. લોકોએ અહીં જેલમાં પોતાનું જીવન વિતાવ્યું છે. તેઓ ઝૂક્યા નહીં, તેઓ તૂટ્યા નહીં. તેમણે આઝાદ ભારત જોયું.

ભાગવતનો ત્રણ દિવસનો અંદમાન પ્રવાસ પૂર્ણ આરએસએસ સરસંઘચાલક તરીકે ભાગવતનો કેન્દ્રશાસિત પ્રદેશનો આ પહેલો પ્રવાસ હતો. લગભગ બે દાયકા પહેલાં, તેઓ સંગઠનના સરકાર્યવાહ (મહામંત્રી) તરીકે ટાપુની મુલાકાત લઈ ચૂક્યા હતા. તેઓ ત્રણ દિવસ માટે અહીં પહોંચ્યા હતા. આ પ્રવાસ 11-13 ડિસેમ્બર સુધીનો હતો.

12 ડિસેમ્બરઃ ભાગવત બોલ્યા-ભારત માટે જીવવાનો સમય, મરવાનો નહીં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) પ્રમુખ મોહન ભાગવતે શુક્રવારે કહ્યું કે દેશે દરેક વસ્તુથી ઉપર રાખવો જોઈએ. આ ભારત માટે જીવવાનો સમય છે, મરવાનો નહીં. આપણા દેશમાં આપણા પોતાના દેશની જ ભક્તિ હોવી જોઈએ. અહીં 'તમારા ટુકડા-ટુકડા થશે' જેવી ભાષા ચાલશે નહીં.

ભાગવત, અંદમાનમાં દામોદર સાવરકરના ગીત 'સાગર પ્રાણ તલમાલા'ની 115મી વર્ષગાંઠના અવસરે આયોજિત સમારોહમાં પહોંચ્યા હતા. 11 ડિસેમ્બરઃ આંદામાન પહોંચ્યા, RSS પદાધિકારીઓ સાથે બેઠક કરી મોહન ભાગવત 11 ડિસેમ્બરના રોજ આંદામાન પહોંચ્યા હતા. અહીં તેમણે સ્થાનિક આરએસએસ પદાધિકારીઓ સાથે મુલાકાત કરી. ભાગવતે આંદામાનના શ્રી વિજય પુરમમાં બેઠક કરી. કેન્દ્ર સરકારે 13 સપ્ટેમ્બર 2024 ના રોજ આંદામાનની રાજધાની પોર્ટ બ્લેયરનું નામ બદલીને શ્રી વિજય પુરમ રાખ્યું હતું.

# ઓસ્ટ્રેલિયામાં તહેવાર મનાવી રહેલા યહૂદીઓ પર આતંકી હુમલો:12નાં મોત

### ઇંગ્લેન્ડના પૂર્વ ક્રિકેટર માઈકલ વોને રેસ્ટોરન્ટમાં છુપાઈને પોતાનો જીવ બચાવ્યો

**સિડની, તા.14**

ઓસ્ટ્રેલિયાના બોન્ડી બીચ પર રવિવાર બપોરે હનક્કાહ તહેવાર મનાવી રહેલા યહૂદીઓ પર બે હુમલાખોરોએ ફાયરિંગ કર્યું. આમાં 11 લોકોનાં મોત થયાં. વળી, 29 લોકો ઘાયલ થયા છે.

પોલીસે પરિસ્થિતિ પર કાબૂ મેળવવા માટે બંને હુમલાખોરોને ગોળી મારી. અધિકારીઓના જણાવ્યા મુજબ, એક હુમલાખોરનું મોત થયું છે, જ્યારે બીજો ગંભીર હાલતમાં છે. ટોટલ મોતનો આંકડો 12 છે.

ઈંગ્લેન્ડના પૂર્વ ક્રિકેટર માઈકલ વોન આ હુમલામાં માંડ-માંડ બચ્યા છે. તેમણે રેસ્ટોરન્ટમાં છુપાઈને પોતાનો જીવ બચાવ્યો. તેમણે આ અંગે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી છે. આતંકી હુમલામાં સામેલ હોવાના આરોપમાં જે લોકોની ધરપકડ કરવામાં આવી છે, તેમાંથી એકની ઓળખ નવીદ અકરમ



તરીકે થઈ છે. નવીદ અકરમની ઉંમર 24 વર્ષ છે અને તે વેસ્ટર્ન સિડનીમાં રાજમિસ્ત્રીનું કામ કરતો હતો. તાજેતરમાં તેની નોકરી છીનવાઈ ગઈ હતી.

પોલીસના જણાવ્યા મુજબ, ગોળીબાર દરમિયાન નવીદ અકરમને બીજા હુમલાખોર સાથે અટકાયતમાં લેવામાં આવ્યો. આ હુમલામાં એક હુમલાખોરનું મૃત્યુ થઈ ચૂક્યું છે, પરંતુ હજુ એ સ્પષ્ટ નથી કે માર્યો ગયેલો વ્યક્તિ નવીદ અકરમ જ છે કે બીજો આરોપી. બોન્ડી બીચ પર ગોળીબારમાં એક હુમલાખોરને નિઃશસ્ત્ર કરનાર વ્યક્તિની ઓળખ અહમદ અલ અહમદ તરીકે થઈ છે. બે બાળકોના પિતા અહમદને તેમની બહાદુરી માટે હીરો ગણાવવામાં આવી રહ્યા છે. તેમણે એક બંદૂકધારી પર અચાનક ઝાપટ મારી અને તેના હાથમાંથી રાઈફલ છીનવી લીધી.

# 'શાહના હાથ ધ્રૂજે છે, મોદીજીનો આત્મવિશ્વાસ ખતમ' : રાહુલ ગાંધી

### 'વોટ ચોર ગદ્દી છોડ' રેલીમાં કોંગ્રેસનેતાની ગર્જના, દીકરાનું ઓપરેશન છતાં ખડગે રેલીમાં પહોંચ્યા, કહ્યું- ગદ્દારોને હટાવો

**નવી દિલ્હી, તા.14**

દિલ્હીના રામલીલા મેદાનમાં રવિવારે કોંગ્રેસે 'વોટ ચોર ગદ્દી છોડ' રેલી કાઢી. રાહુલ ગાંધીએ કહ્યું- પીએમ મોદીનો આત્મવિશ્વાસ ખતમ થઈ ગયો છે. અમિત શાહના હાથ ધ્રુજે છે. તેઓ જાણે છે કે તેમની ચોરી પકડાઈ ગઈ છે.

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું- આ લોકોએ (કેન્દ્ર સરકારે) અમારું વંદેમાતરમ્ પણ ચોર્યું છે. આ લોકો નેહરુ-પટેલ વચ્ચે તિરાડ પાડે છે. ગાંધી-નેહરુ આંબેડકર પર નિશાન સાધે છે. આ ગદ્દારોને તમારે હટાવવા પડશે.

તો બીજી તરફ પાર્ટીના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ કહ્યું- આજે ન્યાયાલય પર દબાણ છે. બધી મીડિયા અંબાણી-અદાણીની છે. કોંગ્રેસના નેતાઓને જાતજાતના આરોપો લગાવીને જેલમાં બંધ કરવામાં આવ્યા. જે તેમની પાર્ટીમાં સામેલ થઈ ગયા, તેને તેમની વોશિંગ મશીને સાફ



કરી દીધા.

ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર, સુખબીર સિંહ, વિવેક જોશી ભાજપ સાથે મળીને કામ કરી રહ્યા છે. પીએમએ તેમના માટે કાયદો બદલ્યો છે. અમે આ કાયદો બદલીશું અને આ લોકો વિરુદ્ધ કાર્યવાહી કરીશું. આ લોકોએ ભૂલવું ન જોઈએ કે તેઓ હિન્દુસ્તાનના ચૂંટણી કમિશનર છે, ભાજપના નહીં.

મોહન ભાગવતે કહ્યું કે વિશ્વ સત્યને નહીં પણ શક્તિને જુએ છે. આ આરએસએસની વિચારધારા છે. મોહન ભાગવત કહે છે કે સત્યનો કોઈ અર્થ નથી, ફક્ત સત્તા જ જરૂરી છે. દેશમાં સત્ય અને અસત્યની લડાઈ ચાલી રહી છે. ગાંધી કહેતા હતા કે સત્ય સૌથી જરૂરી છે. આપણા ધર્મમાં સત્યને સૌથી જરૂરી માનવામાં આવે છે.

કોંગ્રેસના ડીએનએમાં સત્ય છે, તેમના ડીએનએમાં અસત્ય અને મત ચોરી છે. મત ચોરી આંબેડકરના બંધારણ પર હુમલો છે. આ લોકો મત ચોરી કરીને સરકાર ચલાવે છે. નોટબંધી અને જીએસટીથી નાના વેપારીઓને માર્યા છે. આ બધું એટલા માટે થઈ રહ્યું છે, કારણ કે મત ચોરી થઈ રહી છે. જો આ લોકો મત ચોરી ન કરતા હોત તો 5 મિનિટમાં સરકારમાંથી બહાર થઈ જાત.

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે મારા દીકરાનું આઠ કલાકનું ઓપરેશન થવાનું હતું. મને ઘરેથી પણ ફોન આવ્યો કે તમારે આવવું જોઈએ. પરંતુ જ્યારે દેશ માટે જવાનો મરી રહ્યા છે, ઈન્દિરા-રાજીવે બલિદાન આપ્યું, સોનિયાએ બધું જ ત્યાગી દીધું. હું મારા દીકરા માટે આ લડાઈ છોડીને જઈ શકતો નથી. દીકરાને કંઈ પણ થાય તો કોઈ વાંધો નહીં, પણ દેશના લોકોને કંઈ ન થવું જોઈએ. આપણે પાછળ હટવાનું નથી, પાછળ હટી જઈશું તો મરી જઈશું.

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, આજે પીએમ મોદી મોટા-મોટા રાષ્ટ્રપતિઓ સાથે હાથમાં હાથ નાખીને ફોટા પડાવે છે, પરંતુ જનતા સાથે ઊભા રહેતા નથી. તેઓ તમને પૂછી શકતા નથી કે તમારા દુઃખ શું છે. સંસદમાં તેમનો આત્મવિશ્વાસ ઘટી જાય છે. આંખમાં આંખ મિલાવી શકતા નથી. જનતાનો વિશ્વાસ મોદી શાહ પરથી હટી ગયો છે. આજે તેમને ચૂંટણી પંચની જરૂર છે, તેના વિના તેઓ જીતી શકતા નથી. પીએમ ઓફિસના અધિકારીઓ બેટિંગ એપ ચલાવી રહ્યા હતા, તેની ચર્ચા કેમ થતી નથી. જેટલા વર્ષોમાં અમે બનાવ્યું, તેમણે બધું વેરવિખેર કરી દીધું.



# 'માતાએ કહ્યું મરી જા, એટલે મરવા આવી છું' : સુરતમાં માતાની વાતનું માઠું લગાવી સગીરા 15માં માળે ચડી ગઈ, 1 કલાક જિંદગી-મોતના જંગ બાદ સફળ રેસ્ક્યૂ.....

**સુરત, તા.14**

હાઈરાઈઝ બિલ્ડિંગનું પેન્ટહાઉસ, 17 વર્ષની જીદ્દી કિશોરી અને નીચે ફેલાયેલી ફાયરની જાળ... શનિવારે સવારે સુરતનો અલથાણ વિસ્તાર જાણે કોઈ રોમાંચક ફિલ્મના ક્લાઈમેક્સમાં ફેરવાઈ ગયો હતો. સ્વિમ પેલેસ બિલ્ડિંગની 15મા માળની પાળી પર ઊભેલી કિશોરી જ્યારે 'હું કૂદી જઈશ, હું હમણાં જ કૂદી જઈશ'ની રડી રડીને ચીસો પાડતી હતી, ત્યારે નીચે ઉભેલા સેંકડો લોકોના જીવ તાળવે ચોંટ્યા હતા. આ કોઈ શૂટિંગ નહોતું, પણ હકીકતમાં મોત સામેની લડાઈ હતી.



મૂળ અયોધ્યાની અને અહીં ડોક્ટરના ઘરે ઘરકામ કરતી આ કિશોરીને તેની સગી જનેતાએ ફોન પર તતડાવી હતી. ઝઘડામાં માતાના મોઢેથી નીકળેલા વેણ 'તું મરી જા તો સારું'ની વાતથી દીકરીને માઠું લાગ્યું હતું. માતાના કઠોર શબ્દોને સાચા સાબિત કરવા 17 વર્ષની છોકરી બિલ્ડિંગની છત પર પહોંચી ગઈ હતી.

જ્યારે કિશોરી પાળી પર ઉભી હતી, ત્યારે તેને પાછી વાળવા માટે બિલ્ડીંગના વડીલો હાથ જોડીને તેને વિનંતી કરતા રહ્યા હતા. એક દાદાએ લાડ લડાવતા કહ્યું, 'બેટા, તું તો રોજ આરતી કરે છે, તું મારી ડાહી દીકરી છે, એકવાર મારા પર ભરોસો રાખીને નીચે આવી જા.' તો બીજી તરફ, તેના મકાનમાલિકે તેને તેને પરત વાળવા કહ્યું, 'જો તું નીચે આવીશ તો તારા લગ્નની બધી જવાબદારી અમારી, અમે તારા ધામધૂમથી લગ્ન કરાવીશું, પણ પ્લીઝ આવું ન કર.'

વેસુ ફાયર સ્ટેશનની ટીમ જ્યારે હાઈડ્રોલિક લિફ્ટ લઈને પહોંચી ત્યારે કિશોરી વધુ ઉશ્કેરાઈ હતી. તે સતત કહેતી હતી કે, જો કોઈ નજીક આવશે તો તે કૂદી જશે. ફાયર ઓફિસર કીર્તિ મોડ અને તેમની ટીમે સમયસૂચકતા વાપરી એક તરફ વાતોમાં તેને ઉલઝાવી રાખી અને બીજી તરફ હાઈડ્રોલિકના ઓપરેટરે તરાપ મારીને કિશોરીને પાછળથી પકડી લીધી.

સવારે 9થી 10 વાગ્યા સુધી ચાલેલા આ જંગમાં ફાયર બ્રિગેડના જવાનોએ નેટ, હાઈડ્રોલિક મશીન અને જમ્પિંગ ક્રૂઝર તો હતા જ, પણ જેણે જીવ બચાવ્યો તે હતી લોકોની ધીરજ. 17 વર્ષની આ કિશોરીને સુરક્ષિત નીચે ઉતાર્યા બાદ તેને આશ્વાસન આપવામાં આવ્યું હતું.

ફાયર વિભાગના અધિકારી કીર્તિ મોઢે જણાવ્યું હતું કે, અમને કોલ મળતા જ અમે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા. વેસુ ફાયર સ્ટેશનથી હાઈડ્રોલિક પ્લેટફોર્મ મંગાવવામાં આવ્યું હતું. આ સાથે જ સેફ્ટી નેટ અને જમ્પિંગ કુશન પણ મંગાવી લેવાયા હતા. આજુબાજુની કન્સ્ટ્રક્શન સાઈટ પરથી પણ લોકો નેટ લઈને આવી પહોંચ્યા હતા. ફાયર વિભાગના તમામ ઉચ્ચ અધિકારીઓ કિશોરીને સમજાવવા માટે બિલ્ડિંગના ઉપરના માળે પહોંચી ગયા હતા.

સુરત 112 જનરક્ષક પ્રોજેક્ટ કોર્ડીનેટર રોશન દેસાઈએ જણાવ્યું હતું કે, આજરોજ સવારે 9.15 વાગ્યાની આસપાસના સમયે કોઈ અજાણ્યા રાહદારે એક છોકરીને અલ્થાણમાં આવેલ સ્વીમ પેલેસના ટેરેસ ઉપરથી આત્મહત્યા કરવા માટે કૂદવાનું પ્રયત્ન કરી રહેલ જોઈ હતી. તુરંત જ કોઈ વ્યકિતએ 112 ઈમર્જન્સી હેલ્પલાઈન નંબર ઉપર કોલ કરી ઘટનાની જાણ કરતા 112 હેલ્પલાઈનના અમદાવાદ ખાતેના કંટ્રોલ રૂમેથી કોલ કરનાર વ્યક્તિ પાસેથી માહિતી એકત્રિત કરી જીપીએસ દ્વારા ટ્રેક કરી 1 મિનિટ છ સેકન્ડમાં સૌથી નજીકની આઝાદ નગર 112 જનરક્ષક પીસીઆરને આપતા માત્ર 6 મિનિટની અંદર પીસીઆર ટીમના ડ્રાઈવર પિયુષ પલાસ હેડ કોન્સ્ટેબલ હસુમતીબેન હેમાભાઈ અને કોન્સ્ટેબલ જેઠા રબારી ઘટના સ્થળ ઉપર પહોંચી ગયા હતાં. એની જ સાથે 112 કોલ સેન્ટર ઉપરથી આ જ માહિતી ફાયર વિભાગને પણ આપેલ હતી. જેથી ફાયર ટીમ અને પીસીઆર ટીમ મળીને મધ્યપ્રદેશની આવેલ કે જેઓ અલ્થાણમાં રહેતી દીકરીને ટેરેસ ઉપરથી રેસ્ક્યુ કરેલ હતી.

# સાપ કરડતા બે વર્ષના બાળકનું મોત : ઘર પાસે જ રમી રહ્યો હતો ત્યારે દીવાલમાં છુપાયેલા સાપે ડંખ માર્યો

**સુરત, તા.14**

સુરતના ઈચ્છાપોર વિસ્તારમાં આવેલા ભાટપોર ગામમાં ઘરઆંગણે રમી રહેલા બે વર્ષના બાળકને કોબ્રા સાપે ડંખ મારતા બાળકનું મોત નિપજ્યું છે. એકના એક પુત્રનું મોત શ્રમજીવી પરિવાર પર આભ ફાટ્યું હતું. બાળકના મોત બાદ સાપનું રેસ્ક્યૂ કરાયું હતું.

મૂળ છોટાઉદેપુરના વતની દિનેશભાઈ નાદલા રાઠવા હાલ ભાટપોર ગામના પોસ્ટ ઓફિસ ફળિયામાં પરિવાર સાથે રહી કડિયાકામ કરી ગુજરાન ચલાવે છે. શુક્રવારે સાંજે આશરે 7 વાગ્યાના સુમારે દિનેશભાઈ અને તેમની પત્ની મજૂરીકામ પતાવી ઘરે પરત ફર્યા હતા. માતા-પિતા ઘરમાં રાતનું ભોજન બનાવવાની તૈયારી કરી રહ્યા હતા, જ્યારે તેમનો 2 વર્ષનો પુત્ર શુભદર્શન ઘરની બહાર અન્ય પાંચેક મિત્રો સાથે રમી રહ્યો હતો.



બાળકો જ્યારે રમી રહ્યા હતા ત્યારે બાજુની દીવાલમાં છુપાઈને બેસેલો આશરે 6 ફૂટ લાંબો ઝેરી કોબ્રા સાપ અચાનક બહાર આવ્યો હતો અને શુભદર્શનના જમણા પગે કરડી ગયો હતો. સાપ કરડતા જ બાળકે જોરશોરથી બૂમાબૂમ કરતા લોહી નીકળવા લાગ્યું હતું. બાળકની ચીસો સાંભળી પરિવારજનો અને આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા.

પરિવારજનો શુભદર્શનને તાત્કાલિક સ્થાનિક દવાખાને લઈ ગયા હતા, પરંતુ તેની હાલત વધુ લથડતા તેને વધુ સારવાર માટે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. કમનસીબે, ઝેરની અસર વધુ હોવાથી ફરજ પરના તબીબોએ માસૂમને મૃત જાહેર કર્યો હતો. બનાવની જાણ થતા જ ગામના લોકોએ એકઠા થઈ તે 6 ફૂટ લાંબા કોબ્રા સાપનું રેસ્ક્યુ કર્યું હતું.

# ઓલ્ડ પાદરા રોડ પર નશામાં ધૂત કારચાલકે ટુ-વ્હીલરને અડફેટે લીધું : દંપતિને સામાન્ય ઈજા, આરોપી કારચાલકને પોલીસે દબોચ્યા

**વડોદરા, તા.14**

વડોદરા શહેરમાં રાત્રીના સમયે ડ્રિન્ક એન્ડ ડ્રાઈવના કારણે ફરી એક વખત અકસ્માતની ઘટના સામે આવી છે. નશામાં ધૂત ગ્રાન્ડ વીટારા કારચાલકે ઓલ્ડ પાદરા રોડ પર આવેલ હેવમોર સર્કલ પાસે ટુ-વ્હીલર પર સવાર એક દંપતિને અડફેટે લીધા હતાં. આ અકસ્માતમાં દંપતિને ઈજા પહોંચી છે, પરંતુ સદનસીબે કોઈ મોટી જાનહાની થઈ નથી. આ મામલે જેપી રોડ પોલીસે આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે.



આરોપી કારચાલક ટીંકુ વિજેન્દ્રસિંહ (મૂળ રહે. ઉત્તર પ્રદેશ, હાલ રહે. દર્શન નગર, કોતર તલાવડી પાસે, માંજલપુર, વડોદરા) નશાની હાલતમાં કાર ચલાવતો હતો. તેણે હેવમોર સર્કલ પાસે ટુ-વ્હીલરને અડફેટે લીધા બાદ કારને આગળ વધારી હતી. પરંતુ વાસણા રોડ પર જેપી રોડ પોલીસે તેને ઝડપી પાડ્યો હતો.

આ અકસ્માતથી ટુ-વ્હીલર સવાર દંપતિને સામાન્ય ઈજા થઈ હતી. ઘટનાને લઈને મોટી સંખ્યામાં લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા અને સ્થાનિકોમાં કારચાલક સામે રોષ જોવા મળ્યો હતો.

ઘટના સ્થળે પહોંચેલી જે. પી. રોડ પોલીસે આરોપી કારચાલકની ધરપકડ કરીને પોલીસ સ્ટેશન ખાતે લાવ્યો હતો. પોલીસે તેની અટકાયત કરીને વધુ તપાસ હાથ ધરી છે. આરોપી સામે પ્રોહીબીશનનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે તેમજ મોટર વ્હીકલ એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

# વૈષ્ણવ સંપ્રદાયના 550 વર્ષના ઈતિહાસનો સૌથી મોટો વૈશ્વિક મહોત્સવ

## નવલખી ગ્રાઉન્ડમાં 21થી 29 ડિસે. કથા સાથે બિઝનેસ એક્સ્પો-સમિટ યોજાશે, રોજના 1 લાખ લોકો ઉમટી પડશે

**વડોદરા, તા.14**

VYO (વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન) અને વ્રજધામ આધ્યાત્મિક સંકુલ દ્વારા વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારની અધ્યક્ષતામાં વૈષ્ણવ સંપ્રદાયના 550 વર્ષના ઈતિહાસનો સૌથી મોટો વૈશ્વિક મહોત્સવ વડોદરામાં યોજાશે. જેમાં વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમાર દ્વારા મુખ્ય શ્રીમદ્ ભાગવત કથાનું પણ કરાવવામાં આવશે. 21 ડિસેમ્બરે બપોરે 1 વાગ્યે વ્રજધામ સંકુલથી શોભાયાત્રા પ્રસ્થાન થશે. સાંજે 3 વાગ્યે નવલાખી મેદાન ખાતે આગમન થશે, ત્યારબાદ મહાકથાનો પ્રારંભ થશે.




વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમાર દ્વારા સ્થાપિત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયની વિશ્વસ્તરની સંસ્થા VYO, જે આજે વિશ્વના 15 દેશોમાં સક્રિય રીતે કાર્યરત છે, તેની 15 વર્ષની ઉજવણી તથા પુષ્ટિમાર્ગનું ગુજરાતનું સૌથી મોટું આધ્યાત્મિક કેન્દ્ર વ્રજધામ આધ્યાત્મિક સંકુલના 25માં વર્ષની ઉજવણી નિમિત્તે આવતાં 21થી 29 ડિસેમ્બર 2025 દરમિયાન વડોદરાના ઐતિહાસિક નવલખી મેદાન ખાતે ગ્લોબલ હિંદુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવનું ભવ્ય અને ઐતિહાસિક આયોજન કરવામાં આવી રહ્યું છે. આ મહોત્સવ વૈષ્ણવ સંપ્રદાયના 550 વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર આટલા વિશાળ વૈશ્વિક સ્તરે યોજાતો સૌથી મોટો ઉત્સવ હશે, જેમાં ભારત સાથે વિશ્વભરના વૈષ્ણવો એક મંચ પર જોડાશે.

વડોદરાના શ્રદ્ધાળુઓને એક જ સ્થળે તીર્થ દર્શન સાથે વ્રજ દર્શનનો અલભ્ય લાભ મળશે. આ ઉપરાંત આ તીર્થોના પવિત્ર જળ પણ લાવવામાં આવશે. જેમાં ગંગા, યમુના, નર્મદા સહિત ભારતની 29 પવિત્ર નદીઓનું તથા 64 કુંડ તીર્થજળ વડોદરા લાવવામાં આવશે. સમગ્ર મહોત્સવ દરમિયાન દરરોજ 1,00,000થી વધુ શ્રદ્ધાળુઓ માટે નિઃશુલ્ક સાત્વિક ભોજન સેવા કરવામાં આવશે. શહેર તથા બહારગામના જરૂરિયાતમંદ નાગરિકોને 15,000 ઊનના કમ્બળોનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે.

દરરોજ ગુજરાત અને દેશના વિવિધ શહેરો તથા ગામોમાંથી 100થી વધુ બસો દ્વારા શ્રદ્ધાળુઓ વડોદરા આવશે. આ ઉપરાંત હજારો શ્રદ્ધાળુઓ પોતાની વ્યક્તિગત વ્યવસ્થા દ્વારા વડોદરા શહેરના મહેમાન બનશે, તેઓ સંપૂર્ણ 9 દિવસ સુધી મહોત્સવના તમામ કાર્યક્રમો, કથા, યજ્ઞ અને દર્શનનો લાભ લેશે.

350થી વધુ સ્ટોલ્સ સાથે ભવ્ય બિઝનેસ એક્સ્પો યોજાશે. વિશ્વભરના VYO ડોનર મેમ્બર્સ માટે બિઝનેસ સમિટ પણ થશે. તો VYO ઈન્ટરનેશનલ લીડર્સ કોન્કલેવ પણ યોજવામાં આવશે. આ મહોત્સવ દરમિયાન દેશ-વિદેશના સંતો, મહંતો, વૈષ્ણવાચાર્યો, પીઠાધીશરો તથા રાજકીય, સામાજિક અને જાહેર જીવનના અનેક પ્રતિષ્ઠિત આગેવાનોની મંગલ ઉપસ્થિતિ રહેશે.

ભારત તીર્થ દર્શન - એક જ સ્થળે અલભ્ય આધ્યાત્મિક અનુભવ થશે. વડોદરામાં પ્રથમવાર ભારતના મુખ્ય તીર્થો, ધામો અને વૈષ્ણવ સ્થાનોની ભવ્ય ઝાંખી તૈયાર કરવામાં આવશે.

# દિવ્યાંગો માટે સૌરાષ્ટ્રવ્યાપી નિઃશુલ્ક કેમ્પ : રાજકોટમાં 16થી 18 ડિસેમ્બર શારીરિક ખોડખાપણ ધરાવતા દિવ્યાંગોને કૃત્રિમ હાથ-પગ તેમજ કેલીપસનું વિનામૂલ્યે વિતરણ કરાશે

**રાજકોટ, તા.14**

રાજકોટમાં દિવ્યાંગતા મુક્ત ભારતની નેમ સાથે, પવિત્ર સંસ્થા પરમાર્થ નિકેતન (ઋષિકેશ) અને મહાવીર સેવા સદન (કોલકત્તા) દ્વારા સમગ્ર સૌરાષ્ટ્રના દિવ્યાંગજનોના જીવનમાં નવી આશા અને સહાય પૂરી પાડવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. આ બંને અગ્રણી સંસ્થાઓના સહયોગથી હાલ વિવિધ સ્થળે શારીરિક ખોડખાંપણ ધરાવતા દિવ્યાંગો માટે વિના મૂલ્યે કૃત્રિમ હાથ-પગ અને કેલીપસના વિતરણ કેમ્પ્સનું સફળતાપૂર્વક આયોજન થઈ રહ્યું છે.



આ જ શ્રેણીમાં, આગામી તારીખ 16થી 18 ડિસેમ્બર સુધી રાજકોટ ખાતે ત્રણ દિવસીય મેગા નિ:શુલ્ક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જે સૌરાષ્ટ્રના સેંકડો દિવ્યાંગો માટે જીવનપરિવર્તનકારી સાબિત થશે. આ આયોજનમાં SBI RSETI, એક્સેલન્સ દિવ્યાંગ ફાઉન્ડેશન અને જેમ્સ એન્ડ જ્વેલરી ફેડરેશનનો મહત્વનો સહયોગ રહ્યો છે. આ ત્રિદિવસીય વિના મૂલ્યે કેમ્પનું આયોજન રાજકોટમાં એસ.બી.આઈ. ટ્રેનિંગ સેન્ટર, એ.જી. સ્ટાફ કોલોની સામે કરવામાં આવ્યું છે. જેમાં શારીરિક ખોડખાંપણ ધરાવતા જરૂરિયાતમંદ દિવ્યાંગોને આધુનિક અને ગુણવત્તાયુક્ત કૃત્રિમ હાથ-પગ તેમજ કેલીપસનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે, જેથી તેઓ સન્માનભેર અને સ્વતંત્ર જીવન જીવી શકે. આ કેમ્પની સફળતા સુનિશ્ચિત કરવા માટે હાલમાં તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે, જેમાં દિવ્યાંગોના રજીસ્ટ્રેશનથી લઈને માપણી અને વિતરણ સુધીની તમામ પ્રક્રિયાઓનું ઝીણવટભર્યું આયોજન સામેલ છે.

નિ:શુલ્ક મેગા કેમ્પનો મુખ્ય હેતુ ગુજરાતના ખૂણેખૂણેથી આવતા વધુમાં વધુ દિવ્યાંગજનોને આર્થિક બોજ વિના ટેક્નોલોજીકલ સહાય પૂરી પાડવાની છે. કેમ્પના આયોજકો દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આ ત્રણ દિવસમાં 300થી વધુ દિવ્યાંગોને સહાય પૂરી પાડવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. પરમાર્થ નિકેતન અને મહાવીર સેવા સદન દ્વારા આ પ્રકારના કેમ્પ્સ દ્વારા દિવ્યાંગોને માત્ર કૃત્રિમ અંગો નહીં, પરંતુ આત્મવિશ્વાસ અને સ્વ-સહાયની ભાવના પણ આપવામાં આવે છે.

દિવ્યાંગો માટે આગામી સમયમાં એક વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં દરરોજ અંદાજે 50થી 60 જેટલા દિવ્યાંગોને બોલાવીને તેમની જરૂરિયાત મુજબના સાધનો પૂરા પાડવામાં આવશે. જે દિવ્યાંગોને હાથ કે પગમાં ક્ષતિ હોય અથવા જેમને કેલીપસની જરૂર હોય, તેમને આ કેમ્પ દરમિયાન સહાયભૂત સાધનો એનાયત કરવામાં આવશે. આ કામ માટે કોલકાતાથી નિષ્ણાત ડોક્ટરો અને ટેકનિશિયનોની ટીમ પણ રવાના થઈ ચૂકી છે, જે રવિવાર સુધીમાં એટલે કે આજે આવી પહોંચશે અને મંગળવારથી આ કાર્યક્રમની વિધિવત શરૂઆત કરવામાં આવશે. કેમ્પમાં દિવ્યાંગોને કેલીપસનું વિતરણ કરવામાં આવશે. આ કેલીપસમાં વપરાતું મટીરીયલ મોંઘું હોવાથી તેની અંદાજિત કિંમત રૂ. 15,000 જેવી થાય છે. અત્યાર સુધીમાં આ યોજનાનો લાભ લેવા માટે 300 જેટલા લોકોના નામ નોંધાઈ ચુક્યા છે અને હજુ પણ ફોન દ્વારા પૂછપરછ ચાલુ છે. જો વધુ લોકો આવશે તો તેમને પણ સહાય પૂરી પાડવાની તૈયારી દર્શાવવામાં આવી છે. આ કેમ્પમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓ જેવા કે નવસારી, સુરત, ડાંગ, આહવા, સાબરકાંઠા, બનાસકાંઠા, પંચમહાલ, દાહોદ, ખેડા, નડિયાદ, અમદાવાદ, વડોદરા અને સમગ્ર સૌરાષ્ટ્રમાંથી દિવ્યાંગો ભાગ લેશે.

# હિમાલયા મોલના પાર્કિંગમાંથી દારૂ ઝડપાયો : LCBએ દરોડો પાડી 11 લાખથી વધુના મુદ્દામાલ સાથે બેની ધરપકડ કરી, 5 ફરાર

**ભાવનગર, તા.14**

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે હિમાલયા મોલના પાર્કિંગમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે કુલ 1273 બોટલ દારૂ, એક કાર અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.11,00,740નો મુદ્દામાલ સાથે બે શખસને ઝડપી લીધા હતા, જ્યારે અન્ય પાંચને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે.



આ બનાવ અંગે એલસીબી કચેરીએથી મળતી માહિતી મુજબ, LCB સ્ટાફ ભાવનગર શહેર વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો તે દરમિયાન તેમને બાતમી મળી હતી. બાતમી મુજબ, હિમાલયા મોલના પાર્કિંગમાં સફેદ કલરની મારૂતિ સુઝુકી સ્વીફ્ટ ડિઝાયર કાર નંબર GJ-06-PR 3321માં બહારથી લાવવામાં આવેલો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો હતો અને બે વ્યક્તિઓ કારમાં બેઠા હતા. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન કારમાંથી 'ફોર સેલ ઈન ચંદીગઢ ઓન્લી' લખેલ ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ 1273 બોટલો મળી આવી હતી. આરોપીઓએ કાર પર ખોટી નંબર પ્લેટ HR-68-C 2595 લગાવી હતી, જેનો ઉપયોગ તેઓ ખોટી રીતે કરી રહ્યા હતા.

પોલીસે ઘટનાસ્થળેથી વિશાલ ઉર્ફે ગૌરવ સુરેન્દ્રપાલ પહેલ (ઉં.વ.25, રહે. ઝીંદ, હરિયાણા) અને મેહુલ પરશોત્તમભાઈ બારૈયા (ઉં.વ.28, રહે. સોનગઢ, ભાવનગર)ની ધરપકડ કરી હતી. આ કેસમાં અજય રહે. ખરખોદા, હરિયાણા, યોગેન્દર, ભાવના ઉર્ફે આશા અને હરેશ ઉર્ફે ભયલુ સહિત પાંચ અન્ય આરોપીઓ ફરાર છે, જેમને પકડવા માટે વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જપ્ત કરાયેલા મુદ્દામાલમાં એસ રમની બોટલ નંગ-22 કિ.રૂ.8,800, ઓલ્ડ મોંકની બોટલ નંગ-168 કિ.રૂ.2,18,400, વ્હીસ્કીની બોટલ નંગ-950 કિ.રૂ.3,32,500, વ્હીસ્કીની બોટલ નંગ-233 કિ. રૂ.30,290, કાર નંબર-GJ-06-PR 3321 કિ.રૂ.5,00,000, ખોટી લખેલ નંબર પ્લેટ HR-68-C 2595, રોકડા રૂ.7500, મોબાઈલ ફોન કિ.રૂ.10,000 મળી કુલ કિ.રૂ.11,00,740 નો મુદ્દામાલ ઝડપી લીધો હતો. આ તમામ વિરૂદ્ધ નીલમબાગ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# 74મી ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ચેમ્પિયનશિપનું સમાપન : ઈન્ડો તિબેટિયન બોર્ડર પોલીસ ફોર્સ સામેની ફાઈનલ મેચમાં પંજાબ પોલીસે બાજી મારી

**રાજકોટ, તા.14**

રાજકોટમાં 74મી ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો 14 ડિસેમ્બરે અંતિમ દિવસ હતો. પંજાબ અને ઈન્ડો તિબેટિયન બોર્ડર પોલીસ ફોર્સ વચ્ચે ફાઈનલનો જંગ જામ્યો હતો. ગત 4 ડિસેમ્બરથી શરૂ થયેલી આ ચેમ્પિયનશિપનો આજે અંતિમ દિવસ હતો અને આજે અંતિમ દિવસે રાજકોટ પોલીસ હેડ ક્વાર્ટર ખાતે ક્લોઝિંગ સેરેમની પણ યોજવામાં આવી હતી, જેમાં રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય ખાસ ઉપસ્થિત રહ્યા હતા. રાજકોટના મુખ્ય બે એવા મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હોકી ગ્રાઉન્ડમાં ભવ્ય ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આજની ફાઈનલ મેચમાં ટીમની ભવ્ય જીત થવા પામી હતી. આજની ફાઈનલ મેચમાં 4-1થી પંજાબ પોલીસની ભવ્ય જીત થવા પામી છે.

4 ડિસેમ્બરના રોજ રાજકોટ મહાપાલિકા સંચાલિત મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના હોકી ગ્રાઉન્ડમાં 74મી ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ચેમ્પિયનશિપનો આરંભ કરવામાં આવ્યો હતો. પ્રથમ દિવસે રાજ્યના ડીજીપી વિકાસ સહાય, આમ્પર્સના ડીજીપી રાજુ ભાર્ગવ સહિતના અધિકારીઓ ગાંધીનગરથી ઉપસ્થિત રહ્યા હતા અને ઓપનીંગ સેરેમની ડીજીપીના હસ્તે થઈ હતી. આ પછી સતત 10 દિવસ અલગ-અલગ 32 ટીમો વચ્ચે 56 મેચ રમાઈ હતી, જેમાં યુપી અને આઈટીબીપી તેમજ પંજાબ અને બીએસએફની ટીમ વચ્ચે મેચ રમાઈ હતી. જેમાં પંજાબ અને આઈટીબીટી વિજય થતાં આજ રોજ બંને ટીમ વચ્ચે ફાઈનલ મેચ યોજાઈ હતી. જેનો પ્રારંભ આ બપોરે 1.30 વાગ્યે આમ્પર્સના ડીજીપી રાજુ ભાર્ગવ સહિતના અધિકારીઓ ઉપસ્થિતિમાં થયો હતો. રાજકોટ શહેરના રેસકોર્સ મેદાન સ્થિત મનપા સંચાલિત મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ ખાતે 74મી ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ટુર્નામેન્ટની ફાઈનલ મેચ ઈન્ડો તિબેટિયન બોર્ડર પોલીસ ફોર્સ અને પંજાબ પોલીસ વચ્ચે ફાઈનલ મેચ રમાઈ હતી. જેમાં બન્ને ટીમના ખેલાડીઓએ જીત માટે એડીચોટીનું જોર લગાવ્યું હતું. જો કે રોમાંચક મેચના અંતે 4-1 ગોલથી પંજાબ પોલીસ ટીમનો ભવ્ય વિજય થયો હતો. ઉલ્લેખનીય છે કે આજની ફાઈનલ મેચમાં પંજાબની ટીમમાં નેશનલ કક્ષાએ હોકી રમતમાં જાણીતા ત્રણ-ત્રણ ખેલાડી રમતા નજરે પડ્યા હતા, જેમાં આકાશદીપ, શમશેરસિંઘ અને ધરમવીરસિંઘનો સમાવેશ થાય છે. આજ રોજ રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય, આમ્પર્સના ડીજીપી રાજુ ભાર્ગવ, પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને અન્ય ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં ક્લોઝિંગ સેરેમની યોજવામાં આવી હતી. આ ટુર્નામેન્ટમાં દેશભરની પોલીસ તેમજ પેરા મિલ્ટ્રી ફોર્સની કુલ 32 જેટલી મેન વુમન ટિમો ભાગ લીધો હતો. ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ચેમ્પિયનશિપનું આયોજન રાજકોટમાં કરવા પાછળ પણ એક મહત્વનું કારણ છે. વર્ષ 2016માં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રેસકોર્ષ સંકૂલમાં અંદાજીત 5 કરોડથી વધુ ખર્ચે હોકીનું મેદાન તૈયાર કરવામાં આવ્યું હતું, જેને મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ નામ આપવામાં આવ્યું હતું. આ ગ્રાઉન્ડને આંતરરાષ્ટ્રીય કક્ષાનું બનાવવામાં આવ્યું હોવાથી હોલેન્ડથી આવેલા નિષ્ણાતોએ હોકી ગ્રાઉન્ડની ચકાસણી કર્યા બાદ તેને આંતરરાષ્ટ્રીય કક્ષાનું સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું. આ મેદાન ગુજરાતનું પ્રથમ એવું હોકી મેદાન છે કે જે ટર્ફ મેદાન છે ટર્ફ મેદાનને કારણે ખેલાડીઓને સ્પીડ અને સ્કીલ બન્ને મળી રહે છે.



માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# સીરિયામાં અમેરિકી સૈનિકો પર ISISનો હુમલો : 3નાં મોત

## ટ્રમ્પે કહ્યું- જડબાતોડ જવાબ આપીશું, અસદના હટ્યા પછી અમેરિકી સેના પર પહેલો હુમલો

**દમાસ્કસ, તા. 14**

મધ્ય સીરિયાના શહેર પાલ્મિરામાં શનિવારે ઈસ્લામિક સ્ટેટ ISISના એક હુમલાખોરે અમેરિકી સૈનિકો પર હુમલો કર્યો. હુમલામાં બે અમેરિકી સૈનિકો અને એક અમેરિકી નાગરિકનું મોત થયું, જ્યારે અન્ય ત્રણ અમેરિકી સૈનિકો ઘાયલ થયા છે.

અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) અનુસાર આ હુમલો ત્યારે થયો જ્યારે અમેરિકી સૈનિકો ISIS વિરુદ્ધ ચાલી રહેલા આતંકવાદ વિરોધી અભિયાનો હેઠળ એક બેઠકમાં સામેલ હતા. હુમલાખોરને ઘટનાસ્થળે હાજર સીરિયન દળોએ ઠાર માર્યો.

સીરિયન મીડિયા અનુસાર આ હુમલામાં સીરિયન સુરક્ષા દળોના કેટલાક સભ્યો પણ ઘાયલ થયા છે. તમામ ઘાયલોને હેલિકોપ્ટર દ્વારા અલ-તનફ સ્થિત અમેરિકી સૈન્ય અડ્ડા પર લઈ જવામાં આવ્યા.

અમેરિકી દળો પર આ હુમલો બશર અલ-અસદના સત્તા પરથી હટ્યા પછી પહેલીવાર થયો છે. આ દરમિયાન, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે હુમલા માટે જવાબદાર જૂથ વિરુદ્ધ જવાબી કાર્યવાહી કરવામાં આવશે. ટ્રમ્પે જડબાતોડ જવાબ આપવા અને બદલો લેવાની વાત કરી.

ISISને 2019માં પ્રાદેશિક રીતે હરાવી દેવામાં આવ્યું છે, પરંતુ સંગઠનના સ્લીપર સેલ હજુ પણ સીરિયા અને ઈરાકમાં સક્રિય હોવાનું કહેવાય છે. અંદાજ છે કે ISIS પાસે હજુ પણ 5,000 થી 7,000 લડવૈયાઓ મોજુદ છે.

પૂર્વ સીરિયામાં અમેરિકાના સેંકડો સૈનિકો તૈનાત છે, જે ISISના વિકાસને રોકવા માટે ગઠબંધનનો



ભાગ છે. ડિસેમ્બર 2024માં બળવા પછી અહેમદ અલ-શરાએ વચગાળાના રાષ્ટ્રપતિ તરીકે સત્તા સંભાળી હતી.

અસદના પતન પછી સીરિયાના નવા વચગાળાના રાષ્ટ્રપતિ અહેમદ અલ-શરાના નેતૃત્વ હેઠળ અમેરિકા સાથેના સંબંધો સુધર્યા છે. તાજેતરમાં સીરિયા ISIS વિરોધી ગઠબંધનમાં જોડાયું છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર આ હુમલાને ISISનો અમેરિકા અને સીરિયા બંને પર હુમલો ગણાવ્યો અને કહ્યું કે આનો ખૂબ ગંભીર બદલો લેવામાં આવશે.

ટ્રમ્પે જણાવ્યું કે સીરિયાના રાષ્ટ્રપતિ અલ-શરા આ ઘટનાથી ખૂબ દુઃખી અને ગુસ્સામાં છે. તેમણે એમ પણ કહ્યું કે ઘાયલ અમેરિકી સૈનિકોની હાલતમાં સુધારો છે.

કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે હુમલાખોર સીરિયન સુરક્ષા દળોનો સભ્ય હતો, જેને કટ્ટરપંથી વિચારોને કારણે હટાવવામાં આવી રહ્યો હતો. જોકે, સીરિયન અધિકારીઓએ આ દાવાની સત્તાવાર પુષ્ટિ કરી નથી.

અમેરિકા 2014 થી સીરિયામાં સૈનિકો તૈનાત કરી રહ્યું છે. પહેલા આ તૈનાતી ઈરાન સમર્થિત મિલિશિયા અને રશિયન ખતરાને કારણે હતી, પરંતુ હવે મુખ્ય ધ્યાન ફક્ત ISIS પર છે.

આ જ સમયે ઓપરેશન ઈનહેરન્ટ રિઝોલ્વ હેઠળ ISIS ને હરાવવાનું અભિયાન શરૂ થયું. જોકે ISIS ને 2019 માં પ્રાદેશિક રીતે હરાવી દેવામાં આવ્યું હતું, પરંતુ તેના સ્લીપર સેલ હજુ પણ હુમલા કરતા રહે છે.

ડિસેમ્બર 2025 સુધીમાં, અમેરિકાના લગભગ 1,000 સૈનિકો (પહેલાં 2,000 હતા, પરંતુ 2025 માં ઘટાડો કરવામાં આવ્યો) પૂર્વ અને ઉત્તર-પૂર્વ સીરિયામાં તૈનાત છે. આ સૈનિકો કુર્દ નેતૃત્વવાળી સીરિયન ડેમોક્રેટિક ફોર્સીસ (એસડીએફ) સાથે મળીને કામ કરે છે.

આ સ્થાનિક દળોને તાલીમ આપે છે, ISIS ના ઠેકાણાઓ પર હવાઈ હુમલા કરે છે અને તેના વિકાસને રોકે છે. અમેરિકી સૈનિકો હવે સીરિયન સુરક્ષા દળો સાથે સંયુક્ત ઓપરેશન પણ કરી રહ્યા છે. અમેરિકાએ 2025 માં સૈનિકોની સંખ્યા ઘટાડી છે, પરંતુ સંપૂર્ણ વાપસી થઈ નથી.

# ઇઝરાયેલનો દાવો- હમાસના નંબર-2 ચીફ રાએદને મોતને ઘાટ ઉતાર્યા...

**ગાઝા, તા. 14**

ગાઝા સિટીમાં ઈઝરાયેલી હુમલામાં હમાસના સેકન્ડ-ઈન-કમાન્ડ રાએદ સઈદનું મૃત્યુ થયું છે. ઈઝરાયેલી સેના (IDF) એ શનિવારે દાવો કર્યો કે તેણે ગાઝા સિટીમાં એક કારને નિશાન બનાવીને આ હુમલો કર્યો. જોકે, હમાસે હજુ સુધી રાએદ સઈદના મૃત્યુની સત્તાવાર પુષ્ટિ કરી નથી.

રાએદ, હમાસની અલ-કાસમ બ્રિગેડનો મુખ્ય કમાન્ડર હતો. અલ જઝીરાના અહેવાલો અનુસાર ઈઝરાયેલી સેનાએ કહ્યું કે સઈદ હમાસના હથિયાર બનાવતા નેટવર્કનો વડો હતો અને ઓક્ટોબર 2023 માં ઈઝરાયેલ પર થયેલા હુમલાઓની યોજના બનાવનારાઓમાં પણ સામેલ હતો. હમાસના સૂત્રો અનુસાર રાએદ ગાઝા સિટી બટાલિયનનો પૂર્વ પ્રમુખ પણ રહી ચૂક્યો હતો. ઈઝરાયેલનો આરોપ છે કે સઈદ યુદ્ધવિરામ છતાં હમાસની ક્ષમતાઓને ફરીથી મજબૂત કરવા અને હથિયારો બનાવવાનું કામ કરી રહ્યો હતો, જે કરારનું ઉલ્લંઘન છે. આ હુમલો હમાસના ઈઝરાયેલી સૈનિકો પરના હુમલા પછી થયો હતો. આમાં બે ઈઝરાયેલી સૈનિકો ઘાયલ થયા હતા. આ પછી, ઈઝરાયેલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને સંરક્ષણ પ્રધાન ઈઝરાયેલ કાત્ઝે સઈદને નિશાન બનાવવાનો આદેશ આપ્યો હતો.

ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સ (IDF) એ જણાવ્યું કે અમને રીઅલ-ટાઈમમાં ગુપ્ત માહિતી મળી કે સઈદ ગાઝા શહેરના પશ્ચિમી ભાગમાં મુસાફરી કરી રહ્યો હતો. અમે તક હાથમાંથી સરકી જાય તે પહેલાં તેને મારવા માટે તાત્કાલિક કાર્યવાહી કરી. બીજી તરફ, હમાસે સઈદના મૃત્યુની પુષ્ટિ કરી નથી. સંગઠનનું કહેવું છે કે ઈઝરાયેલી ડ્રોને ગાઝા સિટીના પશ્ચિમમાં નબુલસી જંકશન પાસે એક નાગરિક વાહનને નિશાન બનાવ્યું. ગાઝાના સ્વાસ્થ્ય અધિકારીઓ અનુસાર, આ હુમલામાં પાંચ લોકોના મોત થયા અને 25 લોકો ઘાયલ થયા.

# USની બ્રાઉન યુનિવર્સિટીમાં ચાલુ પરીક્ષાએ અંધાધૂંધ ફાયરિંગ, 2નાં મોત

**વોશિંગ્ટન, તા. 14**

અમેરિકાની બ્રાઉન યુનિવર્સિટીમાં શનિવારે ગોળીબાર થયો. જેમાં બે લોકો માર્યા ગયા અને આઠ ગંભીર રીતે ઘાયલ થયા છે. પ્રોવિડન્સના મેયરે જણાવ્યું કે આ ઘટના યુનિવર્સિટીના એન્જિનિયરિંગ અને ફિઝિક્સ વિભાગમાં બની, જ્યાં ફાઈનલ પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ હાજર હતા. મેયરે જણાવ્યું કે ગોળીબારની માહિતી બપોરે લગભગ 4 વાગ્યે મળી અને હુમલાખોર ઈમારતમાંથી ભાગી ગયો. પોલીસ હજુ પણ તેની શોધ કરી રહી છે. શરૂઆતમાં યુનિવર્સિટીએ એક વ્યક્તિને કસ્ટડીમાં લેવાની માહિતી આપી હતી, પરંતુ બાદમાં સ્પષ્ટ કરવામાં આવ્યું કે તેનો ઘટના સાથે કોઈ સંબંધ નહોતો અને તે નિર્દોષ છે.

ફાઈનલ એક્ઝામ દરમિયાન કાળા કપડાંમાં એક વ્યક્તિએ એન્જિનિયરિંગ બિલ્ડિંગમાં અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો.



આ હુમલામાં બે લોકોનાં મોત થયા છે જ્યારે આઠ ગંભીર રીતે ઘાયલ થયા. હુમલાખોર હજુ પણ ફરાર છે અને પોલીસ તેની શોધખોળ કરી રહી છે. વિસ્તારમાં શેલ્ટર-ઈન-પ્લેસ ઓર્ડર લાગુ છે, જેના હેઠળ લોકોને ઘરોમાં રહેવા અને દરવાજા બંધ રાખવાની સલાહ આપવામાં આવી છે. પોલીસ અને એફબીઆઈની ટીમ કેમ્પસ અને આસપાસના વિસ્તારોમાં મોટા પાયે સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. ગોળીબારની જાણ થતાં જ કેમ્પસમાં ગભરાટ ફેલાઈ ગયો. યુનિવર્સિટીએ તરત જ એલર્ટ જાહેર કર્યું અને વિદ્યાર્થીઓને દરવાજા બંધ કરવા, ફોન સાયલન્ટ કરવા અને છુપાઈ જવાની સલાહ આપી.

પ્રોવિડન્સ શહેરના ડેપ્યુટી ચીફ ઓફ પોલીસ ટિમોથી ઓ'હારાએ જણાવ્યું કે હુમલાખોર એક પુરુષ છે જેણે કાળા કપડાં પહેર્યા હતા. તે બિલ્ડિંગમાંથી હોપ સ્ટ્રીટ તરફ ભાગી ગયો છે. ગોળીબારના ત્રણ-ચાર કલાક પછી પણ પોલીસ કેમ્પસની ઈમારતોની તલાશી લઈ રહી હતી અને આસપાસના વિસ્તારમાં તપાસ કરી રહી હતી. મેયર બ્રેટ સ્માઈલીએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે ઘાયલોની હાલત ગંભીર પરંતુ સ્થિર છે. તેઓ બધા રોડ આઈલેન્ડ હોસ્પિટલમાં દાખલ છે. મેયરે એમ પણ કહ્યું કે તમામ સંસાધનોનો ઉપયોગ કરીને હુમલાખોરને પકડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. કેમ્પસ અને આસપાસના વિસ્તારમાં શેલ્ટર-ઈન-પ્લેસનો આદેશ ચાલુ છે. લોકોને ઘરોમાં રહેવા અને બહાર ન નીકળવા માટે કહેવામાં આવ્યું છે. એફબીઆઈ પણ તપાસમાં મદદ કરી રહી છે. મેયરે પીડિતો વિશે વધુ માહિતી આપવાનો ઈનકાર કર્યો હતો.

# ગોવા અગ્નિકાંડ-જમવા માટે નીકળ્યા તો પકડાયા લુથરા બ્રધર્સ: થાઈલેન્ડમાં ડિપોર્ટેશન પ્રક્રિયા ચાલુ; આવતીકાલ સુધીમાં ભારત લાવી શકાય છે....

**નવી દિલ્હી, તા. 14**

ગોવાના નાઈટ ક્લબ 'બર્ચ બાય રોમિયો લેન' આગ કેસમાં મુખ્ય આરોપી સૌરભ લુથરા અને ગૌરવ લુથરા સોમવાર સુધીમાં ભારત લાવી શકાય છે. થાઈલેન્ડ પોલીસે 11 ડિસેમ્બરે ફુકેટમાં બંને ભાઈઓની ધરપકડ કરી હતી. તેમની ડિપોર્ટેશન પ્રક્રિયા ચાલુ છે.

આ દરમિયાન સામે આવ્યું છે કે લુથરા બ્રધર્સને થાઈલેન્ડમાં ત્યારે પકડવામાં આવ્યા હતા, જ્યારે બંને ભાઈઓ હોટલમાંથી બહાર જમવા નીકળ્યા હતા. સૂત્રોએ જણાવ્યું કે 9 ડિસેમ્બરે થાઈ અધિકારીઓને જાણ થઈ કે જે ભાઈઓને પોલીસ ભારતમાં શોધી રહી હતી, તેઓ ફુકેટમાં છે.

ભારતીય એજન્સીઓ પાસેથી ઈનપુટ મળ્યા પછી, થાઈ અધિકારીઓએ પહેલેથી જ હોટલ પર નજર રાખવાનું શરૂ કરી દીધું હતું. જ્યારે ભાઈઓ હોટલમાંથી



બહાર નીકળ્યા, ત્યારે થાઈ ઈમિગ્રેશન અને પોલીસ અધિકારીઓએ તેમની ઓળખ અને મુસાફરીની વિગતો ચકાસી અને તેમને પકડી લીધા.

બર્ચ નાઈટ ક્લબમાં 6 ડિસેમ્બરે આગ લાગવાથી 25 લોકોના મોત થયા હતા. ઘટના પછી બંને ભાઈઓ ભારતથી ભાગીને થાઈલેન્ડ જતા રહ્યા હતા. થાઈ પોલીસે બંનેને ફુકેટમાં એક હોટલના રૂમમાંથી કસ્ટડીમાં લીધા. બંને પર બિન-ઈરાદાપૂર્વક હત્યા અને બેદરકારીનો કેસ નોંધવામાં આવ્યો છે. લુથરા બ્રધર્સને બેંગકોકથી પહેલા દિલ્હી, પછી ગોવા લઈ જવામાં આવશે. દિલ્હી પહોંચતા જ ગોવા પોલીસ બંનેને કસ્ટડીમાં લેશે. તેમજ લુથરા બ્રધર્સને લઈને એક નવો ખુલાસો થયો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સૌરભ અને ગૌરવ, બર્ચ ક્લબ ઉપરાંત અન્ય 42 કંપનીઓ સાથે પણ જોડાયેલા છે, જેમાંથી ઘણી માત્ર કાગળ પર જ છે. આ તમામ કંપનીઓ દિલ્હીમાં એક જ સરનામે (2590, ગ્રાઉન્ડ ફ્લોર, હડસન લાઈન, નોર્થ વેસ્ટ દિલ્હી) રજિસ્ટર્ડ છે. કોર્પોરેટ રેકોર્ડ્સ દર્શાવે છે કે લુથરા ભાઈઓ આ કંપનીઓ અને લિમિટેડ લાયબિલિટી પાર્ટનરશિપ (LLPs) માં ડિરેક્ટર અથવા પાર્ટનર તરીકે સૂચિબદ્ધ છે. આવી કંપનીઓનો ઉપયોગ સામાન્ય રીતે બેનામી વ્યવહારો અને મની લોન્ડરિંગ માટે થાય છે. જોકે, તેની તપાસ હજુ બાકી છે.

બીજી તરફ, ગુરુવારે ક્લબ માલિક સૌરભ લુથરા અને ગૌરવ લુથરાને થાઈલેન્ડમાં કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. બર્ચ નાઈટ ક્લબમાં 6 ડિસેમ્બરે આગ લાગવાથી 25 લોકોના મોત થયા હતા. ઘટના બાદ બંને ભાઈઓ ભારત છોડીને થાઈલેન્ડ ભાગી ગયા હતા. બંને સામે ગેરઈરાદાપૂર્વક હત્યા અને બેદરકારીનો કેસ નોંધવામાં આવ્યો છે. તપાસ એજન્સીઓ અનુસાર, સૌરભ અને ગૌરવ લુથરાએ થાઈલેન્ડ માટે ફ્લાઈટ ટિકિટ તે સમયે બુક કરી હતી, જ્યારે ગોવામાં તેમના નાઈટ ક્લબમાં ફાયર બ્રિગેડની ટીમ આગ પર કાબૂ મેળવવા અને ફસાયેલા લોકોને બચાવવાનો પ્રયાસ કરી રહી હતી.

અધિકારીઓએ જણાવ્યું કે લુથરા ભાઈઓએ 6 ડિસેમ્બરની રાત્રે 1:17 વાગ્યે ઓનલાઈન ટ્રાવેલ કંપનીની વેબસાઈટ પર લોગ ઈન કર્યું હતું. બંને સવારે 5:30 વાગ્યે ઈન્ડિગો ફ્લાઈટ 6E 1073થી દિલ્હીથી ફુકેટ માટે રવાના થયા. ગોવા પોલીસે વિદેશ મંત્રાલય અને CBI દ્વારા ઈન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ ઓર્ગેનાઈઝેશન (ઈન્ટરપોલ) તેમની ધરપકડની અપીલ કરી હતી. આ પછી ઈન્ટરપોલે તેમની વિરુદ્ધ બ્લુ કોર્નર નોટિસ જારી કરી હતી. લુથરા બ્રધર્સ, તેમના બિઝનેસ પાર્ટનર, મેનેજર અને કેટલાક કર્મચારીઓ દિલ્હીના રહેવાસી છે. તેથી ગોવા પોલીસની સાથે હવે દિલ્હી પોલીસ પણ આગ લાગવાના કેસની તપાસ કરી રહી છે. દિલ્હીમાં પણ એક કેસ નોંધવામાં આવ્યો છે.

# અમેરિકાના ટેરિફ વોરના ત્રાગા વચ્ચે પણ ચીન વિશ્વમાં ટ્રેડ કિંગ

## દુનિયાભરમાં 94 જેટલી મુખ્ય સામગ્રીઓ એક્સપોર્ટ કરતા ચીનનો ટ્રેડ સરપ્લસ 1 ટ્રિલિયનને પાર

ગત વર્ષે ચીનનું સરપ્લસ 992 બિલિયન ડોલર હતું અને આ વખતે ચીને પોતાનો જ રેકોર્ડ તોડીને ૧ ટ્રિલિયન ડોલરનો આંકડો આંબી લીધો છે. આ કામ તેણે માત્ર 11 મહિનામાં કરી બતાવ્યું છે : ચીન દ્વારા માત્ર 14 ટકા એક્સપોર્ટ જ અમેરિકામાં થાય છે. બીજી તરફ તે 86 ટકા બિઝનેસ વિશ્વના બીજા દેશો સાથે કરે છે. તેણે 14 ટકાની ઉપર ખાસ ધ્યાન નહીં આપીને બાકીના 86 ટકામાંથી વધારે ફાયદો લેવાની રણનીતિ જ તેને સફળ બનાવી ગઈ છે : ચીન દ્વારા એક્સપોર્ટ ટેક્સ રિબેટ યોજનામાં ફેરફાર કરીને તેમાં વધારો કરવામાં આવ્યો. તે ઉપરાંત એક્સપોર્ટર્સ માટે સસ્તી લોન ઉપલબ્ધ કરાવવામાં આવી તથા તેમના માટે વ્યાજના દરો પણ ઓછા રાખવામાં આવ્યા જેથી ખૂબ ફાયદો થયો

વૈશ્વિક વેપાર જગતમાં ચીન દ્વારા જે કરવામાં આવ્યું છે તે બધા જ માટે આશ્ચર્યજનક છે. અમેરિકા સાથે દાયકાઓથી પ્રતિસ્પર્ધા અને વિવાદ વચ્ચે પણ ચીન મહાસત્તા બન્યું અને હવે વિશ્વમાં તેની દરેક ક્ષેત્રમાં બોલબાલા થઈ રહી છે. તાજેતરમાં વિશ્વના વેપારના આંકડા આવ્યા જેમાં પણ સાબિત થઈ ગયું કે, ગ્લોબલ ટ્રેડિંગમાં પણ ચીન જ કિંગ છે. ચીનનો દુનિયામાં જે વેપાર ચાલે છે તે હવે એટલો મોટો થઈ ગયો છે કે, તેનું ટ્રેડ સરપ્લસ ૧ ટ્રિલિયન ડોલરને પાર થઈ ગયું છે. તેનો સીધો અર્થ છે કે, જો ચીનના વેપારમાં એક્સપોર્ટમાંથી ઈમ્પોર્ટની બાદબાકી કરી દેવામાં આવે તો તેનો ફાયદો ૧ ટ્રિલિયન ડોલરનો થાય છે. દુનિયાના મોટાભાગના મોટા મોટા દેશોનો વેપાર પણ ૧ ટ્રિલિયન સરપ્લસ પહોંચ્યો નથી ત્યારે ચીને સાબિત કરી દીધું છે કે તે જ આ સેક્ટરમાં કિંગ છે અને દુનિયાના દેશો તેની સામે ટકી શકે તેમ નથી.

ચીને નવેમ્બર ૨૦૨૫ સુધીમાં ટ્રેડ સરપ્લસ પહેલી વખત ૧ ટ્રિલિયન ડોલરને પાર કરી લીધી છે. ખાસ વાત એ છે કે, ગત વર્ષે ચીનનું સરપ્લસ ૯૯૨ બિલિયન ડોલર હતું અને આ વખતે ચીને પોતાનો જ રેકોર્ડ તોડીને ૧ ટ્રિલિયન ડોલરનો આંકડો આંબી લીધો છે. આ કામ તેણે માત્ર ૧૧ મહિનામાં કરી બતાવ્યું છે. તેણે છેલ્લાં ૧૧ મહિનામાં દુનિયાભરના દેશોને ૩.૪ ટ્રિલિયન ડોલરની વસ્તુઓ એક્સપોર્ટ કરી છે જ્યારે દુનિયાભરમાંથી ૨.૩ ટ્રિલિયનની વસ્તુઓ ઈમ્પોર્ટ કરી છે તેથી તેનો ટ્રેડ સરપ્લસ ૧ ટ્રિલિયન ડોલર થઈ ગયો છે.

ઘણા સમયથી તેણે અમેરિકા ઉપરથી પોતાના નિર્ભરતા ઘટાડવાના પ્રયાસ શરૂ કરી દીધા હતા. તેમાંય ૨૦૧૮થી તો તેણે સક્રિય રીતે અમેરિકા ઉપરની નિર્ભરતા ઓછી કરવાની રણનીતિ અપનાવી લીધી હતી. વાત એવી છે કે, ચીન દ્વારા જે એક્સપોર્ટ કરવામાં આવે છે તેમાંથી માત્ર ૧૪ ટકા એક્સપોર્ટ જ અમેરિકામાં થાય છે. ૧૪ ટકાની ઉપર ખાસ ધ્યાન નહીં આપીને બાકીના ૮૬ ટકામાંથી વધારે ફાયદો લેવાની રણનીતિ જ તેને સફળ બનાવી ગઈ છે.

હવે સમજવા જેવી વાત એ છે કે, ચીન પોતાના એક્સપોર્ટમાંથી ૧૭ ટકા એક્સપોર્ટ આસિયાન દેશોમાં કરે છે. તેવી જ રીતે યુરોપીયન યુનિયનને ૧૬ ટકા એક્સપોર્ટ કરે છે. અમેરિકાને ૧૪ ટકા એક્સપોર્ટ કરે છે અને જાપાન તથા સાઉથ કોરિયાને ૧૧ ટકા



એક્સપોર્ટ કરે છે.

દુનિયાના બાકીના તમામ દેશોને કુલ ૩૦ ટકા એક્સપોર્ટ કરે છે હવે આમ જોવા જઈએ તો અમેરિકાની આડોડાઈ કે ટેરિફના ત્રાગા માત્ર ૧૪ ટકા ઉપર જ લાગુ થવાના છે. તેની સામે ચીને કોઈ વાંધો લીધો જ નથી. તેણે અમેરિકાને ગરજ ઊભી થાય તેવી સ્થિતિ લાવી દીધી હતી. બીજી તરફ તેણે બાકીના દેશો સાથેનો વેપાર ખૂબ જ વધારી દીધો અને તેમાં વધુ નફો મળે તેવી રણનીતિ અપનાવી દીધી.

ચીનના વેપારની વાત કરીએ તો આ વર્ષે આસિયાન દેશોમાં તેનો વેપાર ૧૨.૮ ટકા વધ્યો છે. વિયેતનામ, ઈન્ડોનેશિયા, મલેશિયા, થાઈલેન્ડમાં ચીની વસ્તુઓની ડિમાન્ડ રેકોર્ડ સ્તરે છે. અહીંયા આરસીઈપી સમજૂતી કરવામાં આવેલી છે તેના કારણે ટેરિફ લગભગ શૂન્ય જેવો છે જેનો ચીનને સૌથી મોટો ફાયદો થયો છે. બીજી તરફ આફ્રિકામાં આ વખતે ચીનનું એક્સપોર્ટ ૧૮.૪ ટકા વધ્યું છે.

બેલ્ટ એન્ડ રોડ પ્રોજેક્ટને કારણે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનઝ્યૂમર ગુડ્સની ડિમાન્ડ ખૂબ જ વધી છે. તેવી જ રીતે બ્રાઝિલ, મેક્સિકો, ચિલી જેવા લેટિન અમેરિકાના દેશોમાં પણ ચીનની નિકાસ ૧૪થી ૧૬ ટકા સુધી વધી ગઈ છે. મિડલ ઈસ્ટમાં સાઉદી, યુએઈમાં કન્સ્ટ્રક્શન મટિરિયલ્સ અને ઈલેક્ટ્રોનિક્સની ડિમાન્ડ અધધ વધી છે. ભારત વચ્ચે ઘણા વિવાદ ચાલે છે છતાં ૨૦૨૨૫માં ચીનના વેપારમાં ૧૧.૨ ટકાનો વિકાસ થયો છે. એક સમય હતો જ્યારે આ બજારો નાના ગણાતા હતા પણ અમેરિકાની સરખામણીએ હવે આ બજારો મોટા થઈ ગયા છે. ટેરિફ વોરના કારણે ચીને પણ રણનીતિ બદલીને અમેરિકાને પડતું મુક્યું છે અને બાકીના દેશો ઉપર વધારે ધ્યાન આપવાનું શરૂ કર્યું છે. ચીન આ દેશોની મદદથી અમેરિકામાં તો પોતાનો માલ મોકલી જ રહ્યું છે અને અમેરિકા તેમાં કશું કરી શકે તેમ પણ નથી. ચીનની બીજી રણનીતિની વાત કરીએ તો તેણે બીજા દેશોમાં ફેક્ટરીઓ શરૂ કરી દીધી છે. તેણે વિયેતનામ, મેક્સિકો, થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા જેવા દેશોમાં કંપનીઓ શરૂ કરીને ફેક્ટરીઓ ધમધમતી કરી છે.

ચીન આ ફેક્ટરીઓમાં જ માલસામાન તૈયાર કરાવે છે અને સ્થાનિક લેબલિંગ સાથે દુનિયાભરના દેશોમાં એક્સપોર્ટ કરે છે. આશ્ચર્યની વાત એ છે કે, ૨૦૨૫માં અમેરિકાની મેક્સિકોથી આયાત ૨૨ ટકા અને વિયેતનામથી આયાત ૧૫ ટકા વધી છે. હવે આ બંને દેશઓની મોટાભાગની પ્રોડક્ટમાં ચીની મટિરિયલનો ઉપયોગ વધારે છે અથવા તો ચીની રોકાણ વધારે છે. અમેરિકાએ આ અંગે કડકાઈ કરવાના ઘણા પ્રયાસ કર્યા પણ તે ફાવ્યું નહીં.

ચીને ભલે અમેરિકાને મુખ્ય બજાર રાખ્યું નથી પણ તેના બજારમાં પહોંચવાના બીજા રસ્તા શોધી કાઢયા છે. ચીને નવા બજારો દ્વારા તેની ભરપાઈ કરી લીધી છે. ચીને સપ્લાય ચેન શિફ્ટ કરીને ટેરિફના બોજને બાયપાસ કરી કાઢયો છે.

જાણકારો માને છે કે, ચીની સરકારે એક્સપોર્ટર્સને ખૂબ જ સાથ અને સહકાર આપ્યો છે. તેમને સવલતો પણ એટલી જ આપી છે જેથી દેશની ઈકોનોમીને મોટો ફાયદો થાય. ચીન દ્વારા એક્સપોર્ટ ટેક્સ રિબેટ યોજનામાં ફેરફાર કરીને તેમાં વધારો કરવામાં આવ્યો. તે ઉપરાંત એક્સપોર્ટર્સ માટે સસ્તી લોન ઉપલબ્ધ કરાવવામાં આવી તથા તેમના માટે વ્યાજના દરો પણ ઓછા રાખવામાં આવ્યા. રેનમિન્બીને જાણીને નબળો રાખવામાં આવ્યો જેથી ચીનનો સામાન સસ્તા ભાવે વિદેશમાં જાય અને ત્યાંના માર્કેટને અસર કરે. ચીને છેલ્લાં સાત-આઠ વર્ષમાં પોતાની ટ્રેડ ગેમ જ બદલી કાઢી. હવે તે એવી પ્રોડક્ટ બનાવે છે જે ક્વોલિટી અને ઈનોવેશનમાં સારી હોવાની સાથે સાથે માર્કેટમાં પણ ટોચના સ્થાને ટકી રહે.

ભારત એક તરફ દુનિયાની ચોથા નંબરની સૌથી મોટી ઈકોનોમી હોવાનો જશ લઈ રહ્યો છે પણ વાસ્તવિક રીતે જોઈએ તો ઈકોનોમી એટલી સારી રીતે ચાલી રહી નથી. ભારતમાં ઈમ્પોર્ટ અને એક્સપોર્ટ ઉપર નજર કરીએ તો તેમાં મોટો તફાવત જોવા મળી રહ્યો છે. ભારતને એક તરફ ચીન સામે વાંધો છે. તેની સાથે સરહદ વિવાદ દાયકાઓથી ચાલી રહ્યો છે. તેમ છતાં ભારત ચીનના માલસામાન ઉપર નિર્ભરતા છોડી શકે તેમ નથી. આ વર્ષે પણ ભારતની ચીન પાસેથી થતી આયાતમાં ૧૧ ટકાનો વધારો થયો છે. ગત વર્ષની જ વાત કરીએ તો ભારતે ચીનને ૧૪.૨૫ અબજ ડોલરની નિકાસ કરી હતી જ્યારે તેની પાસેથી ૧૧૩.૫ અબજ ડોલરની આયાત કરી હતી. ભારતની ચીન સાથેની જ ટ્રેડ ડેફિસિટ ૯૯.૨ અબજ ડોલર છે. આટલો મોટો આંકડો ભારત કેવી રીતે પાર કરી શકશે તે વિચારવા જેવું છે. બીજી તરફ અમેરિકા છે. અમેરિકા સદીઓથી દુનિયાના દેશોને નચાવવા, લડાવવા અને ફસાવવા સિવાય બીજું કોઈ કામ કરતું નથી. હાલમાં રશિયા અને ભારતના સંબંધો તોડવા માટે તેણે ભારત ઉપર ટેરિફ બોમ્બ નાખ્યો. રશિયન ઓઈલની આયાત ઓછી કરવા દબાણ કર્યું. ભારત ત્યારે શરણે થઈ ગયું અને નારાજગી હોવા છતાં દબાવી દીધી. બીજી તરફ ચીન સામે બાથ ભીડવાની વાત કરે ત્યારે અમેરિકાને પેસિફિક ક્ષેત્રમાં ભારત પોતાનું સાથી ગણાય છે. આ સમયે ભારત પોરસાય છે. એકબાજુ અમેરિકા યુદ્ધ માટે ભારતને સાથી ગણાવીને હથિયારો એક્સપોર્ટ કરે છે અને તેના બાસમતી ચોખા ઉપર ૫૦ ટકાથી પણ વધારે ટેરિફ નાખવાની ધમકી આપે છે. ભારત પાસે કોઈ નક્કર વિદેશનીતિ કે વેપારનીતિ નથી અને તેના કારણે જ તેને મોટો ફટકો પડી રહ્યો છે. ભારતે ખરેખર તો ચીન પાસેથી બોધપાઠ લેવો જોઈએ. ચીને કેવી રીતે અમેરિકાની જ કંપનીઓ અને સાધનોનો ઉપયોગ કરીને અમેરિકાને જ ઘુંટણીયે લાવી દીધું છે. વેપાર હોય કે, યુદ્ધ હોય કે પછી કોઈપણ બાબત ચીન ઈચ્છે ત્યારે અમેરિકા સાથે શિંગડા ભેરવી શકે છે. ભારતે પણ આ રીતે આત્મનિર્ભરતાને મહત્ત્વ આપીને દેશની ઈકોનોમીને સાચા અર્થમાં મજબૂત કરવી પડશે.

૧૯૮૦ના દાયકમાં અમેરિકી કંપનીઓ ઓછા રોકાણ સાથે વધુ કામ કરાવવા માટે વિદેશ જવા લાગી હતી. તે વખતે ચીને સૌથી વધારે લાભ આપ્યો હતો. સસ્તો કાચો માલ, વિપુલ પ્રમાણમાં અને સસ્તા ભાવમાં શ્રમિકો, ઉદાર નિયમો બધું જ પૂરું પાડ્યું અને તેના કારણે વિદેશી કારખાનાઓ ચીનમાં ધમધમવા લાગ્યા. સ્થિતિ એવી બની કે જેમ જેમ પશ્ચિમની મોટી બ્રાન્ડ ચીનમાં જવા લાગી તેમ તેમ ચીને પોતનું પોત પ્રકાશવાનું શરૂ કરી દીધું. તેણે આ કંપનીઓ માટે વસ્તુઓ બનાવવાની સાથે સાથે પોતાની રીતે પણ આવી જ વસ્તુઓનું ઉત્પાદન શરૂ કરી દીધું. ચીની સરકારે આ ઉદ્યોગોને ખૂબ જ સાથ આપ્યો. અમેરિકન ટેક્નોલોજી અને માઈન્ડસેટને પરખીને ચીને પોતાનું બજાર વિકાસવી લીધું. હવે સ્થિતિ એવી છે કે હાલમાં ચીન ૯૪ પ્રોડક્ટ જાતે બનાવીને તેની નિકાસ કરે છે. ચીન હાલમાં દુનિયાની ૬૦ ટકાથી વધારે લેપટોપ, ૫૦ ટકાથી વધારે સ્માર્ટફોન, ૮૨ ટકાથી વધારે ફ્લેટ પેનલ ડિસ્પ્લે, ૬૪ ટકા સ્માર્ટફોન અને કોમ્યુનિકેશન સિસ્ટમના પાર્ટ્સ, ૬૦ ટકાથી વધારે સોલાર પેનલ્સ અને તેના ઉપકરણો, ૫૬ ટકા લિથિયમ-આયન બેટરી જેવી મહત્ત્વની વસ્તુઓ ચીન દ્વારા એક્સપોર્ટ કરવામાં આવે છે. મોટાભાગના ઈલેક્ટ્રોનિક્સ, કમ્પ્યૂટર અને મશિનરીના પાર્ટ્સ અને કાચા માલસામાન ચીન દ્વારા મોકલવામાં આવે છે. એક સમયે પછાત અને ગરીબ ગણાતું ચીન હવે ચાર દાયકા બાદ દુનિયાભરના દેશો ઉપર રાજ કરવા માંડયું છે.

## તંત્રી લેખ

# 'જૂઠા કેસ કરનારાઓને સજા આપતો કાયદો બનાવો'

સાંસદ રવી કિશનએ ખોટા કેસો કરનારાને સજા અપાવવા માટે કાયદો બનાવવાની માંગણી કરી છે. રવી કિશનએ લોકસભામાં શૂન્યકાળ દરમિયાન આ રજૂઆત કરી હતી. ખોટા કેસને કારણે નિર્દોષોએ માનસિક, સામાજીક અને આર્થિક તકલીફનો સામનો કરવો પડે છે. જૂઠા કેસ કરનારાઓ અને એ આરોપોને સાચા બતાવનાર તપાસ અધિકારીઓ ઉપર પણ કાર્યવાહી થઈ શકે એવો કાયદો બનાવવો જોઈએ. ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)ની કલમ ૨૪૮ હેઠળ નિર્દોષ જાહેર થયેલી વ્યક્તિ પર ખોટા આરોપ મૂકનાર સામે કેસ કરવાનો હક આપે છે. આ કાયદા હેઠળ પાંચ થી દસ વર્ષ સુધીની સજા થઈ શકે છે. જોકે આ કાયદા હેઠળ શરુઆતની તપાસ, ચાર્જશીટ, પુરાવા, સાક્ષી, દલીલો જેવી પ્રક્રિયામાંથી પસાર થઈને સજા સુધી પહોંચતા ઘણો સમય નિકળી જાય છે.

ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયા સુર્યકાંતની બેન્ચ એસઆઈઆર વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અરજીઓ પર સુનાવણી કરી રહી હતી. આ બાબતે થઈ રહેલી ઉપરાછાપરી અરજીઓને કારણે સીજેઆઇ નારાજ થઈ ગયા હતા. એમણે ટકોર કરી હતી કે આ બધી અરજીઓ પ્રસિદ્ધિ માટે થાય છે. સીજેઆઇ સુર્યકાંતે કહ્યું હતું કે અમે ફક્ત એસઆઈઆર બાબતે સંકળાયેલી વાતો પર ફોક્સ નથી કરતા પરંતુ સામાન્ય માણસો સાથે સંકળાયેલી ફરિયાદો પર પણ ધ્યાન આપીએ છીએ. એમણે એક ઉદાહરણ આપતા કહ્યું હતું કે, રેલવે અકસ્માતનો કિસ્સો જુઓ. એક વ્યક્તિનું ટ્રેક પર અવસાન થયું. અમે કેટલુંક વળતર આપ્યું હતું છતાં વારસદારોને કઈ મળ્યું નહોતું. વળતર નહીં મળવાથી તેઓ ગુમ થઈ ગયા હતા. અમે એમને શોધી કાઢીને વળતર અપાવ્યું. દિલ્હી હાઈકોર્ટે ગુગલ, મેટા અને એક્સને સૂચના આપી છે કે, ભૂતપૂર્વ ક્રિકેટર સુનિલ ગાવસ્કરની વિનંતી પર કાર્યવાહી કરવામાં આવે. ગાવસ્કરના ફોટાઓ તેમજ નામનો ખોટો ઉપયોગ કરનારના કનટેન્ટ હટાવીને ગાવસ્કરના પર્સનાલિટી રાઈટ્સનું રક્ષણ કરવામાં આવે. જસ્ટીસ મનમીત પ્રિતમસિંહ અરોરાએ ગાવસ્કરને કહ્યું હતું કે, તેઓ વાંધાજનક યુઆરએલની માહિતી સંબંધીત વ્યક્તિઓને આપે. આ કંપનીઓએ એક અઠવાડિયામાં કાર્યવાહી કરવી પડશે. કોર્ટે કહ્યું હતું કે, 'વિરોધ પક્ષને સૂચના આપવામાં આવે છે કે, આ ફરિયાદને એક કંપલેઈન તરીકે ગણવામાં આવે અને આજથી એક અઠવાડિયાની અંદર નિર્ણય લેવામાં આવે. સૂચનાના એક અઠવાડિયાની અંદર ફરિયાદીને એમના નિર્ણય બાબતે જાણ કરવામાં આવે.' ગાવસ્કરે કોર્ટમાં અરજી કર્યા પછી આ સૂચના આપવામાં આવી હતી. પશ્ચિમ બંગાળના મૂર્શિદાબાદ જિલ્લાના બેલડાંગામાં બનનાર બાબરી મસ્જિદ બાબતે કલકત્તા હાઈકોર્ટમાં એક જાહેર હીતની અરજી દાખલ કરવામાં આવી છે. અરજી કરનારનો આરોપ છે કે, જિલ્લા પ્રશાસનની પરવાનગી વગર બાબરી મસ્જિદનો શીલાન્યાસ કરવામાં આવ્યો છે. આ માટે કોઈ સરકારી પરવાનગી લેવામાં આવી નથી. હાઈકોર્ટના વકીલ અર્ણબકુમાર ઘોસએ મુખ્ય ન્યાયાધીશ વિજય પાલની બેન્ચ સમક્ષ અરજી કરીને હસ્તક્ષેપ કરવાની માંગણી કરી છે. અરજી કરનારની માંગણી છે કે આ મસ્જિદ રાજ્યમાં સાંપ્રદાયીક સદભાવ બનાવવાને બદલે સાંપ્રદાયીક તાંણ વધારશે.

# સ્વાર્થ વગર તો ઇશ્વર સાથે પણ કોઇ સંબંધ નથી રાખતું, એકવીસ રૂપિયાના પ્રસાદમાં આખી દુનિયાની લાલચ રાખે છે,એ પણ માનેલું કામ થયા પછી પ્રસાદ ધરાવે છે....





વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજના લેખમાં જોઈએ તો એક રાજાએ બે માણસોને મૃત્યુ દંડની સજા ફટકારી. તેમાંથી એક જાણતો હતોકે રાજા તેના ઘોડાને ખૂબ પ્રેમ કરેછે. તેણે રાજાને કહ્યું કે જો તે તેનો જીવ બચાવે, તો તે એક વર્ષમાં તેના ઘોડાને ઉડવાનું શીખવી દેશે.આ સાંભળીને,રાજા ખુશ થયો કે તે વિશ્વના એકમાત્ર ઉડતા ઘોડા પર સવારી કરી શકે છે.બીજા કેદીએ તેના મિત્ર તરફ અવિશ્વાસથી જોયું અને કહ્યું, તમે જાણો છો કે કોઈ ઘોડો ઉડી શકતો નથી!તમે આટલો ગાંડપણ નો વિચાર પણ કેવી રીતે કરી શકો? તમે તમારા મૃત્યુને એક વર્ષ માટે મુલતવી રાખી રહ્યા છો. 'પહેલા કેદીએ કહ્યું,'એવું નથી. મેં ખરેખર મારી જાતને સ્વતંત્રતા ની ચાર તકો આપી છે..૧.પહેલું, રાજા એક વર્ષમાં મરી શકે છે!૨. બીજું, હું મરી શકું છું!૩. ત્રીજું, ઘોડો મરી શકે છે!૪. અને ચોથું... કદાચ હું ઘોડાને ઉડવાનું શીખવી શકું છું!ખરાબમાં ખરાબ પરિસ્થિતિમાં પણ.'કોઈએ ક્યારેય આશા ન ગુમાવવી જોઈએ.ઉદાર મનુષ્યને પોતાના સુખ-દુઃખની એટલી ચિંતા નથી રહેતી, જેટલી બીજાઓના સુખ-દુઃખની રહે છે. ભગવાનબુદ્ધે પોતાના દુઃખની નિવૃત્તિ માટે સંસારને નહોતો ત્યાગ્યો,પરંતુ સંસારના સમસ્ત પ્રાણીઓને દુઃખથી મુક્ત કરવાના વિચારથી રાજમહેલનો ત્યાગ કરીને વનવાસી બન્યા હતા. એવા વ્યક્તિ જ શ્રેષ્ઠ કહેવાય છે. ઉદારતાથી મનુષ્યની માનસિક શક્તિઓનો અદ્ભૂત વિકાસ થાય છે.જે વ્યક્તિ પોતાના કમાયેલા ધનનું જેટલું વધુ દાન કરે છે, તે પોતાની અંદર વધુ ધન કમાવી શકવાનો એટલો જ અધિક આત્મવિશ્વાસ ઉત્પન્ન કરી લે છે. સાચા ઉદાર વ્યક્તિને પોતાની ઉદારતા માટે ક્યારેય અફસોસ ન કરવો પડે.ઉદાર વ્યક્તિની આત્મભત્સના નથી હોતી.સેવા ભાવથી કરવામાં આવેલ કોઈપણ કાર્ય માનસિક દૃઢતા લઈ આવે છે.પ્રકૃતિનો નિયમ છે કે કોઈપણ ત્યાગ વ્યર્થ નથી જતો.આ સૂ-મ આધ્યાત્મિક શક્તિરૂપે એ વ્યક્તિના મનમાં સંચિત થઈ જાય છે.બધા લોકોને પોતાના ભવિષ્યનો સદાય ભય રહે છે. તેઓ એ ચિંતામાં ડૂબેલા રહે છે કે જ્યારે કશું કામ નહીં કરી શકીએ તો પોતાની આજીવિકા કેવી રીતે ચલાવીશું? કેટલાય લોકોને પોતાની શાન જાળવી રાખવાની ચિંતા સતાવતી રહે છે,પરંતુ ઉદાર વ્યક્તિને આ પ્રકારે કોઈપણ ચિંતા નથી સતાવતી. જ્યારે તે ગરીબ પણ રહે છે, તો પણ સુખી રહે છે.તેને ભાવિ કષ્ટોનો ભય રહેતો જ નથી. ઉદાર પુરુષના મનમાં એ બધા અશુભ વિચાર નથી આવતા,જે સામાન્ય લોકોને સદા પીડિત કરે છે. એટલે ઉદાર બનો.ઉદારતા પ્રેમનું પરિષ્કૃત રૂપ છે.મનુષ્યના વ્યક્તિત્વને આકર્ષક બનાવનારી ઉદારતા જ છે. ઉદાર મનુષ્ય બીજાઓને પ્રેમ પોતાના સ્વાર્થ સાધન માટે નથી કરતો, પરંતુ તેમના કલ્યામ અને પોતાના સ્વભાવને કારણે કરે છે. તેનાથી

ઉદારતાયુક્ત પ્રેમ સેવાનું રૂપ ધારણ કરી લે છે. આ પ્રકારનો પ્રેમ દૈવી રૂપે પ્રકાશિત થાય છે. ઉદાર મનુષ્યને પોતાના સુખ- દુઃખની એટલી ચિંતા નથી રહેતી, જેટલી બીજાઓના સુખ-દુઃખની રહે છે. ભગવાન બુદ્ધે પોતાના દુઃખની નિવૃત્તિ માટે સંસારને નહોતો ત્યાગ્યો, પરંતુ સંસારના સમસ્ત પ્રાણીઓને દુઃખથી મુક્ત કરવાના વિચારથી રાજ મહેલનો ત્યાગ કરીને વનવાસી બન્યા હતા એવા વ્યક્તિ જ શ્રેષ્ઠ કહેવાય છે ઉદારતાથી મનુષ્યની માનસિક શક્તિઓનો અદ્ભૂત વિકાસ થાય છે.જે વ્યક્તિ પોતાના કમાયેલા ધનનું જેટલું વધુ દાન કરે છે, તે પોતાની અંદર વધુ ધન કમાવી શકવાનો એટલો જ અધિક આત્મવિશ્વાસ ઉત્પન્ન કરી લે છે. સાચા ઉદાર વ્યક્તિને પોતાની ઉદારતા માટે ક્યારેય અફસોસ ન કરવો પડે.ઉદાર વ્યક્તિની આત્મભત્સના નથી હોતી.સેવા ભાવથી કરવામાં આવેલ કોઈપણ કાર્ય માનસિક દૃઢતા લઈ આવે છે.પ્રકૃતિનો નિયમ છે કે કોઈપણ ત્યાગ વ્યર્થ નથી જતો.આ સૂ-મ આધ્યાત્મિક શક્તિરૂપેએ વ્યક્તિના મનમાં સંચિત થઈ જાય છે.બધા લોકોને પોતાના ભવિષ્યનો સદાય ભય રહે છે. તેઓ એ ચિંતામાં ડૂબેલા રહે છે કે જ્યારે કશું કામ નહીં કરી શકીએ તો પોતાની આજીવિકા કેવી રીતે ચલાવીશું? કેટલાય લોકોને પોતાની શાન જાળવી રાખવાની ચિંતા સતાવતી રહે છે, પરંતુ ઉદાર વ્યક્તિને આ પ્રકારે કોઈપણ ચિંતા નથી સતાવતી.જ્યારે તે ગરીબ પણ રહે છે,તો પણ સુખી રહે છે. તેને ભાવિ કષ્ટોનો ભય રહેતો જ નથી. ઉદાર પુરુષના મનમાં એ બધા અશુભવિચાર નથી આવતા,જે સામાન્ય લોકોને સદા પીડિત કરે છે. એટલે ઉદાર બનો. ઉદારતા પ્રેમનું પરિષ્કૃત રૂપ છે.મનુષ્યના વ્યક્તિત્વને આકર્ષક બનાવનારી ઉદારતા જ છે.ઉદાર મનુષ્ય બીજાઓને પ્રેમ પોતાના સ્વાર્થ સાધન માટે નથી કરતો, પરંતુ તેમના કલ્યામ અને પોતાના સ્વભાવને કારણે કરે છે.તેનાથી ઉદારતાયુક્ત પ્રેમસેવાનું રૂપ ધારણ કરી લે છે.આ પ્રકારનો પ્રેમ દૈવી રૂપે પ્રકાશિત થાય છે. ઉદાર મનુષ્યને પોતાના સુખ- દુઃખની એટલી ચિંતા નથી રહેતી, જેટલી બીજાઓના સુખ-દુઃખની રહે છે. ભગવાન બુદ્ધે પોતાના દુઃખની નિવૃત્તિ માટે સંસારને ન હોતો ત્યાગ્યો,પરંતુ સંસારના સમસ્ત પ્રાણીઓને દુઃખથી મુક્ત કરવાના વિચારથી રાજ મહેલનો ત્યાગ કરીને વનવાસી બન્યા હતા એવા વ્યક્તિ જ શ્રેષ્ઠ કહેવાય છે ઉદારતાથી મનુષ્યની માનસિક શક્તિઓનો અદ્ભૂત વિકાસ થાય છે.જે વ્યક્તિ પોતાના કમાયેલા ધનનું જેટલું વધુ દાન કરે છે, તે પોતાની અંદર વધુ ધન કમાવી શકવાનો એટલો જ અધિક આત્મવિશ્વાસ ઉત્પન્ન કરી લે છે. બીજી એક વાત જોઈએ તો અમરત્વનું ફળ માટીના ખેતરમાં નહીં,બલ્કે પવિત્રતા અને સાધનાના ખાતરમાં ઉછરેલ હૃદયની ક્યારીમાં ખીલે છે. ખેતરમાં ઉગેલ અનાજ અને બીજ અસ્થાયી હોય છે. સિઝન વીતી ગયા બાદ તેની ઉપયોગિતા ઓછી થવાની ચર્ચા આખા દેશ સમાજમાં થવા લાગે છે, કારણ કે ખેડૂતનું ધ્યાન હવે બીજા સિઝનલ બીજો અને ફળો તરફ પરિવર્તિત થઈ જાય છે.આ સંપૂર્ણ ધરતી અસ્થિરતા ના છોડ ઉગાડે છે.જૂની દુર્ઘટના ઓને ભૂલીને વ્યક્તિ નવા પડકારો અને સંઘર્ષોથી કંઈક નવું મેળવવાની આશા રાખીને પોતાના શ્રમનું રોકાણ નવી દિશા માં કરવા લાગે છે. એમ પણ આ નશ્વર જગતની કૃત્રિમ ધરામાં જે પણ ઉગે છે તે નિતાંત અસ્થાયી છે. છતાં આ નાશવંત સંસારમાં મનુષ્ય કોઈ એવી ચીજને ઉગાડવા માંગે છે કે મેળવવા માંગે છે જે ચિરકાલિક હોય.ગ્રાહક વણિક પાસે માંગ કરે છે કંઈક એવી વસ્તુ બતાવો જે ખરાબ ન થાય,પછી ભાવ તમે ગમે તે લો.પરંતુ તે કેવી રીતે દેખાડે? આ ક્ષણિક સંસારનું બધું જ નાશવંત જ છે. સ્થાયી વસ્તુ તો આ અસ્થાયી લોકમાં ક્યાં અને કેવી રીતે મળે?બધા અજ્ઞાન તાની ઓટમાં એકબીજાને મૂર્ખ બનાવતા-બનતા જાય છે.કોઈ હવેલી બનાવીને અમર થઈ જવા માંગે છે તો કોઈ મહેલ બનાવીને અમરત્વને પ્રાપ્ત કરવા માંગે છે, પરંતુ તેમાંથી કોઈપણ અમરત્વ પ્રાપ્ત કરવાની ક્ષમતા નથી ધરાવતું.અમરત્વ જો હોય તો સ્થાયિત્વની એ શાહી અને લખાણમાં છે જે પવિત્રતાની કલમથી દૈવીય સ્લેટ પર પ્રભુના નિર્દેશનાં લખવામાં આવે છે. દુષ્ટ સત્તાઓ એક દિવસે ધૂળમાં મળી જવા માટે અભિશપ્ત હોય છે. ચિરકાલિક સ્થાયિત્વ ફક્ત દેવ-સંરિક્ષત અદૃષ્ટ સત્તાઓ અને સંરચનાઓમાં સમાયેલી હોય છે. પોતાના મહત્ત્વના જોર પર અમરત્વની ગેરંટી આપનાર નીદણ રૂપી માનવ તેના નિર્ણયની પ્રચંડ આંધી સમક્ષ ટકી પણ નથી શકતા અને કાળનો કોળિયો બની જાય છે. તેથી અમરત્વનાં ફળ દૈવકૃપાના કૂંડા પર જ ખીલી શકવા સંભવ છે. અમરત્વનું ફળ માટીના ખેતરમાં નહીં,બલ્કે પવિત્રતા અને સાધનાના ખાતરમાં ઉછરેલ હૃદયની ક્યારીમાં ખીલેછે ખેતરમાં ઉગેલ અનાજઅનેબીજ અસ્થાયી હોય છે.સિઝન વીતી ગયા બાદ તેની ઉપયોગિતાઓછી થવાની ચર્ચા આખા દેશ-સમાજ માં થવા લાગે છે,કારણ કે ખેડૂતનું ધ્યાન હવે બીજાસિઝનલ બીજો અને ફળો તરફ પરિવર્તિત થઈ જાય છે.આ સંપૂર્ણ ધરતી અસ્થિરતાના છોડ ઉગાડે છે. જૂની દુર્ઘટનાઓને ભૂલીને વ્યક્તિ નવા પડકારો અને સંઘર્ષોથી કંઈક નવું મેળવવાની આશા રાખીને પોતાના શ્રમનું રોકાણ નવી દિશામાં કરવા લાગે છે.એમ પણ આ નશ્વર જગતની કૃત્રિમ ધરામાં જે પણ ઉગે છે તે નિતાંત અસ્થાયી છે.છતાં આ નાશવંત સંસારમાં મનુષ્ય કોઈ એવી ચીજને ઉગાડવા માંગે છે કે મેળવવા માંગે છે જે ચિરકાલિક હોય ગ્રાહક વણિક પાસે માંગ કરે છે કંઈક એવી વસ્તુ બતાવો જે ખરાબ ન થાય,પછી ભાવ તમે ગમે તે લો.પરંતુ તે કેવી રીતે દેખાડે? આ ક્ષણિક સંસારનું બધું જ નાશવંત જ છે. સ્થાયી વસ્તુ તો આ અસ્થાયી લોકમાં ક્યાં અને કેવી રીતે મળે?બધા અજ્ઞાન તાની ઓટમાં એકબીજાને મૂર્ખ બનાવતા-બનતા જાય છે. કોઈ હવેલી બનાવીને અમર થઈ જવા માંગે છે તો કોઈ મહેલ બનાવીને અમરત્વને પ્રાપ્ત કરવા માંગે છે, પરંતુ તેમાંથી કોઈપણ અમરત્વ પ્રાપ્ત કરવાની ક્ષમતા નથી ધરાવતું.અમરત્વ જો હોય તો સ્થાયિત્વની એ શાહી અને લખાણમાં છે. ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# કોંગ્રેસમાંથી ભાજપમાં ગયેલા કેપ્ટન અમરીંદરસિંહ ભાજપથી શા માટે નારાજ

પંજાબના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અમરીંદરસિંહે મોટુ નિવેદન આપ્યું છે. ભાજપની કામગીરીની ટીકા કરતા એમણે કહ્યું છે કે, કોંગ્રેસની માફક ભાજપ એમની સાથે વિચારોની આપલે નથી કરતો. આમ છતા એમણે કોંગ્રેસમાં પાછા ફરવાની વાતને રદિયો આપ્યો છે. એમના કહેવા પ્રમાણે કોંગ્રેસ છોડયા પછી એમણે જે રીતે મુખ્યમંત્રી પદથી હટાવવામાં આવ્યા હતા એને કારણે તેઓ હજી સુધી દુ:ખી છે અને આજ કારણે કોંગ્રેસમાં પાછા ફરવાનો કોઈ સવાલ નથી. એમણે કહ્યું હતું કે ભાજપના તમામ નિર્ણયો દિલ્હીથી લેવામાં આવે છે અને જમીન સાથે જોડાયેલા નેતાઓને પૂછવામાં આવતું નથી. મારી પાસે ૬૦ વર્ષનો રાજકીય અનુભવ છે. જોકે હુ મારી સલાહ ભાજપ પર થોપી શકુ નહીં. અમરિંદરસિંહે જોકે નરેન્દ્ર મોદીના વખાણ કર્યા હતા. એમના કહેવા પ્રમાણે મોદીને પંજાબ માટે ખાસ પ્રેમ છે. થોડા દિવસો પહેલા નવજોત કૌર સિધ્ધુએ એવું નિવેદન આપ્યું હતું કે ૫૦૦ કરોડ રૂપિયાની સૂટકેશ આપનાર પંજાબનો મુખ્યમંત્રી બની શકે છે. અમરીંદરસિંહે આ નિવેદનને અસ્થિર ગણાવ્યું હતું. એમણે નવજોતસિંહ સિધ્ધુને રાજકારણ છોડીને ક્રિકેટની કોમેન્ટ્રી પર ધ્યાન આપવા સલાહ આપી હતી. ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયા સૂર્યકાંતે સુપ્રિમ કોર્ટમાં એક ઐતિહાસીક જાહેરાત કરી હતી. એમણે કહ્યું હતું કે, ૨૦૨૬ના જાન્યુઆરી મહિનાથી દરેક કેસમા વકીલોની મૌખિક દલીલો માટે સમય મર્યાદા નક્કી કરવામાં આવશે. એમનો ઉદ્દેશ ન્યાય માટેના સમયનો સરખી વહેચણી કરવાનો છે કે જેથી ગરીબ અને સાધારણ વ્યક્તિઓને ધક્કા થાય નહી. સીજેઆઈએ આ ટીપ્પણી એફઆઈઆર સાથે સંકળાયેલી જાહેર હીતની અરજી સંદર્ભે કરી હતી. બેન્ચ સમક્ષ કેટલાક સિનિયર વકીલોએ લાંબી લાંબી દલીલો કરી હતી ત્યારે જ સીજેઆઈએ કહ્યું હતું કે આ સંપૂર્ણ રીતે અયોગ્ય છે. સીજેઆઈએ કહ્યું હતું કે હવે કોઈપણ વકીલ મનમરજીથી દલીલ કરી શકશે નહીં. કોઈ ગરીબ માણસ અકસ્માતમાં વળતર માટે આવે ત્યારે કેટલાક જાણીતા વકીલો કલાકો સુધી લાંબી દલીલો કરતા રહે છે એટલે ગરીબ માણસના કેસ માટે સમય રહેતો નથી. સીજેઆઈએ કહ્યું છે કે હવે દરેક વકીલે છેવટેની સુનાવણી વખતે લેખિત દલીલ રજુ કરવી પડશે. એમા લખવું પડશે કે એમની મૌખિક દલીલ કેટલા સમયમાં પુરી થશે.

વિશેષ એનઆઈએ કોર્ટે લોરેન્સ બિશ્નોઈના નાના ભાઈ અને આંતરરાષ્ટ્રીય ગેંગસ્ટર્સ અનમોલ બિશ્નોઈને દિલ્હીની તિહાર જેલમાં રાખવા માટે હુકમ કર્યો છે. એનઆઈએ દ્વારા કરવામાં આવેલી અરજીને કોર્ટે મંજૂર રાખી છે. અનમોલ બિશ્નોઈના પોલીસ રીમાન્ડ પુરા થયા પછી એમને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો હતો ત્યારે એનઆઈએ એ એને તિહાર જેલમાં રાખવાનો આગ્રહ રાખ્યો હતો. અનમોલ બિશ્નોઈની સુરક્ષા સામે જોખમ હોવાથી એને કોર્ટમાં રજૂ કરવામા આવ્યો નહોતો. એની સુનાવણી વિડિયો કોન્ફરન્સીંગથી કરવામાં આવી હતી. તે છતાં અનમોલે પોતે જાનને જોખમ હોવાની અરજી કરી હતી. એનઆઈએના કહેવા પ્રમાણે કેન્દ્રીય ગૃહમંત્રાલયે પણ એવો હુકમ કર્યો છે કે અનમોલ બિશ્નોઈને તિહાર જેલમાં જ રાખવામાં આવે. એના પર બીજા રાજ્યોમાં થયેલા કેસો માટે પણ એને બીજા રાજ્યોમાં લઈ જવામાં નહીં આવે.

૨૦૧૨ના વર્ષમાં એમના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનને કારણે યુપીએ સરકારે સત્તા ગુમાવવી પડી હતી. અન્ના હજારે ત્યાર પછી ખોવાઈ ગયા છે. હવે ઢળતી ઉંમરે એમણે ફરીથી આંદોલન કરવાનું નક્કી કર્યું છે. તેઓ ૨૦૨૬ની ૩૦મી જાન્યુઆરીથી મહારાષ્ટ્રના રાલેગણ સિધ્ધી ખાતે આમરણ ઉપવાસ પર બેસવાના છે. એમના કહેવા પ્રમાણે આ ઉપવાસ તેમના છેલ્લા શ્વાસ સુધી ચાલશે. અન્નાએ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખીને ચેતવણી આપી છે કે, જો એમના કહેવા પ્રમાણેનો કાયદો લાગુ નહી કરવામાં આવે તો તેઓ પોતાનો જીવ આપી દેશે. અન્ના હજારેની આ જાહેરાત પછી મહારાષ્ટ્ર સરકાર વિચારમાં પડી ગઈ છે.

# ભારતમાં 71 ટકા લોકો પોષણયુક્ત આહાર લઈ શકતા નથી

## ભારતે હથિયારો ખરીદવાની નહીં પણ ખેતીને સમૃદ્ધ કરીને મજબૂત પેઢી અને સશક્ત સમાજ કરવાની વધારે જરૂર છે

વિશ્વના અંદાજે 300 કરોડથી વધારે લોકો પોષણયુક્ત ભોજન કરી શકતા નથી. ઉલ્લેખનીય છે કે, કોરોના પહેલાં આ આંકડો 282 કરોડની આસપાસ હતો. સહારા ક્ષેત્ર અને આફ્રિકાના કેટલાક વિસ્તારોમાં તો 80 ટકા વધારે લોકોને પૌષ્ટિક ભોજન નહીં મળતું હોવાના અહેવાલો છે : ભારતમાં ૫૬ ટકાથી ૭૧ ટકા લોકો પૌષ્ટિક અને સ્વસ્થ ભોજન પ્રાપ્ત કરી શકતા નથી. ગત વર્ષે આવેલો એક અહેવાલ જણાવતો હતો કે, ભારતના 6 થી 23 મહિના સુધીના 77 ટકાથી વધારે બાળકો કુપોષણનો શિકાર છે : જાપાનમાં શોકુ ઈકુ નીતિ હેઠળ બાળકોનો ભોજનનું વિજ્ઞાન સમજાવવામાં આવ્યું. એક એવું માળખું તૈયાર કરવામાં આવ્યું કે, ભોજન માત્ર ખાવાની વસ્તુ નહીં પણ સંસ્કૃતિ, સમજ, સમાજ અને સ્વાસ્થ્યનો આધાર બની રહે

દુનિયામાં ચારે તરફ યુદ્ધનો, સંઘર્ષનો, પીડાનો, એકબીજા સામે આક્રોશનો માહોલ છે ત્યારે એક એવી બાબત સામે આવી છે જેના ઉપર ખરેખર વિચાર કરવો જોઈએ. તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્રનો એક અહેવાલ આવ્યો છે જેણે જણાવ્યું છે કે દુનિયામાં આજે પણ ૪૨ ટકા લોકો એવા છે જે પોષણયુક્ત ભોજનનો ખર્ચ ઉપાડી શકતા નથી. તેઓ બે ટંક ભોજન તો કરે છે પણ તેમને પોષણયુક્ત ભોજન મળતું નથી. વૈશ્વિક નીતિઓ, બજારોની સ્થિતિ, આર્થિક અસમાનતા અને સામાજિક અસમાનતાની સામે ઉઠેલા એવા સવાલો છે જેનો કોઈની પાસે નક્કર જવાબ નથી. વિશ્વના અંદાજે ૩૦૦ કરોડથી વધારે લોકો પોષણયુક્ત ભોજન કરી શકતા નથી. ઉલ્લેખનીય છે કે, કોરોના પહેલાં આ આંકડો ૨૮૨ કરોડની આસપાસ હતો.

જાણકારો માને છે કે, માણસને બે ટંક પૌષ્ટિક ભોજન કરવા જેવો સામાન્ય અધિકાર છે તે પણ તેને મળતો નથી. બજારમાં થઈ રહેલી ઉથલપાથલ અને સામાજિક અસમાનતાઓના કારણે માણસને ભોજન પણ ન મળી રહે તેવા વિશ્વનું કોઈ અર્થ જ સરતો નથી. વૈશ્વિક સ્તરે આફ્રિકા, સાઉથ એશિયા અને લેટિન અમેરિકાના ઘણા દેશોમાં ખાદ્ય સંકટ છે. ઘણા વિસ્તારોમાં લોકોને પૌષ્ટિક ભોજન મળતું નથી. સહારા ક્ષેત્ર અને આફ્રિકાના કેટલાક વિસ્તારોમાં તો ૮૦ ટકા વધારે લોકોને પૌષ્ટિક ભોજન નહીં મળતું હોવાના અહેવાલો છે. બીજી તરફ યુરોપ, ઓસ્ટ્રેલિયા અને ઉત્તર અમેરિકા જેવા ક્ષેત્રોમાં લોકોને સારું અને પૌષ્ટિક ભોજન મળી શકે તેમ છે પણ ત્યાંના લોકો ફાસ્ટફૂડની પાછળ અને પ્રોસેસ્ડ ફૂડની પાછળ વધારે ઘેલા થયા છે. તેના કારણે ઓબેસિટી અને અન્ય લાઈફસ્ટાઈલ ડિસિઝનું પ્રમાણ વધી ગયું છે.

દુનિયાનું ચિત્ર જે હોય તે પણ ભારતની સ્થિતિ વધારે ભયાનક છે. ભારતમાં વિકાસ થતો હોવાના દાવા કરાય છે, પોસ્ટરો બનાવાય છે, વાતો કરાય છે પણ વાસ્તવિકતા અત્યંત ભયાનક છે. ભારતના વિકાસની વિશાળ ઈમારતના પાયામાં કુપોષણનો લુણો લાગેલો છે અને તેના તરફ કોઈ નજર કરતું નથી. ભારતમાં ભોજન અને પોષણનું સંકટ વ્યાપક રીતે વકરેલું છે. ભારતમાં ૫૬ ટકાથી ૭૧ ટકા લોકો પૌષ્ટિક અને સ્વસ્થ ભોજન પ્રાપ્ત કરી શકતા નથી. તે ઉપરાંત ગત વર્ષે આવેલો એક અહેવાલ જણાવતો હતો કે, ભારતના ૬ થી ૨૩ મહિના સુધીના ૭૭ ટકાથી વધારે બાળકો કુપોષણનો શિકાર છે. મધ્ય ભારતમાં કુપોષણનું પ્રમાણ સૌથી વધારે છે.

દેશમાં કુપોષણ અને ભોજન સંબંધિત સમસ્યાઓને બે ભાગમાં વિભાજિત કરવામાં આવે છે. ગ્રામીણ ભારતમાં આજે પણ કુપોષણ, આર્યનની ઉણપ, ઓછું વજન, હિમોગ્લોબિનની ઉણપ જેવી બિમારીઓનું પ્રમાણ ખુબ જ વધારે છે. બાળકો અને મહિલાઓની પોષણની સ્થિતિ વધારે ચિંતાજનક છે. બીજી તરફ શહેરી ભારતમાં ભોજન મળી તો રહે છે પણ તેની ગુણવત્તા સૌથી



મોટો સવાલ ઊભો કરી રહી છે. સમયનો અભાવ, કામનો તણાવ અને ઝડપી કામગીરીને પગલે પેકેટ ફુડ, જંક ફુડ, પ્રોસેસ્ડ ફુડ અને ઠંડાપીણા રોજિંદા જીવનમાં ભોજનનો પર્યાય બની ગયા છે. એક તરફ કુપોષણ અને બીજી તરફ અતિપોષણ જેવી સ્થિતિ સર્જાઈ છે જે એકંદરે તો ભારતીય સમાજને મોટી હાની પહોંચાડી રહ્યા છે.

દેશમાં વધી રહેલી મોંઘવારીના કારણે દરેક વ્યક્તિ મુશ્કેલીમાં છે. ગૃહિણીઓના બજેટ ખોરવાઈ ગયા છે અને રોજિંદી જરૂરિયાતો પૂરી કરવામાં પણ સંઘર્ષ કરવો પડી રહ્યો છે જે ખરેખર ચિંતાજનક છે. દાળ, ખાદ્યતેલ, શાકભાજી, ફળ, દૂધ, કઠોળ, અનાજ વગેરેના ભાવ સતત વધે છે અને ગમે ત્યારે અસંતુલિત થઈ જાય છે. તેના પગલે જ લોકોના ભોજનમાં પણ અસંતુલન આવી રહ્યું છે. હાલમાં સ્થિતિ એવી છે કે, ભારતનો એક સરેરાશ પરિવાર પોતાની આવકનો અડધા કરતા વધારે હિસ્સો માત્ર કેલરી આધારિત ભોજન મેળવવામાં જ ખર્ચ કરી કાઢે છે. પૌષ્ટિક ભોજન આજે પણ તેમની પહોંચથી દૂર છે. આ સ્થિતિ જ જણાવે છે કે, પૌષ્ટિક ભોજનનો અભાવ માત્ર બજારની સમસ્યા નહીં પણ સામાજિક સુરક્ષાના અધિકારને પણ વેરવિખેર કરી નાખતી સમસ્યા છે. સમજવા જેવી બાબત છે કે, ભારતમાં આજે પણ ખેતીનો એક મોટો વર્ગ માત્ર ચોમાસા ઉપર આધારિત છે.

છેલ્લાં ઘણા સમયથી પલટાયેલી વાતાવરણની સ્થિતિ, ગ્લોબલ વૉર્મિંગના કારણે ભારતમાં વરસાદ, તાપ અને ઠંડીનું પ્રમાણ પણ અસંતુલિત થઈ ગયું છે. વરસાદના અયોગ્ય પ્રમાણના કારણે ખરીફ પાકમાં સમસ્યા આવી રહી છે. તેના કારણે ઉત્પાદકો હેરાન થઈ રહ્યા છે. તેમની પાસેથી પૂરતો માલ યોગ્ય ભાવમાં બજાર સુધી જતો નથી તેના કારણે બજારમાં ભાવ વધે છે.

બીજી વાત એવી છે કે, ભારતની ખાદ્ય સુરક્ષાની નીતિઓ જોઈએ તો તે મોટાભાગે ઘઉં અને ચોખા જેવા અનાજ ઉપર જ આધારિત છે. ખરેખર વ્યક્તિને સ્વસ્થ શરીર માટે વિવિધ પોષક તત્ત્વોની જરૂર પડે છે અને વર્તમાન સ્થિતિમાં લોકો તે મેળવી શકે તેવી હાલતમાં નથી.

ભારતમાં ફળો, ઈંડા, શાકભાજી, દાળ, કઠોળ, ડેરી પ્રોડક્ટ જેવી ખાદ્ય સામગ્રીઓ જાહેર વિતરણ કે સરકારી પોષણ કાર્યક્રમોનો ક્યારેય ભાગ બની શક્યા નથી. તેના કારણે મધ્યાન ભોજનમાં પણ પૂરતા પ્રમાણમાં પૌષ્ટિક ભોજનનો લાભ મળતો નથી. તેના કારણે બાળકોને સંપૂર્ણ ભોજન મળતું નથી અને તેઓ પૌષ્ટિક ભોજનથી વંચિત રહે છે. દુનિયાના એવા ઘણા દેશો છે જેણે ભોજનને રાષ્ટ્ર વિકાસનો પાયો બનાવીને કામગીરી કરી અને અદ્વિતિય સફળતા પ્રાપ્ત કરી છે. બ્રાઝિલની ભુખમરાની ઝીરો ટોલરન્સ નીતિ અને અભિયાન તેનું ઉત્તમ ઉદાહરણ છે. તેના દ્વારા સ્થાનિક ખેતીને પ્રોત્સાહન મળ્યું, ખેત પેદાશો અને એગ્રી પ્રોડક્ટ સાથે સંકળાયેલા ઉદ્યોગોને સબસિડી મળી અને પોષણ કાર્યક્રમો દ્વારા લાખો લોકો સુધી પૌષ્ટિક ભોજન પહોંચાડી શકાયું.

અન્ય દેશોની વાત કરીએ તો જાપાનમાં શોકુ ઈકુ નીતિ હેઠળ બાળકોનો ભોજનનું વિજ્ઞાન સમજાવવામાં આવ્યું. એક એવું માળખું તૈયાર કરવામાં આવ્યું કે, ભોજન માત્ર ખાવાની વસ્તુ નહીં પણ સંસ્કૃતિ, સમજ, સમાજ અને સ્વાસ્થ્યનો આધાર બની રહે. સાઉથ કોરિયામાં પણ પ્રોસેસ્ડ ફૂડ ઉપર સખત નિયંત્રણો મુકવામાં આવ્યા છે જેના કારણે લાઈફસ્ટાઈલ ડિસિઝમાં મોટાપાયે ઘટાડો જોવા મળ્યો છે. ભારતે આ દેશો પાસેથી બોધપાઠ લઈને પોતાના કાર્યક્રમોને વધુને વધુ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણવાળા અને આધુનિક બનાવવા જોઈએ. આમ જોવા જઈએ તો પોષણના અભાવની અસર માત્ર વ્યક્તિગત સ્તરે નહીં પણ વ્યાપક સ્તરે પડે છે. તેનાથી કાર્યક્ષમતા, શિક્ષણ, ઉત્પાદકતા વગેરે પ્રભાવિત થાય છે. નબળા અને કુપોષિત બાળકો સ્કુલમાં સારો દેખાવ કરી શકતા નથી. કુપોષિત યુવાનો સમાજમાં સક્રિય યોગદાન આપી શકતા નથી. તેના કારણે સરેરાશ દેશના વિકાસને જ મોટાપાયે નકારાત્મક અસર પડે છે. ભારતમાં ખેતીને અને ખેતપેદાશોને નુકસાન થવાનું બીજું મોટું કારણ જંતુનાશકો અને રસાયણોનો અવિચારી ઉપયોગ પણ છે. તેના કારણે ખાદ્યાન્નમાં જંતુઓ તો મરી જ જાય છે પણ સાથે સાથે પોષણ પણ ઘટી જાય છે. ખેડૂતો દ્વારા ફળો, શાકભાજીઓમાં આડેધડ રીતે જંતુનાશકોનો છંટકાવ કરવામાં આવી છે. તેના કારણે લાંબા સમયે લોકોને પોષણ મળવાના બદલે કેન્સર જેવી ગંભીર બિમારીઓ થતી હોવાના ચોંકાવનારા અહેવાલો આવ્યા છે. વૈજ્ઞાનિક સંશોધનો જણાવે છે કે, જંતુનાશકો અને અન્ય રસાયણોનો અતિશય ઉપયોગ કર્યા બાદ તેના કેટલાક અંશ ફળો અને શાકભાજીમાં રહી જાય છે. આવા ફળો અને શાકભાજીના લાંબા સમય સુધી સેવન કરવાથી લોકોમાં વિવિધ બિમારીઓ વધે છે, મહિલાઓમાં હોર્મોનલ ચેન્જિસ થવા લાગે છે, કેન્સર, ફેફસા, લિવર વગેરેની સમસ્યાઓ પણ વધવા લાગે છે. ખેતીમાં ખેડૂતોને સ્વસ્થ, સ્વચ્છ વિકલ્પોની પૂરતી જાણકારની મળે તો આ સ્થિતિમાંથી બચી શકાય છે.

જૈવિક ખેતી અને ઓછા રસાયણોના ઉપયોગની ચર્ચા થાય છે પણ પાયાના સ્તર સુધી તેની માહિતી કે પદ્ધતિ પહોંચતા નથી અને તેથી કૃષિને ખાસ લાભ થતો નથી. ખેડૂતો પાયમાલ થતા જાય છે અને લોકોના સ્વાસ્થ્યને પણ નુકસાન થતું જાય છે.

દેશમાં છેલ્લાં એક દાયકાથી માત્ર વિકાસની વાતો થઈ રહી છે. આ વિકાસના નામે કોંક્રિટના જંગલો વિસ્તારવાનું કામ થઈ રહ્યું છે. ખેતરો, જંગલો કાપીને સાફ કરીને મોટા મોટા રસ્તા બનાવાઈ રહ્યા છે, એરપોર્ટ બનાવાઈ રહ્યા છે. આધુનિક યુગમાં રહેવા માટે આધુનિક સુવિધાઓ જોઈએ તે યોગ્ય છે પણ આધુનિકતાના નામે સંસ્કૃતિ અને ખેતીનો નાશ કરવો યોગ્ય નથી. ભારતમાં લોકોને બે ટંક પૂરતું ભોજન મળતું નથી અને સરકાર હથિયારો ખરીદવામાંથી નવરી પડતી નથી. લોકની પાસે રહેવા માટે ઘર નથી, સારવાર માટે યોગ્ય સાધનો અને સંસાધનો નથી ત્યાં સરકારે પાકિસ્તાન અને ચીન સાથે યુદ્ધના ભયથી કરોડો રૂપિયાના હથિયારો ખરીદે છે. ભારત જેની સાથે સ્પર્ધામાં ઉતર્યો છે તે ચીન, અમેરિકા, જર્મની, જાપાન જેવા દેશોમાં ખેતીની અત્યાધુનિક પદ્ધતિ અપનાવાયેલી છે. ઈઝરાયેલ કે જેની પાસે જમીન નથી, ચોખ્ખું પાણી નથી છતાં ટેક્નોલોજીની મદદથી અદ્વિતિય ખેતી કરી રહ્યું છે. ચીનમાં ડ્રોન અને રોબોટ્સ દ્વારા ખેતરો ખેડવાથી માંડીને તેમાં બિયારણ નાખવા, ખાતર નાખવા અને તેનું ધ્યાન રાખવા જેવી તમામ કામગીરી કરવામાં આવે છે. તમામ મોટા દેશો દ્વારા પોતાની ખેતી અને ખેત ઉત્પાદનોને પ્રાધાન્ય આપીને વિકાસ કરવામાં આવી રહ્યો છે.

### જિલ્લાના કુલ ૬૨,૫૯,૬૨૦ મતદારો પૈકી ૪૮,૦૧,૩૮૬ મતદારોના એન્યુમરેશન ફોર્મ ભરાઈને પરત આવ્યા

# SIR સંદર્ભે અમદાવાદ જિલ્લાની કામગીરીની સમીક્ષા કરતાં રોલઓબ્ઝર્વર મુકેશ કુમાર....

## અનમેપ્ડ રહેલા ૧૦,૪૩,૪૨૭ મતદારોના પુરાવા એકત્ર કરવા ૧૯મી ડિસેમ્બર સુધી વિશેષ ડ્રાઇવ યોજાશે

**૧૯મી ડિસેમ્બરે જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓ ખાતે ઊભા કરાયેલા સહાયતા કેન્દ્રો ખાતે ડ્રાફ્ટ યાદી જોઈ શકાશે, વાંધા-દાવાઓ પણ રજૂ કરી શકાશે**

**અમદાવાદ, તા. 14**

અમદાવાદ જિલ્લામાં ચૂંટણી તંત્ર દ્વારા મતદારયાદી ખાસ સઘન સુધારણા ઝુંબેશ(SIR) અંતર્ગત ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ત્યારે આ સંદર્ભે કલેક્ટર કચેરી ખાતે રોલ ઑબ્ઝર્વર મુકેશ કુમારની અધ્યક્ષતામાં તમામ ૨૧ વિધાનસભા મતવિસ્તારોના ERO સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી.



આ અંગે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુજીત કુમારે વિગતો આપતાં જણાવ્યું હતું કે અમદાવાદ જિલ્લામાં રાજ્યના કુલ મતદારોના ૧૨ ટકાથી વધારે મતદારો નોંધાયેલા છે અને તેટલા જ પ્રમાણમાં વિધાનસભા બેઠકો પણ છે. આટલી વિશાળ સંખ્યામાં મતદારો હોવા છતાં જિલ્લામાં SIR સંદર્ભે નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે.

જે મુજબ જિલ્લામાં નોંધાયેલા કુલ ૬૨,૫૯,૬૨૦ મતદારો પૈકી ૪૮,૦૧,૩૮૬ મતદારોના એન્યુમરેશન ફોર્મ ભરાઈને પરત આવ્યા છે. જ્યારે કુલ ૧૪,૫૮,૨૬૯ મતદારોના ફોર્મ ASD એટલે કે મૃત્યુ પામેલા, ગેરહાજર (Untraceable/Absent), કાયમી ધોરણે સ્થળાંતરિત(Permanently Shifted) અને અન્ય કારણોસર પરત જમા થયા નથી.

બીજી તરફ, અનમેપ્ડ રહેલા ૧૦,૪૩,૪૨૭ મતદારોની યાદી પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ માટે તા. ૧૬મી ડિસેમ્બર સુધી BLO દ્વારા વિશેષ ડ્રાઈવ હેઠળ પુરાવા એકત્રિત કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા રજૂ કરવામાં આવેલી વિગતોના આધારે અગ્રસચિવ મુકેશ કુમારે જરૂરી સૂચનો પણ કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદ કલેક્ટર કચેરી સહિત જિલ્લાની તમામ પ્રાંત કચેરીઓ તેમજ અન્ય સરકારી કચેરીઓ ખાતે ખાસ મતદાર સહાયતા કેન્દ્રો પણ ઊભાં કરવામાં આવ્યાં છે. આગામી તા. ૧૯ ડિસેમ્બરના રોજ ડ્રાફ્ટ યાદી જાહેર કરવામાં આવશે, જે આ તમામ કેન્દ્રો પર ઉપલબ્ધ રહેશે અને મતદારો પોતાના વાંધાઓ તથા હક-દાવાઓ રજૂ કરી શકશે.

આજે યોજાયેલી આ બેઠકમાં અધિક જિલ્લા ચૂંટણી અધિકારી યોગેશ ઠક્કર તેમજ વિવિધ વિધાનસભા મતવિસ્તારના ERO ઉપસ્થિત રહ્યા હતા.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ચિત્રલેખાના ૭૫ વર્ષની ઉજવણીમાં સહભાગી થયા

**જાણીતા ભાગવત કથાકાર ભાઈ રમેશભાઈ ઓઝા અને ચિત્રલેખાના ચેરમેન મૌલિક કોટકની ઉપસ્થિતિ**

**ગાંધીનગર, તા. 14**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ચિત્રલેખાના ૭૫ વર્ષની ઉજવણીમાં જણાવ્યું હતું કે દેશમાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જયંતી તેમજ વંદે માતરમની પણ ૧૫૦ વર્ષની ઉજવણી ચાલી રહી છે ત્યારે ચિત્રલેખાની ૭૫ વર્ષની ઉજવણીનો સુભગ સમન્વય રચાયો છે. ગુજરાતી પરિવારોનું સભ્ય બની ગયેલું ચિત્રલેખા ગુજરાતી સાહિત્ય અને સમાજજીવનનું પ્રતિબિંબ રહ્યું છે, એવું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાનએ હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશી અભિયાન શરૂ કર્યું છે ત્યારે ચિત્રલેખા જનજાગૃતિ માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. વિકસિત ભારતના નિર્માણ માટે પંચ પ્રણ અને ૧૧ સંકલ્પો બાબતે વાચકોમાં વધારે જાગૃતિ લાવી શકે છે.



મુખ્યમંત્રીએ ચિત્રલેખાને ગુજરાતી ભાષા અને સંસ્કૃતિનું બ્રાન્ડ એમ્બેસેડર ગણાવીને ગુજરાત બહાર મુંબઈ તેમજ દેશવિદેશમાં તેના પ્રસાર અંગે રાજીપો વ્યક્ત કર્યો હતો. ચિત્રલેખાએ ઈન્ટરનેટના જમાનામાં પણ પ્રિન્ટ મીડિયાની સર્વોપરિતા જાળવી રાખી છે, એવું ઉમેર્યું હતું.

સમાચાર, સાહિત્ય અને સમીક્ષામાં ચિત્રલેખા સદા અગ્રેસર રહ્યું છે અને સ્પર્ધામાં લોકપ્રિયતા ટકાવી રાખી છે, એવું જણાવી કહ્યું હતું કે આ સામયિકમાં લખનારા નગીનદાસ સંઘવી, તારક મહેતા અને ગુણવંત શાહને પદ્મ પુરસ્કારથી સન્માનિત કરાયા છે, એ ગૌરવની વાત છે.

જાણીતા ભાગવત કથાકાર ભાઈ રમેશભાઈ ઓઝાએ ચિત્રલેખાના ૭૫ વર્ષના યોગદાનને બિરદાવીને શતાબ્દી ઊજવવા આશીર્વચન પાઠવ્યા હતા. ભાઈએ વજુભાઈ કોટક તેમજ મધુરીબહેનનું યુગલ રાધાકૃષ્ણની યાદ અપાવે છે, એવું ઉમેર્યું હતું.

ભાઈએ વધુમાં જણાવ્યું હતું કે સામયિકોના બાળમરણનું પ્રમાણ મોટું છે ત્યારે ચિત્રલેખાએ ૭૫ વર્ષ પૂરાં કર્યાં છે, એ તેની પ્રતિષ્ઠા અને લોકાદરને પ્રમાણિત કરે છે.

આ પ્રસંગે ચિત્રલેખાના ચેરમેન મૌલિક કોટકે સ્વાગત પ્રવચન કર્યું હતું અને ચિત્રલેખામાં યોગદાન આપનારા હરકિશન મહેતા સહિતના લેખકો-પત્રકારોને યાદ કર્યા હતા. મનન કોટકે વજુભાઈ અને મધુરીબહેનના સંઘર્ષની સાથે સાથે ચિત્રલેખાની ૭૫ વર્ષની સફરને વર્ણવી હતી.

# પાટડીમાં રૂ. 15 કરોડના ખર્ચે નવી સરકારી કોલેજ ખુલ્લી મુકાઈ....

**મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ કહ્યું, 'વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે સુરેન્દ્રનગર જવું પડતું હતું, જે સમસ્યાનો હવે ઉકેલ આવ્યો'**

**સુરેન્દ્રનગર, તા. 14**

પાટડી ખાતે સામાજિક ન્યાય, અધિકારિતા અને શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાના અધ્યક્ષસ્થાને સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજના નવનિર્મિત બિલ્ડિંગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કોલેજનું નિર્માણ આશરે રૂ. 15 કરોડના ખર્ચે થયું છે. આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું કે, આ નવી કોલેજ સમગ્ર જનતાને સમર્પિત છે. મંત્રી ડૉ. વાજાએ ઉમેર્યું હતું કે, અત્યાર સુધી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે 50થી 60 કિલોમીટર દૂર સુરેન્દ્રનગર જવું પડતું હતું, જે સમસ્યાનો હવે કાયમી ઉકેલ આવી ગયો છે. તેમણે પાટડીની ધરતીને માતા શક્તિનું પ્રાગટ્ય ધામ, રામદેવપીરનું સ્થાન અને વર્ણીન્દ્ર ધામનો ત્રિવેણી સંગમ ગણાવ્યો હતો. નવનિર્મિત કોલેજ બિલ્ડિંગમાં વિદ્યાર્થીઓ માટે તમામ આધુનિક સગવડો ઉપલબ્ધ છે. તેમાં 22 ખંડો, છ લેબોરેટરી, ડિજિટલ શિક્ષણ, સ્માર્ટ ક્લાસ, આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વાઈફાઈ અને ડિજિટલ લાઈબ્રેરી જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે.

શિક્ષણના મહત્વ પર ભાર મૂકતા મંત્રીએ જણાવ્યું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત સરકારનું સપનું છે કે આજનો વિદ્યાર્થી કોલેજનું શિક્ષણ પૂરું કર્યા બાદ નોકરીની શોધ કરનાર નહીં, પરંતુ અન્ય લોકોને નોકરી આપનાર બને. ગુજરાત સરકારે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે માળખાગત વિકાસ, નવી યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓની સ્થાપના કરી છે. સરકારે તાજેતરમાં નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી યોજના, મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશિપ યોજના અને મુખ્યમંત્રી જ્ઞાન સેવા મેરિટ સ્કોલરશિપ યોજના દ્વારા આશરે 13 લાખ વિદ્યાર્થીઓને રૂ. 370 કરોડનું વિતરણ કર્યું છે. વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પ્રક્રિયાને પારદર્શક અને સરળ બનાવવા માટે GICAS નામની કેન્દ્રીકૃત એડમિશન સિસ્ટમ પણ શરૂ કરવામાં આવી છે.

મંત્રીએ વિદ્યાર્થીઓને કોલેજનું શિક્ષણ પૂર્ણ કરીને સમાજમાં એક જવાબદાર નાગરિક તરીકે જવા માટે ઈમાનદારી, શ્રેષ્ઠતા, માન-સભ્યતા, સમાજસેવા અને જીવનમાં સંતુલન - આ પાંચ સિદ્ધાંતોને અનુસરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે સાંસદ ચંદુ શિહોરાએ સ્વદેશી અપનાવવા પર ભાર મૂક્યો હતો અને 2047 સુધીમાં ભારતને નંબર વન દેશ બનાવવામાં સહભાગી બનવા જણાવ્યું હતું. ધારાસભ્ય પી.કે. પરમારે આ વિસ્તારમાં સુરેન્દ્રનગરથી માલવણ પાટડી થઈને બહુચરાજી સુધીના રસ્તાને ફોર લેન કરવા માટે રૂ. 856 કરોડ અને પાટડી સામૂહિક આરોગ્ય કેન્દ્રને સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલની મંજૂરી માટે રૂ. 55 કરોડ ફાળવવામાં આવ્યા હોવાની માહિતી આપી, જે વિકાસ પ્રત્યેની સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# ત્રણ સભ્યોની સ્કૂટિની સમિતિની બેઠકમાં એક ઉમેદવારીપત્રક અમાન્ય થયું : સૌથી મોટી અગ્રણી સંસ્થા ગાંધીધામ ચેમ્બર બિનહરીફ જાહેર....

**ગાંધીધામ, તા. 14**

કચ્છ વિસ્તારની પ્રતિષ્ઠિત સંસ્થા "ધી ગાંધીધામ ચેમ્બર ઑફ કૉમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી" ની વર્ષ-2026-27 ની મેનેજિંગ કમિટી માટેની ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તા.12/12હતી જેમાં કુલ 25 બેઠકો માટે 26 ઉમેદવારીપત્રકો નોંધાયા હતા.

ચૂંટણીની પ્રક્રિયાને આગળ વધારતાં નોંધાયેલા તમામ ઉમેદવારોના ઉમેદવારી પત્રકોની ચકાસણી માટે ત્રણ સભ્યોની સ્કૂટિની સમિતિની આજે તા.13/12/ના રોજ બેઠક મળી હતી. જેમાંથી આજે ચકાસણી બાદ એક ઉમેદવારનું ફૉર્મ અમાન્ય ઠર્યું છે. સ્કુટિની કમિટીના ત્રણ જ્યુરી સભ્યો એડવોકેટ શાંતિલાલ ખાંડેકા, ડૉ. સરમણ એલ. સોલંકી અને સુમિત વેણુગોપાલને, દરેક ફૉર્મની વિગતવાર ચકાસણી કરી હતી.





આ પ્રક્રિયામાં જીતુ શંકર વઝીરાણીનું નોમિનેશન ફૉર્મ અમાન્ય જાહેર થયું હતું અને બાકીના 25 ઉમેદવારી પત્રો માન્ય રહ્યા હતા. 25 બેઠકો માટે 25 જ માન્ય ઉમેદવારો હોવાથી ચૂંટણીના પ્રિસાઈડીંગ કમ-રીટર્નીંગ ઓફિસર વાચોનિધિ આર્ય દ્વારા 25 ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરાયા હતા.

ચેમ્બર ઓફ કોમર્સની આ ચૂંટણી પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શકતા અને લોકશાહી પરંપરાનું પાલન કરીને સંપન્ન થઈ રહી છે. પ્રિસાઈડિંગ-કમ-રિટર્નિંગ ઑફિસર આગેવાનીમાં ચૂંટણી પ્રક્રિયાની સૌહાદપૂર્ણ વાતાવરણમાં નિષ્પક્ષતાપૂર્વક હાથ ધરાઈ હોવાનું વાચોનીધી આર્યએ જણાવ્યું હતું.

હરીશ માહેશ્વરી,એ.એફ. શેઠના,નવનીત ગજ્જર,જગદીશ ન્હાટા, કમલેશ રામચંદાણી, મહેશ પુજ, મનોજ મનસુખાણી, લક્ષ્મણભાઈ આહીર, મહેશ તીર્થાણી, અનિમેષ મોદી, શરદ ઠક્કર, જતિન અગ્રવાલ, પારસમલ ન્હાટા, શરદ શેટ્ટી, દીપક પારેખ, દીપક બજાજ, તેજાભાઈ કાનગડ, હેમચંદ્ર યાદવ, રાકેશ કુમાર જૈન, કૈલેશ ગોર, રાજીવ ચાવલા, રાજેશ ચંદનાણી, તેજસ શેઠ, નરેન્દ્ર રામાણી અને મુળજી ઠક્કરના ઉમેદવારીપત્રક માન્ય રહ્યા હતા.

ગાંધીધામ ચેમ્બરના વર્તમાન પ્રમુખ મહેશ પૂંજ અને પૂર્વ પ્રમુખ તેજાભાઈ કાનગડની ટીમ દ્વારા મનપા માટે માંગ હોય, ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલનો દરજ્જો આપવાની વાત હોય, વીજ કંપનીની પેટા વિભાગીય કચેરી હોય કે કંડલા એરપોર્ટનું વિસ્તરણ હોય કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સાથે સૂચારૂ રજૂઆતો કરી ન માત્ર ગાંધીધામ શહેર પરંતુ કચ્છ જિલ્લા માટે હરહંમેશ અગ્રેસર રહેવાની કાર્યશૈલીને લઈ તેમના ઉપરનો વિશ્વાસ કાયમ રહ્યો છે.

**DAV ઇન્ટરનેશનલ સ્કૂલ, મકરબા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ વિવિધ કૌશલ્યોનું પ્રદર્શન કર્યું**

# સમગ્ર શિક્ષા, ગાંધીનગર અને DEO અમદાવાદ (ગ્રામ્ય) દ્વારા જિલ્લા કક્ષાના 'કૌશલ્યોત્સવ' (સ્કિલ કોમ્પિટિશન)નું સફળ આયોજન....





**ગાંધીનગર, તા. 14**

સમગ્ર શિક્ષા, ગાંધીનગર અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ (ગ્રામ્ય)ના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કક્ષાના કૌશલ્યોત્સવ (સ્કિલ કોમ્પિટિશન) ૨૦૨૫-૨૬નું ભવ્ય આયોજન DAV ઈન્ટરનેશનલ સ્કૂલ, મકરબા ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં વિવિધ વ્યવસાયલક્ષી કૌશલ્યોનો વિકાસ કરવાનો અને તેમને પ્રોત્સાહિત કરવાનો હતો.

જિલ્લાની કુલ ૪૪ શાળાઓના ૧૪૦ વિદ્યાર્થીઓ અને ૮૦ વોકેશનલ ટ્રેનર્સ દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ હાર્ડવેર, પ્લમ્બિંગ, ટુરીઝમ એન્ડ હોસ્પિટાલીટી, એગ્રિકલ્ચર, રિટેલ, આઈટી, હેલ્થ કેર, અપરેલ એન્ડ હોમ ફર્નિશિંગ, અને બ્યુટી એન્ડ વેલનેસ જેવા ૧૦ અલગ-અલગ ટ્રેડમાં નૂતન પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા.

પ્રોજેક્ટ્સના મૂલ્યાંકન માટે પ્રતિષ્ઠિત મહાનુભાવો, જેમાં ડો. વિજયભાઈ પટેલ (કૌશલ્ય - ધ સ્કીલ યુનિવર્સિટી), ડો. ઉદયભાઈ ત્રિવેદી (સરકારી પોલિટેકનિક કોલેજ), અને પ્રીતિબેન મહેતા (ગુજરાત કૃષિ વિજ્ઞાન મંડળ)નો સમાવેશ થાય છે, તેમણે નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી.

સ્પર્ધાના અંતે વિજેતા શાળાઓની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, દેવધોલેરા (તા. બાવળા) એ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ હાર્ડવેર ટ્રેડમાં 'કચરાનું વ્યવસ્થાપન' પ્રોજેક્ટ રજૂ કરીને પ્રથમ સ્થાન મેળવ્યું હતું. દ્વિતીય સ્થાન તલકચંદ ઝબકબા વિસલપુર હાઈસ્કૂલ (તા. દસક્રોઈ)એ એગ્રિકલ્ચર ટ્રેડમાં 'બાયો ચારકોલ' પ્રોજેક્ટ માટે મેળવ્યું હતું. જ્યારે તૃતીય સ્થાન સંયુક્ત રીતે બે શાળાઓએ પ્રાપ્ત કર્યું હતું: શેઠ અમુલખ વિદ્યાલય (તા. સિટી)એ આઈટી-ઈલેક્ટ્રોનિક્સ ટ્રેડમાં 'વેસ્ટ પ્લાસ્ટિક ઈલેક્ટ્રિસિટી' પ્રોજેક્ટ માટે અને ઉત્કર્ષ વિદ્યાલય (તા. સિટી)એ આઈટી ટ્રેડમાં 'QICS' પ્રોજેક્ટ માટે આ સિદ્ધિ મેળવી હતી. જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત કરનાર સરકારી શાળા હવે રાજ્યકક્ષાની સ્કીલ કોમ્પિટિશનમાં ભાગ લેવા જશે.

આ સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન જિલ્લા શિક્ષણાધિકારી ડો. બી.એન. પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું, જેમાં યજમાન શાળાના આચાર્યશ્રી ડો. દીપક પુરકરશ્રી, શિક્ષણ નિરીક્ષકશ્રીઓ ચારુશીલાબેન મકવાણા અને ઈન્દુબેન ચાવડા, આચાર્યશ્રી સ્નેહલભાઈ વૈદ્ય, મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રી અશરફભાઈ પટેલ, યજમાન શાળાના સુપરવાઈઝર હેડ શ્રી અનુભાબેન અને તેમની ટીમ, જિલ્લા કો-ઓર્ડિનેટર શ્રીમતી કુંજલબેન પ્રજાપતિ અને સમગ્ર શિક્ષાની ટીમે સક્રિય યોગદાન આપ્યું હતું. કાર્યક્રમના અંતે તમામ ૪૪ શાળાઓને પ્રોત્સાહન પારિતોષિક અને વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો તેમજ રો-મટિરિયલ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું, સાથે જ વિજેતા શાળાઓને શિલ્ડ અને પ્રમાણપત્ર આપી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# વિરાટ કોહલીનો 9 વર્ષ જૂનો રેકોર્ડ ખતરામાં, ઈતિહાસ રચવાથી અભિષેક શર્મા બસ 87 રન દૂર

નવી દિલ્હી, તા.14





ભારતીય યુવા બેટ્સમેન અભિષેક શર્મા T20 ક્રિકેટમાં એક કેલેન્ડર વર્ષમાં કોઈપણ ભારતીય બેટર દ્વારા સૌથી વધુ રન બનાવવાનો વિરાટ કોહલીનો રેકોર્ડ તોડવાની ખૂબ નજીક પહોંચી ગયો છે. વિરાટ કોહલીએ આ કીર્તિમાન 2016માં બનાવ્યું હતું, જ્યારે તેણે 31 મેચોમાં 89.66ની સરેરાશથી 1,614 રન બનાવ્યા હતા, જેમાં ચાર સદી અને 14 અડધી સદીનો સમાવેશ થતો હતો. હવે અભિષેક શર્મા આ રેકોર્ડને પાર કરવાથી માત્ર 87 રન દૂર છે.

આ વર્ષે અભિષેક શર્માએ 39 T20 મેચોમાં 41.43 ની સરેરાશથી 1,533 રન બનાવ્યા છે, જેમાં ત્રણ સદી અને નવ અડધી સદીનો સમાવેશ થાય છે. ડાબોડી બેટ્સમેન અભિષેક હવે રવિવાર, 14 ડિસેમ્બરના રોજ ધર્મશાલાના હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન (HPCA) સ્ટેડિયમમાં દક્ષિણ આફ્રિકા સામેની ત્રીજી T20I માં મેદાનમાં ઉતરશે, જ્યાં તેની પાસે નવો ઈતિહાસ રચવાની તક છે.

ભારત સામે દક્ષિણ આફ્રિકા વચ્ચે ચાલી રહેલી T20I સિરીઝમાં અભિષેક શર્માનું પ્રદર્શન અત્યાર સુધી શાનદાર ઝલક અને અસ્થિરતાનું મિશ્રણ રહ્યું છે. કટકમાં રમાયેલી પ્રથમ T20I માં તે વહેલો આઉટ થયો હતો, તેમ છતાં ભારતે મેચ 101 રનથી સરળતાથી જીતી લીધી હતી. ન્યૂ ચંદીગઢમાં રમાયેલી બીજી T20Iમાં પણ અભિષેક શર્માએ માત્ર 8 બોલમાં 17 રન બનાવ્યા હતા. આ નાની ઈનિંગ્સમાં તેણે બે છગ્ગા ફટકાર્યા, જેણે તેને એક કેલેન્ડર વર્ષમાં T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 50 થી વધુ છગ્ગા મારનારા ગણતરીના ભારતીય પાવર હિટર્સની યાદીમાં સામેલ કર્યો.

જો કે, આ ઝડપી કેમિયો નિર્ણાયક સાબિત ન થયો અને શર્મા જલ્દી આઉટ થઈ ગયો, જેના પછી ભારતની બેટિંગ લથડી હતી. દક્ષિણ આફ્રિકાએ 213 રનનો મોટો લક્ષ્ય આપ્યો અને ભારતને 51 રનથી હરાવીને સિરીઝ 1-1થી બરાબર કરી દીધી. પાંચ મેચોની સિરીઝ હવે બરાબરી પર છે અને ભારતને આગળના મુકાબલાઓમાં ટોપ અને મધ્યમ ક્રમ બંનેમાંથી વધુ સતત યોગદાનની જરૂર પડશે. અભિષેક શર્માની વિસ્ફોટક બેટિંગ હજુ પણ ભારત માટે મેચ જીતાડનારો એક મહત્ત્વપૂર્ણ પરિબળ બની રહેવાની શક્યતા છે.

# 'મારા મેનેજરથી ભૂલ થઇ ગઇ, હું બેટિંગ-બોલિંગ બંને કરીશ...' IPL ઓક્શન પહેલા સ્ટાર ખેલાડીનું નિવેદન

નવી દિલ્હી, તા.14



ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026 માટે 16 ડિસેમ્બરે અબુ ધાબીમાં યોજાનારી મિની-હરાજી પહેલા ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર કેમરન ગ્રીને પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી દીધી છે. ગ્રીનને ઓક્શન માટે રૂ. 2 કરોડની બેઝ પ્રાઇસ સાથે બેટર તરીકે લિસ્ટ કરવામાં આવ્યો છે, પરંતુ તેણે જાહેર કર્યું છે કે તે આગામી સિઝનમાં માત્ર બેટર નહીં, પણ સંપૂર્ણ ઓલરાઉન્ડર તરીકે રમવા માટે ઉપલબ્ધ રહેશે અને બોલિંગ પણ કરશે.

કેમરન ગ્રીને આ ગેરસમજ માટે તેના મેનેજરને જવાબદાર ઠેરવ્યા છે. એડિલેડમાં એશિઝ સિરીઝ 2025-26ની ત્રીજી ટેસ્ટ મેચ પહેલા ટ્રેનિંગ સેશન દરમિયાન મીડિયા સાથે વાત કરતા ગ્રીને ખુલાસો કર્યો કે, IPL 2026 ઓક્શન માટે રજીસ્ટ્રેશન કરતી વખતે તેના મેનેજરથી ભૂલ થઈ ગઈ હતી. તેણે ભૂલથી ઓલરાઉન્ડરની જગ્યાએ 'બેટર' નો વિકલ્પ પસંદ કરી લીધો. હું બોલિંગ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છું. મારા મેનેજરથી આ દરમિયાન એક મોટી ભૂલ થઈ હતી. તેમનો ઈરાદો મને બેટર તરીકે નોંધાવાનો નહોતો, પરંતુ તેમણે ભૂલથી ખોટા બોક્સ પર ક્લિક કરી દીધું. આ બધું જેવું સામે આવ્યું, તે ખૂબ જ રમૂજી હતું, પરંતુ હકીકતમાં તે એક મોટી ભૂલ હતી.'

તેજ ગતિના ઓલરાઉન્ડરની શોધમાં રહેલી ફ્રેન્ચાઇઝી ટીમો માટે ગ્રીનનો આ ખુલાસો રાહતના સમાચાર છે. કેમરન ગ્રીને IPLમાં ડેબ્યૂ 2023માં મુંબઈ ઈન્ડિયન્સ (MI) માટે કર્યું હતું, જ્યાં તેણે 452 રન બનાવ્યા હતા અને 6 વિકેટ પણ લીધી હતી. IPL 2024 પહેલા તેને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB)માં ટ્રેડ કરવામાં આવ્યો હતો, જ્યાં તેણે 255 રન બનાવવા ઉપરાંત 10 વિકેટ પણ ઝડપી હતી.

બેક ઈજાને કારણે સર્જરી કરાવ્યા બાદ ગ્રીને IPL 2025 મેગા ઓક્શનમાં ભાગ લીધો ન હતો. હવે સંપૂર્ણપણે ફિટ થઈને તે IPLમાં વાપસી માટે તૈયાર છે અને માનવામાં આવી રહ્યું છે કે IPL 2026ના ઓક્શનમાં તે સૌથી મોંઘા ખેલાડીઓમાંથી એક સાબિત થઈ શકે છે.

# T20 વર્લ્ડકપ પહેલા યશસ્વી જયસ્વાલનો સિલેક્ટર્સને મેસેજ, સૈયદ મુશ્તાક ટ્રોફીમાં ફટકારી તોફાની સદી.....

નવી દિલ્હી, તા.14



ભારતની T20 ટીમના ઓપનિંગ સ્લોટ અંગે ચાલી રહેલી ચર્ચા વચ્ચે, યુવા બેટર યશસ્વી જયસ્વાલે સૈયદ મુશ્તાક અલી ટ્રોફી (SMAT)માં વિસ્ફોટક પ્રદર્શન કરીને પસંદગીકારોનું ધ્યાન ખેંચ્યું છે. 14મી ડિસેમ્બરના રોજ પુણેના ડીવાય પાટિલ એકેડેમી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં મુંબઈએ હરિયાણા સામેના 235 રનના વિશાળ લક્ષ્યને માત્ર 17.3 ઓવરમાં હાંસલ કરીને ઈતિહાસ રચ્યો હતો, જેમાં જયસ્વાલ હીરો બન્યો હતો.

યશસ્વી જયસ્વાલે માત્ર 50 બોલમાં 101 રનની આક્રમક ઈનિંગ રમીને હરિયાણાના બોલરો પર શરૂઆતથી જ દબાણ બનાવી દીધું હતું. તેમની ઈનિંગ્સમાં 16 ચોગ્ગા અને 1 છગ્ગાનો સમાવેશ થતો હતો. મુંબઈનો આ રન ચેઝ SMATના ઈતિહાસમાં બીજો સૌથી વધુ સફળ રન ચેઝ હતો.

યુવા બેટર યશસ્વી જયસ્વાલે અજિંક્ય રહાણે સાથેની શરૂઆતની ભાગીદારીમાં માત્ર 19 બોલમાં 53 રન જોડ્યા હતા. ત્યારબાદ સરફરાઝ ખાન સાથે બીજી વિકેટ માટે 37 બોલમાં 88 રનની મહત્ત્વપૂર્ણ ભાગીદારી કરી, જેમાં સરફરાઝે પણ 25 બોલમાં 64 રન બનાવ્યા હતા.

જયસ્વાલની આ સદી એવા સમયે આવી છે જ્યારે ભારતીય T20 ટીમમાં ઓપનિંગ સ્લોટ અંગે સવાલો ઉઠી રહ્યા છે. 2025માં T20 ટીમમાં પાછા ફર્યા બાદ શુભમન ગિલ સંઘર્ષ કરી રહ્યો છે, જેણે 14 ઈનિંગ્સમાં માત્ર 23.90ની સરેરાશથી 263 રન બનાવ્યા છે. ઉલ્લેખનીય છે, યશસ્વી જયસ્વાલ હાલમાં ભારતીય ટી20 ટીમની બહાર છે. તેણે છેલ્લે 2024માં શ્રીલંકા સામે ટી20 મેચ રમી હતી. જોકે તે 2024માં ભારતની ટી20 વર્લ્ડ કપ વિજેતા ટીમનો ભાગ હતો, પરંતુ તેને એક પણ મેચ રમવાની તક મળી ન હતી. તેણે તાજેતરમાં વિશાખાપટ્ટનમમાં દક્ષિણ આફ્રિકા સામે પોતાની પ્રથમ ODI સદી ફટકારી હતી. તેમણે અણનમ 116 (121 બોલ) રન બનાવીને ભારતને 39.5 ઓવરમાં 271 રનના લક્ષ્યાંક સુધી પહોંચાડવામાં મદદ કરી હતી.

# પાકિસ્તાન સામેની મેચમાં BCCIનું મક્કમ વલણ, ICCની વિનંતી પણ ફગાવી

નવી દિલ્હી, તા.14



ભારત અને પાકિસ્તાન વચ્ચે દુબઈમાં રમાઈ રહેલી અંડર-19 એશિયા કપ 2025 ની પાંચમી મેચમાં પણ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ મિલાવવાની 'નો-હેન્ડશેક' નીતિ જાળવી રાખી છે. આ નિર્ણય ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા રાજકારણને જુનિયર-સ્તરના ક્રિકેટથી દૂર રાખવાની વિનંતી છતાં લેવામાં આવ્યો છે. BCCI એ ICCની આ વિનંતીને અવગણીને, ભારતીય કેપ્ટન આયુષ મ્હાત્રેએ ટોસ સમયે પાકિસ્તાનના કેપ્ટન સાથે હાથ મિલાવવાનું ટાળ્યું હતું.

આ હાઈ-પ્રોફાઈલ મુકાબલામાં રવિવારના રોજ, જ્યારે પાકિસ્તાનના કેપ્ટન ફરહાન યુસુફે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો, ત્યારે ભારતીય કેપ્ટન આયુષ મ્હાત્રે તેમની પાછળ હાથ મિલાવ્યા વિના ઊભા રહ્યા. પ્રેઝેન્ટર સાથે ટૂંકી વાતચીત કર્યા બાદ, યુસુફે આઈ કોન્ટેક્ટ કર્યા વિના માઈક્રોફોન મ્હાત્રેને સોંપી દીધો અને સીધા ડગઆઉટ તરફ ચાલ્યા ગયા. આ ઘટનાએ સ્પષ્ટ કરી દીધું કે BCCI દ્વારા લાગુ કરાયેલ નીતિ હજુ પણ અમલમાં છે.

આ નીતિની શરૂઆત સપ્ટેમ્બરમાં વરિષ્ઠ એશિયા કપ મેચ દરમિયાન થઈ હતી, જ્યાં ભારતીય સેના અને પહલગામ આતંકી હુમલાના પીડિતો પ્રત્યે એકતા દર્શાવવા માટે ભારતીય ખેલાડીઓએ પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ મિલાવવાનું ટાળ્યું હતું. બાદમાં મહિલા વન-ડે વર્લ્ડ કપ અને રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપ T20 ટૂર્નામેન્ટમાં પણ આ જ વલણ અપનાવવામાં આવ્યું હતું.

એક અહેવાલ મુજબ, ICC એ U-19 ક્રિકેટમાંથી રાજકારણને દૂર રાખવા માટે ભારતને આ વલણ તોડવા વિનંતી કરી હતી, પરંતુ અંતિમ નિર્ણય BCCI પર છોડવામાં આવ્યો હતો, જેમાં જણાવાયું હતું કે જો આ નીતિ ચાલુ રાખવામાં આવે તો મેચ રેફરીને અગાઉથી જાણ કરવી જરૂરી છે.

# નવી તક જોઈતી હોય તો પરિવર્તન સિવાય કોઈ વિકલ્પ નથી: પ્રિયંકા ચોપરા



**શરૂઆતના દિવસોમાં દરેક તક ઝડપી, પણ હવે સમજી-વિચારીને નિર્ણય લઉ છું**

અબુ ધાબી , તા.14

પ્રિયંકા ચોપરાએ બોલિવૂડ બાદ હોલિવૂડમાં પણ ઓળખ ઊભી કરેલી છે. ગ્લોબલ આઈકોન તરીકે જાણીતી બનેલી પ્રિયંકાએ કરિયરમાં શરૂઆતના દિવસો અને સંઘર્ષ અંગે વાત કરતા કહ્યું હતું કે, તેની પાસે સારી તકો સામેથી આવતી ન હતી. એક તબક્કે વર્ષમાં એક પછી એક છ ફિલ્મો ફ્લોપ ગઈ હતી અને તેથી ફિલ્મમાં કાસ્ટ કરવામાં પણ લોકો ગભરાતા હતા. અનેક તકો છીનવાઈ ગઈ હોવાથી અભિગમ બદલ્યા સિવાય છૂટકો ન હતો. કમ્ફર્ટેબલ લાગતી દરેક બાબતને પાછળ મૂકી કંઈક નવું કરવાની ફરજ પડી હતી. નવી તકો ઊભી કરવા માટે પરિવર્તન લાવ્યા સિવાય કોઈ વિકલ્પ ન હતો.

અબુ ધાબી ખાતે બ્રિજ સમિટમાં પ્રિયંકાએ કહ્યું હતું કે, ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ટકી રહેવા માટે અભિગમ બદલવાની જરૂરિયાત પર ભાર મૂકતાં પ્રિયંકાએ શરૂઆતના દિવસો યાદ કર્યા હતા. પ્રિયંકાએ કહ્યુ હતું કે, કરિયરના શરૂઆતના દિવસોમાં અસ્તિત્વ ટકાવી રાખવા દરેક કામને હા પાડી હતી કારણ કે તક મળવી તે જ મોટું સૌભાગ્ય હતું. કામ મેળવાનું એટલું અઘરું હતું કે દરેક તક ઝડપી લીધી હતી. સતત ટ્રાવેલિંગના કારણે પરિવારના ઘણાં પ્રસંગો ગુમાવ્યા હતા, પરંતુ કામને ના પાડવાનો વિકલ્પ મારી પાસે ન હતો.

હવે હું સમજી-વિચારીને હા પાડું છે અને સારા-નરસા પાસા વિચારું છું. મારા પરિવાર, મારી છબિ અને લાંબા ગાળાના ધ્યેયને નજર સમક્ષ રાખી દરેક તકને મૂલવુ છું. ઉલ્લેખનીય છે કે, પ્રિયંકા ચોપરા મિસ વર્લ્ડ 2000માં વિજેતા બની હતી અને ત્યારબાદ ધ હીરોઃ લવ સ્ટોરી ઓફ એ સ્પાય ફિલ્મથી બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો અને ટોચની એક્ટ્રેસ બની. પ્રિયંકાએ પોતાની મહત્ત્વાકાંક્ષાને ભારત બહાર વિસ્તારી હતી અને 'ક્વાન્ટિકો' સાથે અમેરિકન નેટવર્ક ડ્રામામાં કામ કરનારી પ્રથમ દક્ષિણ એશિયન મહિલા બની હતી. બાદમાં હોલિવૂડની ફિલ્મોમાં પણ પ્રિયંકાને તક મળી. ગ્લોબલ સ્ટારડમ મળવાની સાથે પ્રિયંકાએ પોતાનું પ્રોડક્શન હાઉસ પણ બનાવ્યુ છે.

# એ મૌન ભરોસાએ બધું બદલી નાંખ્યું : સારા અર્જૂને મુકેશ છાબરાનો આભાર માન્યો

મુંબઈ, તા.14



જ્યારથી રણવીર સામે 'ધુરંધર'માં સારા અર્જૂનની જોડીની જાહેરાત થઈ ત્યારથી સારા ચર્ચામાં છે. પહેલાં તો સારા અને રણવીર વચ્ચે 20 વર્ષના તફાવતને કારણે ચર્ચાઓ થઈ હતી. હવે તેના અભિનયના વખાણ થઈ રહ્યા છે. ત્યારે આ ચર્ચાઓ વચ્ચે સારાએ એક ઈમોશનલ પોસ્ટ લખી છે, જેમાં તેને આ રોલ આપવા માટે તેણે કાસ્ટિંગ ડિરેક્ટર મુકેશ છાબરાનો આભાર માન્યો છે કે તેમણે દુનિયા તેની નોંધ લે તે પહેલાં તેનામાં વિશ્વાસ મુક્યો.

સારાએ મંગળવારે પોતાના ઈન્સ્ટાગ્રામ પર તેનો અને મુકેશ છાબરાનો ફિલ્મ રિલીઝ પહેલાંની એક ઈવેન્ટ દરમિયાનનો ફોટો પોસ્ટ કર્યો હતો. તેણે તેની પોસ્ટ લખતાં મુકેશ છાબરા વિશે લખ્યું હતું, "માય ડિયર મુકેશ સર, ક્યારેક પિતા સાથે અન્ય પણ કોઈ મર્ગદર્શક હાજરી શાંતિથી તમને એક અલગ રસ્તો બતાવી દે છે. કોઈ એવું, જેનો વિશ્વાસ તમારા પોતાનાં મૂળને બદલતું નથી પરંતુ તેને મજબુત બવાવે છે. મારા માટે એ હાજરી તમે છો. દુનિયા મારી નોંધ લે એ પેહલાં તમે મને કામ આપ્યું અને એ મૌન વિશ્વાસે બધું બદલી નાંખ્યું. દરેક વખતે જ્યારે પણ ધુરંધરની કાસ્ટના વખાણ થાય છે, ત્યારે મને ખુબ ગૌરવ થાય છે, કારણ કે તમારી સહજતા, તમારી દૃષ્ટિ અને તમારા દિલથી એક જાદુ સર્જાયો છે. તમે એવું જુઓ છો, જે ઘણાં લોકો ચુકી જાય છે. તમે માત્ર તકો નથી આપતા. તમે લોકોને કંઈક બનવાની જગ્યા આપો છો."

આગળ સારાએ લખ્યું, "..મેકડોનાલ્ડ્ઝની જાહેરાતથી ધુરંધર સુધી, આ સફર આશીર્વાદથી કમ નથી.."

# સતત 200 કરોડ કમાનારી ફિલ્મો આપનાર એક્ટર હવે ફિલ્મ ઈન્ડસ્ટ્રીથી નિવૃત્તિ લઈ લેશે!

મુંબઈ, તા.14



ભારતમાં અનેક એવા સ્ટાર્સ છે, જે રાજકારણમાં જોડાયા હોય. આજે અમે પણ એક એવા જ એક એક્ટરના કરિયરની સફળતા અને લોકપ્રિયતા વિશે વાત કરવા જઈ રહ્યા છીએ, જેણે એક્ટિંગની સાથે રાજકારણમાં પણ પોતાનું પ્રભુત્વ જમાવ્યું છે. આ એક્ટરે પોતાની ખુદની પાર્ટી બનાવી અને તેની સાથે જ ફિલ્મ ઈન્ડસ્ટ્રી પણ છોડી દેવાનું નક્કી કર્યું હતું. ફિલ્મો દ્વારા લોકોનું દિલ જીતનારા સુપરસ્ટારનો બોલિવૂડ સાથે કોઈ સંબંધ નથી. આ સ્ટાર તમિળ સિનેમામાંથી છે. અહીં વાત કરવામાં આવી રહી છે સાઉથના સૌથી પ્રખ્યાત સ્ટાર્સમાંથી એક થલપતિ વિજયની.

વિજયે પોતાના અઢી દાયકાથી વધુના કરિયરમાં એકથી એક ફિલ્મો આપી છે અને તેની અનેક ફિલ્મો બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી ચૂકી છે. થલપતિએ પોતાના કરિયરમાં સતત 8 એવી ફિલ્મો આપી છે, જેણે બોક્સ ઓફિસ પર 200 કરોડ અથવા તેનાથી વધુની કમાણી કરી હોય.

વિજયનો જન્મ 22 જૂન, 1974માં ચેન્નઈમાં થયો હતો. તેણે જે બેક ટૂ બેક આઠ 200 કરોડની ફિલ્મ આપી તેની શરૂઆત 2017માં આવેલી ફિલ્મ માર્શલથી થાય છે. તેણે વર્લ્ડવાઈડ 220 કરોડની કમાણી કરી હતી. ત્યારબાદ ફિલ્મ સરકારે 252 કરોડની કમાણી કરી હતી.

આ લિસ્ટમાં ત્રીજી ફિલ્મ બિજિલ (295 કરોડની કમાણી) છે. ચોથી ફિલ્મ માસ્ટર (223 કરોડની કમાણી), પાંચમી ફિલ્મ બીસ્ટ છે, જેણે 216 કરોડની કમાણી કરી હતી. આ લિસ્ટમાં છઠ્ઠી ફિલ્મ વારિસુ છે. 2023માં આવેલી ફિલ્મે વર્લ્ડવાઈડ 297 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. વળી, સાતમાં નંબરે લિયો (623 કરોડની કમાણી) અને 2024માં આવેલી ફિલ્મ 'ગોટ' 455 કરોડની કમાણી સાથે આઠમાં નંબરે છે.

વિજયે 2 ફેબ્રુઆરી 2024ના દિવસે પોતાની રાજકીય પાર્ટી તમિલગા વેત્રી કઝગમ (ટીવીકે)ની જાહેરાત કરી હતી. વર્ષ 2026માં વિજયની છેલ્લી ફિલ્મ જન નાયકન રિલિઝ થશે, જેની ફેન્સ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ત્યારબાદ તેઓ સંપૂર્ણ રીતે રાજકારણમાં એક્ટિવ થઈ જશે અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીથી દૂરી બનાવી લેશે.

# SBIએ FDના વ્યાજ દરમાં ઘટાડો કર્યો : 'અમૃત વૃષ્ટિ' સ્કીમમાં હવે 6.45% વ્યાજ મળશે, અહીં જુઓ નવા વ્યાજદર

**નવી દિલ્હી, તા.14**

રિઝર્વ બેંકના રેપો રેટમાં 0.25% ના તાજેતરના ઘટાડાની અસર દેખાવા લાગી છે. સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (SBI) એ ફિક્સ્ડ ડિપોઝિટ (FD) ના વ્યાજ દરોમાં ઘટાડો કર્યો છે. SBI એ તેની સ્પેશિયલ ફિક્સ્ડ ડિપોઝિટ સ્કીમ 'અમૃત વૃષ્ટિ' ના વ્યાજ દરોમાં 0.15% નો ઘટાડો કર્યો છે.

હવે SBI 'અમૃત વૃષ્ટિ' હેઠળ 444 દિવસ માટે FD કરાવવા પર 6.45% વાર્ષિક વ્યાજ મળશે. જ્યારે સિનિયર સિટીઝનને વાર્ષિક 6.95% ના દરે વ્યાજ મળશે. આ ઉપરાંત બેંકે 2 વર્ષથી લઈને 3 વર્ષથી ઓછી અવધિની FD માં 0.05% નો ઘટાડો કર્યો છે. હવે તેના પર 6.45% ને બદલે 6.40% વ્યાજ મળશે. નવા વ્યાજ દરો 15 ડિસેમ્બરથી લાગુ પડશે.




SBI 'વીકેયર' સ્કીમમાં પણ રોકાણની તક SBI એ અન્ય સ્પેશિયલ ટર્મ ડિપોઝિટ (FD) સ્કીમ 'વીકેયર' ના વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કર્યો નથી. SBI ની આ સ્કીમમાં સિનિયર સિટીઝનને 5 વર્ષ કે તેથી વધુ સમયગાળાના ડિપોઝિટ (FD) પર 50 બેસિસ પોઈન્ટ્સનું વધારાનું વ્યાજ મળશે. સિનિયર સિટીઝનને 5 વર્ષથી ઓછાના રિટેલ ટર્મ ડિપોઝિટ પર સામાન્ય જનતાની સરખામણીમાં 0.50% વધુ વ્યાજ મળે છે.

આવી સ્થિતિમાં 'વીકેયર ડિપોઝિટ' સ્કીમ હેઠળ 5 વર્ષ કે તેથી વધુની FD પર સામાન્ય નાગરિકોની સરખામણીમાં 1% વધુ વ્યાજ મળશે. આ હિસાબે 5 વર્ષ કે તેથી વધુ સમય માટે FD કરાવવા પર સિનિયર સિટીઝનને 7.05% વ્યાજ મળી રહ્યું છે.

બેંકોને RBI પાસેથી સસ્તામાં પૈસા મળવા લાગે છે. પહેલા 5.5% આપવા પડતા હતા, હવે 5.25% આપવા પડી રહ્યા છે.

હવે બેંક પાસે પૈસા સસ્તામાં આવી રહ્યા છે. આવા સંજોગોમાં તેઓ જનતા પાસેથી FD પર વધુ વ્યાજ આપીને પૈસા લેવાનું ઓછું કરવા માંગે છે.

નિશ્ચિત વ્યાજ દર: FD માં તમને અગાઉથી નક્કી કરેલો વ્યાજ દર મળે છે. ઉદાહરણ તરીકે, જો તમે 1 લાખ રૂપિયા 7% ના વ્યાજ દરે 5 વર્ષ માટે FD માં મૂકો છો, તો અવધિ પૂરી થવા પર તમને મુદ્દલ સાથે વ્યાજ પણ મળશે. આ વ્યાજ સાદું અથવા ચક્રવૃદ્ધિ હોઈ શકે છે.

ફ્લેક્સિબલ કાર્યકાળ: FD ની અવધિ 7 દિવસથી લઈને 10 વર્ષ સુધીની હોઈ શકે છે. તમે તમારી જરૂરિયાત મુજબ અવધિ એટલે કે કાર્યકાળ પસંદ કરી શકો છો. ટૂંકી અવધિની FD ઓછું વ્યાજ આપે છે, જ્યારે લાંબી અવધિની FD માં વધુ વ્યાજ મળે છે.

સુરક્ષા: FD માં તમારા પૈસા સંપૂર્ણપણે સુરક્ષિત રહે છે, ખાસ કરીને જો તમે કોઈ પ્રતિષ્ઠિત બેંક અથવા NBFC માં રોકાણ કરો છો. ભારતમાં 5 લાખ રૂપિયા સુધીની FD ને વીમા કવચ મળે છે, એટલે કે જો બેંક ડૂબી પણ જાય, તો તમારા પૈસા સુરક્ષિત રહેશે.

તરલતા: જો તમને વચ્ચે પૈસાની જરૂર પડી જાય, તો તમે FD ને સમય પહેલા તોડી શકો છો, પરંતુ તેમાં કેટલીક પેનલ્ટી ચૂકવવી પડી શકે છે, અને વ્યાજ પણ ઓછું મળશે. ટેક્સ છૂટ: જો તમે 5 વર્ષની ટેક્સ-સેવિંગ FD માં રોકાણ કરો છો, તો તમે કલમ 80C હેઠળ 1.5 લાખ રૂપિયા સુધીની ટેક્સ છૂટ મેળવી શકો છો. પરંતુ ધ્યાન રાખો કે, FD માંથી મળતું વ્યાજ કરપાત્ર હોય છે.

# 'Lakh' કે 'Lac' માંથી સાચું શું? RBIએ જણાવ્યું કે શું લખશો તો ચેક કેન્સલ થઈ શકે છે

**નવી દિલ્હી, તા.14**

કેન્દ્ર સરકાર ડિજિટલ ટ્રાન્જેક્શનને સતત પ્રોત્સાહન આપી રહી છે. આ જ કારણ છે કે લોકો આજકાલ UPIનો ઉપયોગ વધુને વધુ કરી રહ્યા છે. આ ઉપરાંત છેલ્લા કેટલાક વર્ષોમાં બેંકો સાથેના ટ્રાન્જેક્શનમાં પણ ઝડપથી વધારો થયો છે. ડિજિટલ ટ્રાન્જેક્શનના આ યુગમાં બેંકો દરેકના જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ બની ગઈ છે.

કેશ ઉપાડવાથી લઈને જમા કરવા સુધી અને કોઈને પેમેન્ટ કરવાનું હોય તો પણ દરેક કામ માટે બેન્કો જરૂરી બની ગઈ છે. ચેક દ્વારા કોઈને પેમેન્ટ કરવું સૌથી સરળ અને સુરક્ષિત ઉપાય છે. ચેક આપતી વખતે તમારે અમાઉન્ટ શબ્દોની સાથે આંકડામાં પણ લખવું જરૂરી છે.

પરંતુ શું તમે ક્યારેય નોટિસ કર્યું છે કે, ચેક પર અમાઉન્ટ લખતી વખતે 'Lakh' લખવું જોઈએ કે 'Lac'? આ અંગે દરેક વ્યક્તિની પોતાની અલગ-અલગ ટેવ છે. પરંતુ સવાલ એ છે કે શું લખવું સાચું છે? શું 'Lac' લખવાથી ચેક રદ થઈ શકે છે? ચાલો જાણીએ.

'Lakh' ઈન્ડિયન કાઉન્ટિંગ સિસ્ટમમાં 1,00,000 રૂપિયા શો કરે છે. આ શબ્દ હિન્દી અને ભારતીય સંસ્કૃતિમાં સામાન્ય છે.




બીજી બાજુ 'Lac'નો અંગ્રેજી ડિક્શનરીમાં અલગ અર્થ થાય છે. આ એક રાલ જેવો પદાર્થ છે જે જંતુ બનાવે છે અને તેનો ઉપયોગ વાર્નિશ, પોલિશ અથવા સીલિંગ વેક્સમાં થાય છે. પરંતુ ભારતમાં 'Lac'નો પણ ઉપયોગ 100,000 રૂપિયા માટે કરવામાં આવે છે.

RBI તરફથી સામાન્ય લોકો માટે 'Lakh' અથવા 'Lac'ના ઉપયોગ પર કોઈ કડક નિયમ બનાવવામાં નથી આવ્યા.પરંતુ RBIના બેન્કો માટેના માસ્ટર સર્ક્યુલરમાં 'Lakh'ને 100,000 માટે સાચો શબ્દ જણાવવામાં આવ્યો છે. RBIની ચલણી નોટો અને તેની વેબસાઇટ પર પણ 'Lakh'નો જ ઉપયોગ કરવામાં આવે છે. આનો અર્થ એ થાય કે ઓફિશિયલ રીતે 'Lakh' લખવું સાચું છે.

પરંતુ સારા સમાચાર એ છે કે, ચેક આપતી વખતે 'Lac' લખો છો તો તેનાથી તમારો ચેક કેન્સલ કે ડિસઓર્ડર નહીં થશે. દેશમાં બંને શબ્દો કોમન છે અને RBI દ્વારા સામાન્ય લોકો માટે કોઈ પ્રકારનો કડક નિયમ બનાવવામાં નથી આવ્યો. મોટાભાગની બેંકો 'Lakh' અથવા 'Lac' બંને લખેલા ચેક સ્વીકારી લે છે. તેમ છતાં યૂનિફોર્મિટી અને ઓફિશિયલ સ્ટેન્ડર્ડ માટે 'Lakh' લખવું સારું છે. ચેક પર અમાઉન્ટ લખતી વખતે 'Lakh'નો ઉપયોગ કરો. આ RBIનો પસંદગીનો શબ્દ છે અને નાણાકીય દસ્તાવેજોમાં સ્પષ્ટતા લાવે છે. જોકે 'Lac' લખવાથી ચેક કેન્સલ નહીં થશે, પરંતુ સાચી ટેવ ફોલો કરવું સારું છે. તેનાથી ભવિષ્યમાં કોઈપણ ગેરસમજ નહીં આવશે.

# 2 લાખને સ્પર્શતા જ ચાંદીમાં કડાકો, ઑલ ટાઈમ હાઈના સ્તરથી રૂ. 9000 સસ્તી.....

**નવી દિલ્હી, તા.14**

ચાંદીની કિંમતોમાં (Silver Price) ગયા સપ્તાહે ભારે ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે. સપ્તાહના છેલ્લા કારોબારી દિવસે, શુક્રવારે, આ કિંમતી ધાતુ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર ઐતિહાસિક સપાટીએ પહોંચીને પ્રથમ વખત 2 લાખ પ્રતિ કિલો ગ્રામનો આંકડો પાર કરી ગઈ હતી. જો કે, આ ઊંચાઈને સ્પર્શ્યા પછી ચાંદીના ભાવમાં અચાનક મોટો કડાકો બોલાયો અને એક જ ઝટકામાં તે તેની સર્વોચ્ચ સપાટીથી 9,000 સસ્તી થઈ ગઈ હતી.




MCX પર ચાંદીની કિંમત શુક્રવારે 1,97,705 પ્રતિ કિલોગ્રામ પર ખૂલી હતી, પરંતુ શરૂઆતથી જ તેમાં ઝડપી તેજી જોવા મળી હતી. કારોબાર દરમિયાન ચાંદીનો ભાવ 2 લાખના આંકડાને પાર કરીને 2,01,615 પ્રતિ કિલોના નવા ઓલ ટાઈમ હાઈ સ્તરે પહોંચી ગયો હતો. આ નવી ઊંચાઈને સ્પર્શ્યા બાદ ચાંદીના ભાવમાં અચાનક મોટો ઘટાડો જોવા મળ્યો અને તે એક ઝટકામાં 11,538 ઘટીને 1,90,077 પર આવી ગઈ હતી. જોકે, બજાર બંધ થતાં થોડી રિકવરી આવી, પરંતુ તે તેની ઊંચી સપાટીથી 9,000 સસ્તી થઈને આખરે 1,92,615 પર બંધ થઈ હતી.

ડિસેમ્બરમાં ચાંદીની કિંમતોમાં આવેલા ઉતાર-ચઢાવની વાત કરીએ તો, અત્યાર સુધીમાં ચાંદીના ભાવમાં 10,000 થી વધુ નો વધારો થયો છે. 1 ડિસેમ્બરના રોજ MCX પર ચાંદીનો ભાવ 1,82,030 પ્રતિ કિલોગ્રામ હતો. શુક્રવારના બંધ ભાવ સાથે સરખામણી કરીએ તો તેમાં 10,585 નો ઉછાળો આવ્યો છે.

ઘરેલુ બજાર (IBJA.Com) માં પણ ચાંદીની ચમક વધી છે. 5 ડિસેમ્બરના રોજ 1 કિલો ચાંદીનો ભાવ 1,78,210 હતો, જે શુક્રવારે બજાર બંધ થતાં 1,95,180 પર બંધ થયો. આ ગણતરી મુજબ, પાંચ કારોબારી દિવસોમાં ચાંદીની કિંમતમાં 16,970 નો મોટો ઉછાળો જોવા મળ્યો છે.

ચાંદીની સાથે સોનાની કિંમતમાં પણ વધારો થયો છે. ઘરેલુ બજારમાં (IBJA મુજબ) એક સપ્તાહમાં 10 ગ્રામ 24 કેરેટ સોનાના ભાવમાં 4,118 નો ઉછાળો આવ્યો છે, જે 5 ડિસેમ્બરના 1,28,592 થી વધીને શુક્રવારે 1,32,710 પર બંધ થયો હતો. MCX પર પણ સોનાના વાયદા ભાવમાં પાંચ દિવસમાં 3,160 નો વધારો થયો છે. નોંધનીય છે કે ઘરેલુ બજારમાં સોના-ચાંદીની ખરીદી પર ગ્રાહકો પાસેથી 3% GST અને મેકિંગ ચાર્જ વસૂલવામાં આવે છે, જેના કારણે દાગીનાની અંતિમ કિંમત વધી જાય છે.

# ભારતને 52000 કરોડના ફટકાની શક્યતા, મેક્સિકોની 50% ટેરિફની જાહેરાત મુશ્કેલી વધારશે

**નવી દિલ્હી, તા.14**

મેક્સિકો દ્વારા ભારત અને ચીન સહિત અનેક એશિયન દેશો પર 50% સુધી ટેરિફ વધારવાની જાહેરાત કરવામાં આવતા ભારતીય નિકાસકારોમાં ગંભીર ચિંતા ઊભી થઈ છે. ભારતની મેક્સિકોમાં થતી 52,000 કરોડ રૂપિયાથી વધુની વાર્ષિક નિકાસ પર આ ટેરિફની ગંભીર અસર પડી શકે છે. આ ટેરિફ પહેલી જાન્યુઆરી 2026થી લાગુ થવાની શક્યતા છે.



મેક્સિકન કોંગ્રેસના બંને ગૃહો દ્વારા 11મી ડિસેમ્બર 2025ના રોજ આ ટેરિફ વધારાને મંજૂરી આપવામાં આવી હતી. આ નિર્ણય એવા દેશોથી થતી આયાતને લક્ષ્ય બનાવે છે જેમની પાસે મેક્સિકો સાથે મુક્ત વેપાર કરાર (FTA) નથી, જેમાં ભારત, ચીન, દક્ષિણ કોરિયા, થાઈલેન્ડ અને ઈન્ડોનેશિયાનો સમાવેશ થાય છે. મેક્સિકો આશરે 1,463 વસ્તુઓ પર 5% થી 50% સુધીની આયાત ડ્યુટી લાદશે.

મેક્સિકોના આ નિર્ણય સામે ભારત સરકારે ઔપચારિક રીતે સખત વાંધો વ્યક્ત કર્યો છે અને ભારતીય નિકાસકારોના હિતોનું રક્ષણ કરવા માટે યોગ્ય પગલાં લેવાનો અધિકાર અનામત રાખ્યો છે. આ મામલે વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલ અને મેક્સિકોના નાયબ અર્થતંત્ર મંત્રી લુઈસ રોસેન્ડોએ પહેલેથી જ ઉચ્ચ સ્તરીય બેઠક યોજી છે, અને ટૂંક સમયમાં વધુ બેઠકો યોજાય તેવી સંભાવના છે.

નાણાકીય વર્ષ 2024-25ના આંકડાઓ મુજબ, ભારતની મેક્સિકોમાં નિકાસ 5.75 અરબ ડોલર (52,077 કરોડ રૂપિયાથી વધુ) હતી, જ્યારે મેક્સિકોથી આયાત 2.9 અરબ ડોલર હતી. જો આ ઊંચા ટેરિફ લાગુ થશે, તો ભારતની આ મોટી નિકાસ પર ગંભીર અસર પડી શકે છે. મેક્સિકોએ સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને વેપાર અસંતુલન ઘટાડવાના હેતુથી આ ટેરિફ લાદ્યા હોવાનું જણાવ્યું છે. ભારત સરકાર આ નિકાસ બજારોને બચાવવા માટે મેક્સિકો સાથે વાતચીત દ્વારા ઉકેલ લાવવાનો પ્રયાસ કરી રહી છે.

# NPS હવે સોના- ચાંદી, REITs, AIFs, IPOમાં રોકાણ કરી શકશે

■ **તાજેતરના વર્ષોમાં રોકાણ વિકલ્પોમાં આ સૌથી મોટી છૂટ અપાઇ**

**અમદાવાદ, તા.14**

નવા નિયમો હેઠળ, નેશનલ પેન્શન સિસ્ટમ (એનપીએસ) ઈક્વિટી ફંડ્સ હવે ગોલ્ડ-સિલ્વર ઈટીએફ, રીટ્સ, ઈક્વિટી એઆઈએફ અને આઈપીઓ માં પણ રોકાણ કરી શકે છે. તાજેતરના વર્ષોમાં રોકાણ વિકલ્પોમાં આ સૌથી મોટી છૂટ છે, જે પેન્શન કોર્પસને લાંબા ગાળે વધુ સારી રીતે વિકસાવવામાં મદદ કરી શકે છે.




PFRDA દ્વારા ૧૦ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ જારી કરાયેલા એક માસ્ટર સર્ક્યુલરમાં આ ફેરફારો કરવામાં આવ્યા હતા. આ પરિપત્ર યુનિફાઇડ પેન્શન સ્કીમ (યુપીએસ), નેશનલ પેન્શન સિસ્ટમ (એનપીએસ), અટલ પેન્શન યોજના અને તમામ સંબંધિત સરકારી અને ખાનગી ક્ષેત્રની યોજનાઓને લાગુ પડે છે.

આ માસ્ટર સર્ક્યુલર ઈક્વિટી, ડેટ, ટૂંકા ગાળાના સાધનો, ગોલ્ડ-સિલ્વર ઈટીએફ અને અન્ય યોજનાઓ માટે રોકાણ મર્યાદા નક્કી કરે છે. આ પરિપત્ર અગાઉના તમામ પરિપત્રોને રદ કરે છે અને તાત્કાલિક અમલમાં આવે છે.

અત્યાર સુધી, NPS ઈક્વિટી ફંડ્સ ફક્ત લિસ્ટેડ શેરોમાં જ રોકાણ કરી શકતા હતા. નવા નિયમોને અનુસરીને, ઈક્વિટી પોર્ટફોલિયોના ૫% સુધીનું રોકાણ હવે નીચેનામાં કરી શકાય છે : જેમાં સોના અને ચાંદીના ઈટીએફ (ફુગાવાના હેજિંગ માટે ઉત્તમ), રીટ્સ (મિલકત ખરીદ્યા વિના રિયલ એસ્ટેટમાં શેર), ઈક્વિટી-લક્ષી કેટેગરી ૧ અને ૨ એઆઈએફ (વિશિષ્ટ ઈક્વિટી વ્યૂહરચના), અને નિફ્ટી ૨૫૦માં આવનારા આઈપીઓ સામેલ છે.

# નવા લેબર કોડ લાગુ થતાં સપ્તાહમાં 3 રજા મળશે? નિયમ અંગે સરકારની સ્પષ્ટતા

**નવી દિલ્હી, તા.14**

નવા લેબર કોડને લઈને સરકારે ઘોષણા કરી છે. મળતી માહિતી મુજબ, આ નિયમો આગામી 1 એપ્રિલ, 2026થી લાગુ થશે. નવા લેબર કોડમાં અનેક એવી જોગવાઈ કરી છે કે જેનો સીધો ફાયદો કર્મચારીઓને થશે. ઉદાહરણ તરીકે હવે તમારે ગ્રેજ્યુઈટી મેળવવા માટે પાંચ વર્ષ રાહ જોવાની જરૂર નથી. નવા લેબર કોડ હેઠળ, ફક્ત એક વર્ષની સેવા પછી ગ્રેજ્યુઈટી મળશે. તેવી જ રીતે, મહિલા કર્મચારીઓ માટે લઘુતમ વેતન અને સુરક્ષા સહિત અનેક જોગવાઈઓ કરવામાં આવી છે, જેનો લાભ કર્મચારીઓને મળશે.



ઘણાં દેશોમાં અઠવાડિયામાં માત્ર 4 દિવસ કામ કરવાનું કલ્ચર છે. આમ 4 દિવસ કામ અને બાકીને 3 દિવસની રજા હોય છે. જેમાં જાપાન, સ્પેન, જર્મની જેવા દેશોમાં 4 દિવસ કામ કરવાનું કલ્ચર છે. જ્યારે નવા લેબર કોડ લાગુ થતાં સપ્તાહમાં 4 દિવસ કામ કરવાનું કલ્ચર લાગુ પડશે. ચાલો જાણીએ આ મામલે લેબર મિનિસ્ટ્રીનું શું કહેવું છે.

લેબર મિનિસ્ટ્રી દ્વારા સોશિયલ મીડિયામાં આપેલી માહિતી મુજબ, નવા લેબર કોડ લાગુ થતાં રોજના 12 કલાક કામ કરવાથી 4 દિવસનું વર્ક કલ્ચરને અનુમતિ અપાશે. જેમાં બાકીના 3 દિવસ પેઈડ હોલિડે આપવામાં આવશે.

સરકારે 21 નવેમ્બરના રોજ 29 કાયદાઓ મળીને 4 નવા લેબર કોડ જાહેર કર્યા છે, જેનો હેતુ શ્રમિકોના અધિકારનું રક્ષણ કરવાની સાથે વ્યાપાર કરવામાં સુસંગતતા સ્થાપિત કરવાનો છે. જેમાં પગાર, ઔદ્યોગિક સંબંધિત કોર્ડ, સોશિયલ સિક્યોરિટી કોડ અને ઓક્યુપેશન સિક્યોરિટી કોડનો સમાવેશ થાય છે.

નવા લેબર કોડ હેઠળ અનેક મહત્ત્વપૂર્ણ જોગવાઈ ઉમેરવામાં આવશે. જેનાથી ઔપચારિક અને અનૌપચારિક બંને રીતે 4 કરોડથી વધુ શ્રમિકો પ્રભાવિત થવાની સંભાવના છે. માનવામાં આવે છે કે, ભારતના લેબર કાયદામાં ક્રાંતિકારી બદલાવ જોવા મળી શકે છે.

# નવા સપ્તાહમાં સેન્સેક્સ 83988 થી 86555 વચ્ચે અથડાશે : નિફ્ટી 25655 થી 26444 વચ્ચે અથડાશે

**મુંબઈ, તા.14**

વૈશ્વિક બજારોમાં ફરી ઈક્વિટી સામે ગોલ્ડ-સિલ્વરની તેજીના તોફાને ઈન્વેસ્ટરો, ખેલાડીઓને અચંબામાં મૂકી દીધા છે. ભારત વિરૂધ્ધ પશ્ચિમી દેશોએ મોરચો ખોલીને ફરી રશીયાના નામે પ્રેશર લાવવા ટેરિફ યુદ્ધનો નવો દોર શરૂ કર્યો છે. મેક્સિકોએ ભારત પર આકરા ટેરિફ લાદવાનો નિર્ણય લઈને ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ નહીં ધરાવતા દેશોના નામે ભારતની નિકાસોને ફટકો માર્યો છે. બીજી તરફ અમેરિકી ડોલર સામે રૂપિયાનું થઈ રહેલું રેકોર્ડ ધોવાણ પણ ભારત માટે નેગેટીવ પરિબળ બન્યું છે. હજુ જીઓપોલિટીકલ ટેન્શનને લઈ અનિશ્ચિતતાની સ્થિતિ જોતાં ઈક્વિટી બજારોમાં બે-તરફી ફંગોળાતી ચાલ જોવાય એવી શકયતા છે. વૈશ્વિક પરિબળો વચ્ચે આગામી નવા સપ્તાહમાં નિફ્ટી સ્પોટ ૨૫૬૫૫ થી ૨૬૪૪૪વચ્ચે અને સેન્સેક્સ ૮૩૯૮૮ થી ૮૬૫૫૫ વચ્ચે અથડાતા જોવાઈ શકે છે.

બીએસઈ (૫૩૩૧૨૧), એનએસઈ (EXPLEOSOL) લિસ્ટેડ, રૂ.૧૦ પેઈડ-અપ, એક્સપ્લિઓ સોલ્યુશન્સ લિમિટેડ (EXPLEO SOLUTIONS LIMITED), જર્મનીના એક્સપ્લિઓ ગ્રુપે એક્સપ્લિઓ સોલ્યુશન સાથે અન્ય તમામ કંપનીઓ મર્જ કરીને પ્રમોટર હોલ્ડિંગ ૫૬.૧૭ ટકાથી વધારીને ૭૧.૦૭ ટકા કર્યું હતું. તુરત પછીના વર્ષમાં કંપનીએ ચોખ્ખા નફાના ૮૧.૩૮ ટકાના દરે ડિવિડન્ડ પે-આઉટ કર્યું, જે કેશ નફાના ૫૭.૯૧ ટકાને સમકક્ષ અને વર્ષ ૨૦૨૪-૨૫ માટે ૫૦૦ ટકા ડિવિડન્ડ છે. કંપની એક્સપ્લિઓ ગ્રુપનો એક ભાગ છે, જે એક વૈશ્વિક એન્જિનિયરિંગ, ટેકનોલોજી અને કન્સલ્ટિંગ સર્વિસ પૂરી પાડે છે. કંપની અગ્રણી સંસ્થાઓ સાથે ભાગીદારી કરે છે. જેથી કંપની તેમને કાર્યકારી શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવામાં અને ભવિષ્ય-પ્રુફ તેમના વ્યવસાયોમાં પરિવર્તન દ્વારા માર્ગદર્શન આપી શકે. ચન્નઈ રજીસ્ટર્ડ ઓફિસ ધરાવતી કંપની ISO 9001:2015 અને ISO 27001:2013 પ્રમાણિત છે. કંપનીના ભારતના ડિલિવરી કેન્દ્રો ચેન્નઈ, મુંબઈ, કોઈમ્બતુર SSAE 16/ISAE 3402 અને PCI:DSS સુસંગત છે. એક્સપ્લિઓ સોલ્યુશન્સ યુ.એસ.એ., યુકે. યુએઈ અને સિંગાપોરમાં સંપૂર્ણ માલિકીની સબસીડિયરી કંપનીઓ અને ફિલિપાઈન્સ અને બેલ્જિયમમાં બ્રાન્ચ ધરાવે છે.

કંપની, જે ભારત, એશિયા પેસેફિક, યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા, યુનાઈટેડ કિંગડમ, યુરોપ અને મધ્ય પૂર્વમાં ૩૦ વર્ષથી વધુ સમયથી કાર્યરત છે, જે ટેકનોલોજી અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન પ્રોગ્રામ્સમાં ૧૫૦થી વધુ બેંકિંગ અનને નાણાકીય સેવાઓ અને વીમા ગ્રાહકોને સજ્જ કરે છે. કંપની અન્ય ક્ષેત્રોના ગ્રાહકોને તેમની ડિજિટલ પહેલમાં પણ ટેકો આપે છે. એક્સપ્લિઓની સર્વિસિઝની વિશાળ શ્રેણીમાં ઈન્નોવેશન મેનેજમેન્ટ એન્ડ સોલ્યુશન્સ, ટ્રાન્સફોર્મેશન કન્સલ્ટન્સી, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, પ્રોડક્ટ એન્ડ પ્રોસેસ એન્જિનિયરીંગ, ક્વોલિટી એન્ડ ટેસ્ટિંગ તેમ જ કસ્ટમર સપોર્ટ એન્ડ મેઈન્ટેનન્સનો સમાવેશ છે. કંપનીના ગ્રાહકો તેના શ્રેષ્ઠ-શોરિંગ ડિલિવરી કેન્દ્રોથી લાભ મેળવે છે, જે ડિજિટલ પહેલ સ્થાપિત કરવા અને સ્કેલિંગ કરવા માટે પરસ્પર અનુકૂળ ભાગીદારી મોડેલ પ્રદાન કરે છે. કંપની ભારત સ્થિત સોફ્ટવેર સર્વિસ પૂરી પાડતી, મુખ્યત્વે વિશ્વભરમાં બીએફએસઆઈ ઉદ્યોગને સોફ્ટવેર વેલિડેશન અને વેરીફિકેશન સર્વિસ પૂરી પાડે છે.

બિઝનેસ પ્રોફાઈલ : એક્સપ્લિઓ સોલ્યુશન્સ લિમિટેડ એક ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને કન્સલ્ટિંગ સર્વિસિઝ કંપની છે. જેનો મુખ્ય વ્યવસાય તેમના ગ્રાહકો-અન્ય વ્યવસાયોને મદદ કરવાનો છે. જેમાં સફળતાપૂર્વક ડિજિટલ સિસ્ટમ્સનું નિર્માણ કરવું, વિશ્વસનીય, ઉચ્ચ ગુણવતાવાળી, સુરક્ષિત અને સ્કેલેબલ છે.

સર્વિસ પોર્ટફોલિયો : ગુણવત્તા ખાતરી અને પરીક્ષણ, એન્જિનિયરિંગ સર્વિસસિઝ, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન સોલ્યુશન્સ, કન્સલ્ટિંગ અને એડવાઈઝરી સર્વિસિઝ છે.

આવક : કંપનીની મોટાભાગની આવક પ્રોફેશનલ સર્વિસિઝમાંથી થાય છે. બીએફએસઆઈ, ઓટોમોટીવ, એરોસ્પેસ, ડિફેન્સ, રિટેલ અનને હેલ્થકેર જેવા ક્ષેત્રોમાં મોટા બિઝનેસો માટે ક્લાયન્ટ પ્રોજેક્ટો માટે ટીમ વર્ક સાથે કામ કરે છે.

પ્રોડક્ટસ : કંપની ખાસ સોફ્ટવેર ઓટોમેશન, એઆઈ એનાલિટિક્સ અને ડાટા ગવર્નન્સ માટે પ્રોપરાઈટરી ટુલ્સ અને પ્લેટફોર્મ્સના વેચાણમાંથી આવકનો નાનો હિસ્સો મેળવે છે.

ભૌગોલિક આવક પ્રમાણ : પ્રથમ ત્રિમાસિક નાણા વર્ષ ૨૦૨૬ : યુરોપમાંથી ૫૧.૬ ટકા, ઉત્તર અમેરિકામાંથી ૧૨.૧ ટકા, એશિયામાંથી ૩૬.૩ ટકા, ઉદ્યોગ મુજબ આવક વિભાજન : બીએફએસઆઈ ૮૦.૮ ટકા, એરોસ્પેસ ૮.૨ ટકા, ઓટોમોટીવ ૧૦.૭ ટકા, પરિવહન ૦.૩ ટકા છે. ઈન્નોવેશન અને પ્રોપરાઈટરી ટેકનોલોજીમાં કંપની તેના ઈન્નોવેટીવ ટુલ્સ વિકસાવવામાં રોકાણ કર્યું છે. જેમાં (૧) સોફિયા : એઆઈ ટુલ્સ જે ઓટોમેટ અને વેરિફાય સોફ્ટવેર જરૂરીયાતો અનને પરિક્ષણ માટે છે. (૨) ટેરેસા : ઝડપી સોફ્ટવેર ડિલિવરી માટે ઓટોમેશન પ્લેટફોર્મ. (૩) ઈઝી કનેક્શન્સ : ઈન્ટીગ્રેટિંગ ક્લાયન્ટ ડાટા પ્લેટફોર્મ્સ માટે ટુલ. (૪) એક્સપ્લિઓ.એઆઈ : ગ્રાહકો માટે ખાસ એઆઈ પ્લેટફોર્મ.

એઆઈમાં રોકાણ : કંપની એઆઈ પ્લેટફોર્માઈઝેશન અનને એઆઈ પોતાને અલગ પાડવાની ખાતરીમાં ખાસ કરીને બીએફએસઆઈ જેવા નિયંત્રિત ક્ષેત્રોમાં મોટું રોકાણ કરી રહી છે. જે ખાસ કરીને યુ.એસ., મધ્ય પૂર્વ અને ભારતમાં, જ્યારે યુરોપિયન બજારમાં મંદીના કારણે ઓફશોરિંગ તકનો લાભ લઈ રહી છે.

# અદાણીની CNG ગેસકીટ ગાડીએ ઉડાવતા યુવકનું ઘટનાસ્થળે જ મોત

## અમદાવાદના મોદી પરિવારે એકનો એક દીકરો ગુમાવ્યો, કેમ્પ હનુમાનથી દર્શન કરી પરત ફરતો હતો

**અમદાવાદ, તા.14**

અમદાવાદનો 20 વર્ષનો યુવક તેના પિતરાઈ ભાઈ સાથે એક્ટિવા લઈને શાહીબાગ કેમ્પ હનુમાન ખાતે દર્શન કરવા ગયો હતો. ત્યાર બાદ શાહીબાગથી થલતેજ પોતાના ઘરે પરત જઈ રહ્યો હતો ત્યારે નારણપુરા પાસે યુવકને પાછળથી આવી રહેલા સીએનજી ગાસ્કેટ ગાડીએ ટક્કર મારી હતી.જેમાં એકટીવા ચાલક યુવકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે યુવકના પિતરાઈ ભાઈને સામાન્ય ઈજા પહોંચી છે.આ અકસ્માતમાં સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે.અકસ્માતમાં પરિવારે એકનો એક દીકરો ગુમાવ્યો છે.



થલતેજમાં આવેલી નિકિતા પાર્ક સોસાયટીમાં રહેતો વેદાંત મોદી તેના પિતરાઈ ભાઈ વ્રજ સાથે એકટીવા લઈને ગઈકાલે રાત્રે કેમ્પ હનુમાન ખાતે દર્શન કરવા માટે ગયો હતો.રાત્રે 10 વાગ્યાની આસપાસ વેદાંત અને વ્રજ એક્ટિવા પર મંદિરથી ઘરે પરત આવી રહ્યા હતા.ત્યારે નારણપુરા લાડલીના શોરૂમ સામેના રસ્તે એકટીવાને પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલી અદાણી કંપનીની ગેસકીટ ગાડીએ ટક્કર મારી હતી.

આ ટક્કર વાગતા જ વેદાંત અને વ્રજ એક્ટિવા સાથે પટકાયા હતા જેને કારણે વેદાંતને માથાના ભાગે ગંભીર ઈજા થતા સ્થળ પર જ મોત થયું હતું. જ્યારે વ્રજને હાથ પર ઈજા હતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. બનાવની જાણ થતા વેદાંતના પિતા મૌલિનભાઈ સ્થળ પર પહોંચ્યા હતા. આ મામલે બી ડિવિઝન ટ્રાફિક પોલીસે અકસ્માત મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. અકસ્માત બાદ ગાડી ચાલક ગાડી આગળ મૂકીને ફરાર થઈ ગયો હતો.

અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં પણ 13 ડિસેમ્બરના રોજ એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી હતી. અકસ્માતમાં મંદિર જતા વૃદ્ધને અજાણ્યા બાઈકચાલકે ટક્કર મારી હતી. ટક્કર વાગતાની સાથે જ વૃદ્ધ રોડ પર ઢળી પડ્યાં હતાં. જે બાદ તેઓને સારવારમાં ખસેડવામાં આવ્યા હતાં, જ્યાં ગંભીર ઈજાના કારણે તેઓનું મોત નીપજ્યું હતું.

# 'માથામાં લાકડાનો ધોકો-પેટમાં છરી મારી, બંને પગ અલગ કરી નાખ્યા'

## કલોલમાં પુત્ર સામે જ પિતાની તેના જન્મદિવસે હત્યા, પાંચ શખસે તલવાર-પાઇપથી પતાવી દીધા

**ગાંધીનગર, તા.14**

કલોલ રેલવે પૂર્વમાં માત્ર ત્રણ દિવસ જૂના એક સામાન્ય ઝઘડાની અદાવતમાં ગઈકાલે (13 ડિસેમ્બર) ની મોડી રાત્રે પાંચ જેટલા શખ્સોએ તલવાર, લોખંડની પાઈપ અને ધોકા જેવા ઘાતક હથિયારો સાથે હુમલો કરીને જાહેરમાં જ શ્રમજીવીની કરપીણ હત્યા કરી નાખી હતી. મૃતક 13 ડિસેમ્બરે તેમના જન્મદિવસની પાર્ટી મનાવી રહ્યા હતા, ત્યારે જ જૂની અદાવત રાખીને નવીન ઉર્ફે ભાણો સોલંકી, નયન ઉર્ફે કાભઈ સોલંકી સહિત પાંચ આરોપીઓ રિક્ષામાં ધસી આવ્યા હતા.

ખેંગારને રિક્ષાની ટક્કર મારી નીચે પાડી દીધા બાદ આડેધડ હુમલો કરી જીવલેણ ઈજાઓ પહોંચાડી હતી. પુત્રની નજર સામે જ પિતાને મોતને ઘાટ ઉતારી હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. આ મામલે કલોલ શહેર પોલીસે



પાંચેય આરોપીઓ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કલોલ રેલવે પૂર્વ ત્રિકમ નગરમાં રહેતા શ્રમજીવી ચેતન ઉર્ફે ચિરાગ અને તેના પિતા ખેંગારભાઈ સવાભાઈ પરમાર છૂટક મજૂરીકામ કરી ગુજરાન ચલાવે છે. ગત તા. 10મી ડિસેમ્બરના રોજ નજીક રહેતા અશોકજી ઠાકોરના દીકરાના લગ્નનો જમણવાર ચાલતો હતો. જેના કારણે ઘરની આગળનો રસ્તો થોડીવાર માટે બંધ કર્યો હતો. તે વખતે રાત્રિના નવેક વાગ્યે નવીન ઉર્ફે ભાણો અમૃતભાઈ સોલંકી તેનું બાઈક લઈ નીકળ્યો હતો.

જમણવાર ચાલતો હોવાથી રસ્તો બંધ કર્યો હોવા છતાં બાઈક લઈને નીકળતા ખેંગારભાઈએ બાઈક રોકીને ઠપકો આપતા બંને વચ્ચે ઝઘડો થયો હતો. બધાએ વચ્ચે પડી ઝઘડો વધુ ઉગ્ર થતાં અટકાવી દીધો હતો. જે બાદ ગઈકાલે 13 ડિસેમ્બરે ખેંગારભાઈનો જન્મદિવસ હોવાથી તેમના મિત્રો અશોકજી ઠાકોર અને ચીકાજી ઠાકોર સાથે જન્મદિવસની પાર્ટીનું અંડરબ્રિજના સર્વિસ રોડ ઉપરના ફૂટપાથ ઉપર આયોજન કર્યું હતું. આ દરમિયાન ચિરાગ અને તેનો મિત્ર કાંધલસિંહ કેકનો ઓર્ડર આપવા કલોલ બજારમાં ગયા હતા. જ્યારે જૂની અદાવત રાખીને નવીન ઉર્ફે ભાણો સોલંકી, નયન ઉર્ફે ટા ભાઈ સોલંકી, સોનુ મકવાણા, મનોજ મકવાણા અને અમૃતભાઈ સોલંકી એમ કુલ પાંચ આરોપીઓ એક રિક્ષામાં ઘટનાસ્થળે ધસી આવ્યા હતા. આરોપી મનોજ મકવાણાએ પહેલા રિક્ષાની ટક્કર ખેંગારભાઈને મારી તેમને નીચે પાડી દીધા હતા.

# દહેગામના રામનગરમાં તસ્કરોનો તરખાટ: બંધ મકાનના તાળા તોડી તિજોરીમાંથી રોકડ, સોના-ચાંદીના દાગીના સહિત 7.62 લાખની માલમત્તા લઈ ફરાર....

**ગાંધીનગર, તા.14**

દહેગામ તાલુકાના રામનગર ગામમાં એક ખેડૂત પરિવાર માતા-પિતાની સારવાર માટે અમદાવાદ ગયા હોવાનો લાભ ઉઠાવી બંધ મકાનને નિશાન બનાવીને તસ્કરોએ સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિત કુલ 7 લાખ 62 હજાર 500ની માલમત્તાની ચોરીને અંજામ આપ્યો હોવાની ફરિયાદ દહેગામ પોલીસ ચોપડે નોંધાઈ છે.

દહેગામના રામનગર ગામના મૂળ વતની ચંન્દ્રકાન્તભાઈ પ્રભુદાસ પટેલ નરોડા કઠવાડા રોડ પર આવેલા સારથી બંગલોમાં છેલ્લા દસ વર્ષથી રહે છે. જ્યારે તેમના માતા પિતા ગામમાં રહે છે. ખેતવાડીના કામકાજ અર્થે ચંન્દ્રકાન્તભાઈ દરરોજ ગામમાં આવતા રહેતા હોય છે.

જોકે છેલ્લા ચાર દિવસથી તેમના માતા-પિતા બીમાર હોવાથી તેઓ તેમને અમદાવાદ ખાતે પોતાની સાથે લઈ ગયા હતા. આથી રામનગરનું ઘર બંધ હતું. તેઓ ગત તા.12 ડિસેમ્બરના રોજ ગામના ઘરે તાળું મારીને નરોડા ગયા હતા. ત્યારે ગઈકાલે 13 ડિસેમ્બરે સવારે ચંન્દ્રકાન્તભાઈ તેમના માતા-પિતા સાથે ઘરે પરત ફર્યા હતા. જ્યાં મકાનના મુખ્ય દરવાજે તાળું ગાયબ અને દરવાજો અડધો ખુલ્લો જોઈ ચોંકી ઉઠ્યા હતા. બાદમાં તેમણે ઘરમાં જઈને જોતા પ્રથમ રૂમમાં ઘરવખરીનો સામાન વેરવિખેર હતો. બીજા રૂમમાં તિજોરી ખુલ્લી હાલતમાં હતી. અને તેમાં મુકેલો સામાન પણ અસ્તવ્યસ્ત પડ્યો હતો. જેથી ચંદ્રકાંતભાઈએ વધુ તપાસ કરતા તિજોરીમાંથી 4 બંગડી, 1 દોરો, 1 વીંટી, કાનની બુટ્ટી અને નાકની ચૂની સહિત કુલ રૂ.6,82,500ની કિંમતના સોનાના દાગીના તેમજ 5 હજાર રોકડા, 15 ચાંદીના સિક્કા, 1 કંદોરો, 1 જુડો, પૂજાના વાસણોનો સેટ અને ગણપતિજીની મૂર્તિ સહિત કુલ રૂ. 7 લાખ 62 હજાર 500નો મુદ્દામાલ તસ્કરો ચોરી ગયાનું માલુમ પડ્યું હતું. આ અંગે દહેગામ પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# જમવાનું બનાવતા બાટલો ફાટ્યો, 2નાં મોત

## 1 મહિલા સારવાર હેઠળ, અમદાવાદમાં મોડી રાતે ગેસ લિકેજ થતાં મકાનમાં ભીષણ આગ સાથે જોરદાર ધડાકા થયા

**અમદાવાદ, તા.14**

અમદાવાદના નારોલ વિસ્તારમાં કર્ણાવતી નગર પાસે આવેલા સત્યમ નગરમાં એક મકાનમાં મોડી રાત્રે જમવાનું બનાવતી વખતે ગેસ લીકેજ થવાના કારણે ભીષણ આગ લાગી હતી. બાદમાં ગેસનો બાટલો જોરદાર ધડાકા સાથે ફાટ્યો હતો.

આ દુર્ઘટનાના કારણે મકાનમાં રહેલો યુવક લાલો નરેશ સોલંકી (ઉ.વ. 19) અને યુવતી મહેવીશ સોલંકી(ઉ.વ 22) ગંભીર રીતે દાઝી ગયા હતા, જેમનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. જ્યારે અન્ય એક 40 વર્ષીય મહિલા ગંભીર રીતે દાઝી જતાં સારવાર હેઠળ છે.

ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની બે ગાડીઓ અને એમ્બ્યુલન્સ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને આગને કાબૂમાં લીધી હતી, પરંતુ બે લોકોના મૃત્યુને પગલે નારોલ પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

ફાયર બ્રિગેડ પાસેથી મળતી માહિતી મુજબ, નારોલ



વિસ્તારમાં આવેલા સત્યમ નગરમાં એક મકાનમાં આગ લાગી હોવાનો મેસેજ મળ્યો હતો. ફાયરબ્રિગેડની બે ગાડીઓ ઘટનાસ્થળ પર રવાના કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડ જ્યારે ઘટનાસ્થળ પર પહોંચ્યું ત્યારે ત્યાં ગેસનો બાટલો ફાટ્યો હતો, જેના કારણે આગ વધુ ફેલાઈ ગઈ હતી. આગને કાબૂમાં લેવા પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. મકાનમાં યુવક અને યુવતી દાઝી ગયા હતા. જ્યારે એક મહિલા બેભાન હાલતમાં હતી. જેને ફાયર બ્રિગેડની ટીમે બહાર કાઢી અને સારવાર અર્થે હોસ્પિટલમાં મોકલી આપી હતી.

ફાયર બ્રિગેડની ટીમ દ્વારા પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લઈ લેવામાં આવી હતી. ગેસનો બાટલો લીકેજ થતા આગ લાગી અને બાદમાં બાટલો ફાટતાં આગ વધુ પ્રસરી હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. હોસ્પિટલમાં સારવાર માટે મોકલવામાં આવેલા યુવક-યુવતીનું મૃત્યુ થયું હતું, જ્યારે 40 વર્ષીય મહિલા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. રાત્રે જમવાનું બનાવતી વખતે ગેસ લીકેજ થતા આગ લાગી હતી. સ્થાનિકોના ટોળા પહોંચી ગયા હતા, પરંતુ અંદર જઈ શકાય તેવી સ્થિતિ નહોતી જેથી બંનેને બચાવી શકાયા નહોતા.

# 16 બ્રિજ પર હાઈટ બેરિયર લગાવાની જાહેરાત હાલ પૂરતી મોકૂફ

## 3 કરોડનો ખર્ચ કરવાના હતા, AMCના અધિકારીઓનું અડઘણ આયોજન ખુલ્લું પડ્યું

**અમદાવાદ, તા.14**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદના જુના તમામ 16 બ્રિજ પર હાલ તાત્કાલિક હાઈટ બેરિયર લગાવવામાં આવશે નહીં તેવો સ્પષ્ટ નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદ શહેરના તમામ બ્રીજ પર હાઈટ બેરિયર લગાવવા મુદ્દે એક્સપર્ટના રિપોર્ટ બાદ જ આગળનો નિર્ણય લેવામાં આવશે. મ્યુનિસિપલ કોર્પોરેશનના બ્રિજ પ્રોજેક્ટના અધિકારીઓએ બ્રિજ પર ભારે વાહનો પસાર ન થાય તેના માટે બેરિયર લગાવવા માટેના રૂ. 3 કરોડના કામના ટેન્ડરને બહાર પાડ્યું હતું. જોકે હવે આ બાબતે એક્સપોર્ટનો અભિપ્રાય લેવાનું બહાનું આગળ કરીને અધિકારીઓએ પોતાના બચાવ માટે હાલ નિર્ણય મોકૂફ કરી પાછળથી ટેન્ડર રદ કરવા ના આપી હોવાનું જાણવા મળ્યું છે.



ગુજરાત હાઈકોર્ટ તથા રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં આવેલ તમામ બ્રિજ પર લોડિંગ ક્ષમતા દર્શાવતા ડિઝાઈન કેપેસિટી ઈન્ફોર્મેશન સાઈન બોર્ડ લગાવવાની તેમજ જુના બ્રિજ પર રીસ્ટ્રિક્ટેડ હાઈટ બેરિયર લગાવવાની સૂચનાઓ આપવામાં આવી હતી. આ અનુસંધાને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરની હદમાં આવેલા તમામ બ્રિજની સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી અને ફીઝીબિલિટી આધારે વિગતવાર ટેકનિકલ તપાસ હાથ ધરવામાં આવી છે.

AMC દ્વારા કરવામાં આવી રહેલી આ તપાસમાં દરેક બ્રિજની હાલની સ્થિતિ, તેની રચનાત્મક ક્ષમતા અને સલામતીના ધોરણો તપાસવામાં આવી રહ્યાં છે. હાઈટ બેરિયર લગાવવાનો કોઈપણ નિર્ણય એક્સપર્ટ એજન્સી દ્વારા આપવામાં આવતા રિપોર્ટ અને ભલામણના આધારે જ લેવામાં આવશે. આ ઉપરાંત હાલમાં હાઈટ બેરિયર લગાવવા અંગે કોઈપણ પ્રકારની એજન્સીની નિમણૂક કરવામાં આવી નથી.

રાજ્ય વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગની સૂચનાઓ અને મ્યુનિસિપલ કમિશનર દ્વારા પ્રોજેક્ટ રિવ્યુ મીટિંગમાં આપવામાં આવેલા દિશાનિર્દેશોના અનુસંધાને આ સમગ્ર પ્રક્રિયા અમલમાં છે. હાલમાં બ્રિજ એક્સપર્ટ સાથે પરામર્શ ચાલી રહી છે અને આ પરામર્શ પૂર્ણ થયા બાદ જ હાઈટ બેરિયર લગાવવાની બાબતે યોગ્ય અને અંતિમ નિર્ણય લેવામાં આવશે. અમદાવાદ શહેરના બ્રિજોની સલામતીને ધ્યાનમાં રાખીને કોઈપણ પગલું ટેકનિકલ તપાસ અને નિષ્ણાતોની સલાહ બાદ જ લેવામાં આવશે. અમદાવાદ શહેરના તમામ બ્રીજ પર હાઈટ બેરિયર લગાવવા મુદ્દે એક્સપર્ટના રિપોર્ટ બાદ જ આગળનો નિર્ણય લેવામાં આવશે. મ્યુનિસિપલ કોર્પોરેશનના બ્રિજ પ્રોજેક્ટના અધિકારીઓએ બ્રિજ પર ભારે વાહનો પસાર ન થાય તેના માટે બેરિયર લગાવવા માટેના રૂ. 3 કરોડના કામના ટેન્ડરને બહાર પાડ્યું હતું.

# રાજ્ય શાળા સંચાલકો FRC, પટ્ટાવાળાની ભરતીને લઈ સરકારને HCમાં પડકારશે...

**અમદાવાદ, તા.14**

રાજ્ય શાળા સંચાલક મહામંડળની વાર્ષિક કારોબારીની બેઠક મળી હતી. જેમાં રાજ્યભરમાંથી શાળા સંચાલકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં રાજ્યના શાળા સંચાલકો સરકાર સામે લડી લેવાની તૈયારી કરી છે. પટ્ટાવાળા, ક્લાર્કની ભરતી છેલ્લા ઘણાં સમયથી કરવામાં ન આવતા રાજ્ય શાળા સંચાલક મહામંડળ સરકારને કોર્ટમાં પડકારવાની છે. FRC સ્લેબમાં વધારવા મુદ્દે સરકારને કોર્ટમાં પડકારવા માટે કારોબારી બેઠકમાં ઠરાવ કરવામાં આવ્યો છે. અનેક વખત રજૂઆત કરવા છતાં સરકાર વિનંતીઓને ગ્રાહ્ય ન રાખતા કોર્ટમાં પડકારવા ઠરાવ કરવામાં આવ્યો છે. જ્ઞાન સેતુમાં 7 ટકા દરે દર વર્ષે વધારો કરાય છે તો FRC સ્લેબમાં પણ વધારો કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

છેલ્લા ઘણા વર્ષથી રાજ્ય શાળા સંચાલક મહામંડળ અલગ અલગ માંગણીઓને ધ્યાનમાં રાખીને સરકાર સમક્ષ રજૂઆત કરી રહ્યું છે.



પરંતુ સરકાર માંગણીઓ ન સ્વીકારવામાં આવતા રાજ્ય શાળા સંચાલક મહામંડળ લડી લેવામાં મૂડમાં આવી ગયું છે. રાજ્ય શાળા સંચાલક મહામંડળની વાર્ષિક કારોબારીની બેઠકમાં મહત્વપૂર્ણ ઠરાવ પસાર કરવામાં આવ્યા છે. સરકારને કઈ રીતે પડકારવામાં આવે તેને લઈને નિર્ણય કરવામાં આવ્યો છે. છેલ્લા ઘણા સમયથી રાજ્ય શાળા સંચાલક મહામંડળ પટ્ટાવાળા, ક્લાર્કની ભરતી કરવામાં આવે તેવી સરકાર સમક્ષ રજૂઆત કરી રહ્યું છે. પરંતુ છેલ્લા ઘણા વર્ષથી પટ્ટાવાળા અને ક્લાર્કની ભરતી કરવામાં ન આવતા તે કામ તે કામ શિક્ષક અથવા આચાર્યને કરવું પડતું હોવાનો શાળા સંચાલકોએ દાવો કર્યો છે. જેથી હવે રાજ્ય શાળા સંચાલક મહામંડળ સરકારને કોર્ટમાં પડકારવા બેઠકમાં ઠરાવ કરવામાં આવ્યો છે. રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓમાં ક્લાર્ક અને પટ્ટાવાળાની જગ્યાઓ ખાલી છે તે વહેલી તકે ભરવામાં તેવી માંગ સાથે હાઈકોર્ટના દ્વારા ખખડાવશે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599




